ચન્દ્રવદન અને ચન્દ્રકળા

સંસારિક દર્શન.

વિજ્ઞાપ્તિ.

આ સંસારીક દર્શન રા. રા. ચુનીલાલ હરકીશનદાસ કોમોડોર પાસે તેમનું લખેલું હમારા જોવામાં આવ્યું અને તે વાંચવા માટે તેમની પાસેથી હમે લીધું. વાંચી જોતા સ્વાભાવિક પ્રેરણા થઈ કે જો એ પુસ્તક બહાર પડે તો આર્ય બંધુઓને ઉપયોગી થાય. આ વિચારથી હમે છપાવવા માટે પુછયું, કે જેની એવણે હમને હા કહી. આથી હમો એમના ઉપકૃત છીએ.

વિશેષ, હમારો વિચાર એવો છે કે આર્યોને પ્રાચિન સમયમા ઉપયોગી થઈ પડે એવું લખાણ ચાલુ રાખી, તેમજ પ્રખ્યાત અંગ્રેજ રેનલ્ડ જેવાના હૃદય ભેદક પુસ્તકોનું સરળ ગુજરાતી ભાષાન્તર ઘણી જુજ કિંમતમા આપી આર્યોની સેવા બજાવવી. આ હમારો હેતુ ઇશ્વર પાર પાડે કે એ સેવા બજાવવા હમો શકિતવંત થઈએ.

વિક્રમાર્ક સં. ૧૯૫૦ } આર. એફ. એમ. રબરસ્ટાંપ કંપની.

૫૭૦૪

ચન્દ્રવદન અને ચન્દ્રકળા.

સંસારિક દર્શન.

ચુનીલાલ હરકીશનદાસ કોમોડોર કૃત.

છપાવી પ્રસિધ્ધ કરનાર

આર. એફ. એમ. રબરસ્ટેંપ કંપની

સુરત.

સંવત ૧૯૫૦ સને ૧૮૯૪.

ખોદાબક્ષ પ્રેસમાં

એમ. જે. પોરટવાળાએ છાપ્યું.

મૂલ ત્રણ આના.

श्लोक.

अल्पानामपि वस्तूनां संहतिः कार्यसाधका॥
तृणैर्गुणत्वमापन्नैर्बध्यंते मत्तदंतिनः॥

દોહરો.

અલ્પ વસ્તુજો હોય પણ, કાર્ય સમુહે થાય;
તરણાની દોરી થકી મદોનમત બંધાય.

અલ્પવસ્તુથી પણ મહાભારત કાર્ય થઇ શકે છે માટે નજીવી ગણી તેનો સજ્જનો અનાદર કરતા નથી.

ચંદ્રવદન અને ચંદ્રકળા.

સંસારિક દર્શન.

પ્રકરણ ૧ લું.

કિસનગઢ.

સર્પાકૃતિએ સુસવાટા મારી પ્રૌઢ ગિરિમાંથી પૂર્ણ વેગમાં વ્હેતી નિર્મળ જળવાળી પ્રેમસરીતા નામની નદિના કિનારા ઉપર કિસનગઢ નામે એક અતિ રમણીય શેહેર આવી રહ્યું હતું. શેહેરની આસપાસ ફરી વળેલો પથ્થરનો કોટ શત્રુથી રક્ષણ કરવા માટે જોઈએ તેવો હતો. બાર મ્હોટા બજાર અને બાર દરવાજાથી શેહેરનો દેખાવ સુન્દર લાગતો હતો. સુશોભિત ઈમારતોની સામસામી હારો આકાશ સાથે વાતો કરતી હોયની તેવો દેખાવ આપતી હતી. શેહેરના રસ્તા વિશાળ અને સપાટ હતા. રસ્તાની બન્ને બાજુએ અત્યંત કારીગરીથી નકશી કોતરેલા લોખંડના થાંભલા ઉપર રોશનીને માટે સુશોભિત ફાનસો રાખવામાં આવેલાં હતાં. શોભાયમાન દીવામાળાઓની બાંધણી પણ ઉત્તમ હતી. રાત્રીને સમયે જ્યારે તેમાં રોશની થતી ત્યારે નિઃશંક તેથી જોનારને આલ્હાદ સાથે જ્ઞાન મળતું હતું. જ્ઞાન મળવાનું કારણ યથાર્થ હતું. દીવાની ગોઠવણ એવી રીતની હતી કે તેમાં 'સત્ય' 'દયા' 'સ્વદેશાભિમાન' અને 'સ્વતંત્રતા' આદી શબ્દો વંચાતા હતા. વ્યાપારની રેલછેલથી માર્ગમાં મનુષ્યનો જમાવ ડગલે ડગલે હતો. આ શેહેરમાં ગાડી ઘોડાનો તો કંઈ પારજ નહીં હતો. પ્રાતઃકાળમાં સૂર્યના સુવર્ણ કીરણોથી પસરેલા તડકાનો સુશોભિત ગાલીચો પથરાઈ રહેતો હતો તે વેળાના દેખાવની ખુબી પણ એક ઓરજ હતી. હંસ, મોર, પોપટ, મેના, કોયલ, સારસ અને બપૈયા જેવા પક્ષીઓના મધુર સ્વર કાનને અતિ પ્રિય લાગતા હતા. તેમાં કોયલોના મનહર

મઃયનરૂપી ટોકાથી તો મનુષ્યની દલગીરી સત્વર ઉડતી હતી. સુવાસની વૃદ્ધિ કરનાર મોગરો, ચંપો, જૂઈ, જાઈ, કેવડો, પાંરિજાત, ગુલાબ, ગુલછડી, અને ગલગોટા આદિ ન્હાના પ્રકારના પુષ્પવૃક્ષોથી ભરપૂર બગીચા ચકલે ચકલે શોભતા હતા. જેમાં બ્રહ્મા, વિષ્ણુ, શિવ, પાર્વતિ, ગણેશ, ઇન્દ્ર અને યમાદિ દેવતાઓની તેજસ્વિ મૂર્તિઓ, તેમજ અનેક પશુ પક્ષીની આબેહુબ પ્રતિમા, અને સુશોભિત વેલ તથા જાળીઓ પૂર કળાથી કોતરેલી, એવા આરસના પથ્થરોથી બાંધેલો વિશ્રામઘાટ નામનો ઓવારો આ કિસનગઢની શોભામાં વૃદ્ધિ કરતો હતો. નગરની નાજુક નારીઓનાં ટોળાં ચળકતાં બેડાં લઈને પ્રેમસરીતાથી જતાં દ્રષ્ટિએ પડતાં હતાં. કન્યાશાળાઓમાં જતી બાળકાઓ પુસ્તકો લઈ સહચરી સાથે વાતે કરતી આનંદથી તેમ દોડતી હતી. પ્રેમસરીતામાં સ્નાન કરી નિર્મળ થઈ કેટલાંક સ્ત્રી પુરૂષો હાથમાં ફુલની છાબ લઇ દેવાલય તરફ જતાં જણાતાં હતાં. કોઇ સ્થળે હોમની પૂર્ણાહુતિ થતી હતી તો કોઇ સ્થળે યજ્ઞનો સમારંભ અને વેદની ધુમ મચેલી દ્રષ્ટિએ પડતી. ટુંકામાં એ શેહેરનો દેખાવ અને શોભા મનુષ્યને નિઃશંક આનંદ પમાડતાં હતાં અને એમાં પ્રવાસ કરનારને એ શેહેર છોડવાની ભાગ્યેજ ઇચ્છા થતી હતી.

પ્રકરણ ૨ જું.

રાજા કુમારપાળની રાજ્યનીતિ.

આ સ્વર્ગભૂવન જેવા કિસનગઢ ઉપર દિવ્ય કાન્તિવંત તેજસ્વિ ક્ષત્રીકુલદીપક, કુમારપાળ રાજા રાજ્ય કરતો હતો. આ સકુમાર પ્રૌઢપ્રતાપી રાજાની મુખાકૃતિ ઉપરથી સહજ કળી શકાતું કે---એનામાં યુદ્ધ સમયે શૂરત્વ, પ્રજા ઉપર દયા, ક્ષમા અને પુત્રસમ પ્રેમભાવ, ન્યાયમાં નિપૂણતા, શાસ્ત્રવિશારદ, ધર્મનિષ્ટા અને વાણીમાં સત્ય અને ચાતુર્યતા તેમજ પરોપકારાદિ ગુણોનો નિર્મળ પ્રવાહ, અહોરાત્રિ વહ્યા કરે છે. પોતાના પિતાના સમયમાં જે રાજ્ય વહીવટ ચાલતો હતો, તે કુમારપાળને કેવળ

અપ્રિય અને પ્રતિકુળ લાગ્યાથી, તેણે રાજ્ય કારભાર ચલાવવા માટે એક ન્યારોજ માર્ગ ગૃહણ કર્યો હતો. અમલ કસુંબામાં ચકચૂર થઇ, પ્રજા પીડ ઉપર અલક્ષિત થઇ પોતાની મૂખ્ય ફરજથી વિમૂખ રહી, જનાનખાનાનાં દેભવમાં વખતની આહૂતી આપવા જેવા, પોતાના પિતાના આ કલંકિત અવગુણ, કુમારપાળને ક્યાંથી યોગ્ય લાગે? મહાન પ્રતાપી કુમારપાળના હાથમાં તેના પિતાના ગત થવાથી રાજ્યની લગામ આવ્યા પછી, તેણે પોતાની પ્રજાના દીર્ઘ સૂખાર્થે, રાજ્યમાં જે જે ફેરફારો કર્યા હતા, તે કેવળ સ્તુતિપાત્ર હતા. ખટપટી અને રૂશ્વતખોર કારભારીઓને તેણે પોતાની હદપાર કરાવ્યા. અને તેને બદલે પ્રદેશથી વિદ્વાન, નિપૂણ, કુશળ, સત્યમાર્ગિ વીર પુરૂષોને બોલાવી તેઓને યોગ્ય અધિકાર આપ્યો. યોગ્ય અધિકાર આપીને આ તેજસ્વી કુમારપાળ શાન્ત બેઠો નહીં: પણ તેઓનાં કામકાજ અને વહીવટ ઉપર ગુપ્ત રીતે તપાસ અને દેખરેખ રાખતો હતો. દૈવયોગે કોઈએ અન્યાય કીધેલો માલુમ પડતો, તો તેને યોગ્ય શિક્ષા આપતો હતો. નગરવાસી જનોની સ્થિતિ ઉપર તે પૂર્ણ લક્ષ દેતો હતો; તેમજ તેને નગરચર્ચા સાંભળવાનો પણ અત્યંત શોખ હતો. પોતાના પિતાના વખતમાં ચાલતા રાજ્યકારભારથી પ્રજામાં ચોરી, વ્યભીચાર, ધર્મભ્રષ્ટતા ઇત્યાદિ જે જે દુરાચરણો વધી પડયાં હતાં, તેને આ સર્વ ગુણ સંપન્ન કુમારપાળની રાજ્ય પદ્ધતિએ નિર્મૂળ કરી નાખ્યાં હતાં. અહિંસા ધૈર્યતા, ક્ષમા, શમ, દમ. ઈન્દ્રિનિગ્રહ, શૌચ, વિવેક, મર્યાદા, વિદ્યા. સ્વદેશાભિમાન, સત્ય, અક્રોધ, અને ઈશ્વરભક્તિ આદિ શ્રેષ્ઠ ગુણોનો ભાસ, આ કુમારપાળના પ્રયત્નથી પ્રજા ઉપર પડવા માંડયો, અને તેથી કરીને સર્વ સ્થળે સુખાકારી અને આનંદ વ્યાપી રહ્યાં, એટલુંજ નહીં પણ પ્રજામાં સંપ અને ઐક્યતાએ પોતાના દર્શન દીધાં. અંતરની લાગણીથી આ કુમારપાળ રાજાની આબાદી અને દીર્ઘાયુ માટે, સર્વ પ્રજા પરમાત્મા પ્રત્યે નિરંતર પ્રાર્થના કરતી, અને કદિ તેની પ્રકૃતિમાં સહજ પણ બીગાડ સાંભળતી, તો તેઓમાં મહા શોક સર્વ સ્થળ વર્તી રહેતો હતો. પ્રૌઢપ્રતાપી કુમારપાળના અપ્રતિમ ગુણ ગૌરવને માટે કિસનગઢની સકળ પ્રજા શ્રધ્ધા-ભક્તિ કરતી હતી; કેમકે આ કુમારપાળના સામ્રાજ્યમાં તુચ્છ વસ્તુએ

ઉપર અસર કરના બોજા નહીં પડતા હતા. જ્યાં અન્ન અને દાંતને વેર, તેવી સ્થિતિવાળા મનુષ્યનાં હૃદય ઉપર બળાત્કાર રૂપી શસ્ત્ર મૂકી, તેઓના અંતરથી નીકળતા નિઃશ્વાસ અને હૃદય ભેદક દુઃખક્રાન્ત ઉપર નજર ન રાખતાં, અસહ્ય કરભાર કદિ નહીં મુકાતા હતા. નજીવા ન્યાયને માટે પ્રજાને લાખો રૂપીઆની હાની નહીં થતી હતી; અને વર્ષોના વર્ષો ગત નહીં થતાં હતાં. જે ન્યાય રાજા કુમારપાળ તરફથી તેની પ્રજાને મળતો હતો, તે સ્વચ્છ, નિર્મળ અને શંકારહિતજ મળતો હતો; લાંચીયા અને રૂસ્વતખોરા તેનાં રાજ્યમાંથી શોધ્યા પણ નહીં મળતા હતા. ધન્ય છે આ મહાન પ્રતાપી રાજાની રાજ્યનીતિને ! રાજ્યના જે ધારા ઘડવામાં આવતા તે પ્રજાને રૂચતાજ ઘડાતા; અને તેથી પ્રજાને લેશમાત્ર પણ દલગીર થવાનું કારણ મળતું ન હતું. રાજ્યકીય કારભારી અને અધિકારીઓ પણ તેના જેવાજ નિપુણ અને દયાળુ હતા. ટુંકામાં આ તેનાં સર્વોત્કૃષ્ઠ ગુણ ગૌરવને લીધે, તેની પ્રજા એકે દૂનીએ તેનું શુભ ઇચ્છી, તેના સંકટ સમયે પ્રાણાર્પણ કરવા તત્પર થતી, એમાં શું આશ્ચર્ય ! દેવી સ્વતંત્રતાની પૂર્ણ કૃપા આ કિસનગઢના પ્રત્યેક ખુણામાં પ્રકાશિત હતી. બલિહારી હતી આ પ્રભુ કાળનીજ.

પ્રકરણ ૩ જું

હરિવદન અને હસમુખ.

આ રળીઆમણાં શહેરમાંના એક મ્હોલ્લામાં હરિવદન કરીને એક ગ્રહસ્થ રહેતો હતો. આ માણસની વય લગભગ ચાળીશ વર્ષની હતી, અને હસમૂખગવરી કરીને તેને એક સુન્દર સ્ત્રી હતી. આ સ્ત્રી સ્વભાવે શાન્ત, સુશિલ, હસમૂખી, નમ્ર તથા ઉદાર મનની હતી. પતિવ્રતપણાનો અર્થ, એ બાઇ પૂરે પૂરો સમજતી હતી. પ્રાતઃકાળે સૂર્યોદય પહેલાં ઉઠી, દંતધાવન કરી પ્રેમસરીતામાં સ્નાન કરી આવી, નિત્ય નિયમમાં ઈશ્વર સ્મર્ણાર્થે પોતાનો કેટલોક વખત ગાળતી. પછી પોતાના પતિને ઉઠવાનો સમય થતાં, મધુર સ્વરથી યોગ્ય શબ્દોચ્ચાર કરી તેને

જગાડે, અને પ્રેમ સહીત દાતણ પાણી રજુ કરે. હરિવદનને સ્નાન કરવાની વેળા થઈ કે વસ્ત્રાદિ સાહિત્ય તેને આપે. પછી હરિવદન એક ચિત્તથી ઇશ્વરસ્તુતિ કરે. પ્રાતઃકાળમાં છ વાગતામાં આ ખટકર્મથી મુક્ત થઇ, તે વિદ્યા, ધર્મ અને જ્ઞાનનાં પુસ્તકોનું અધ્યયન નવ વાગતા સુધી કરતો. હસમુખ પાકશાસ્ત્રમાં ઘણી કુશળ હતી તેથી સ્વાદિષ્ટ રસોઈ સહજ વારમાં તૈયાર કરતી હરિવદન પોતાના કામથી ફારગ થયો, એટલે પણે જમવાની વેળા પણ થઈજ હોય, તેથી ત્યાં જાય. હસમુખ પૂર્ણ પ્રેમથી તેને પીરસે અને આગ્રહથી તેને જમાડે. જમી રહ્યા કેડે પાન સોપારી આદિ મૂખવાસ આપે. હરિવદન પોતાનું પોષણ કરી શકે એટલા પગારની સરકારી ચાકરીમાં રહ્યો હતો, એટલે કચેરીનો વખત થતાં ત્યાં જાય; અને હસમુખ કામકાજથી પરવારીને ધર્મપુસ્તકોનું અધ્યયન કરે. ઈશ્વર ઉપર પૂર્ણ આસ્તા હસમૂખને હતી તેથી, નવરાશનો વખત નકામા ટાહેલાં અને લોકોની કુથલીમાં ગાળવાને બદલે, ધર્મ અને નીતિના પુસ્તકોમાં પોતાનુ ચિત્ત યથાસ્થિત લગાડતી; તેમજ સિવવા ભરવા અને ચિતરવાનાં કામમાં પણ ઘણી પ્રવીણ હતી, એટલે તેને પોતાનો કાળ કેમ જગે, એ વિષેની ફીકર નહતી. અહલ્યા, તારા, દ્રૌપદિ, સીતા, તથા મંદોદરીને પગલે ચાલવા તે અહોનિશ પ્રયત્ન કરતી હતી, કેમકે તેમનાં જન્મચરિત્રોએ હસમુખનું મન પોતાની તરફજ ખેંચ્યું હતું. સાયંકાળે હરિવદન કચેરીએથી આવે એટલે તેને ખાવાનું અને શીતળ જળનો લોટો પૂર્ણ પ્રેમથી આપે. પછી તેઓ ધર્મ અને નીતિના પુસ્તકો ઉપર કેટલોક વખત સુધી વિવેચન કરતાં.

આ પ્રમાણે એ યુગ્મ અત્યાનંદમાં દિવસનિર્ગમન કરતું, પણ અફશોચ! દૈવયોગ એવો હતો કે, હરિવદનની પાકી ઉમ્મર થયા છતાં પણ સંતતી બીલકુલ ન હતી. આથી કોઈ કોઇ વેળા હસમુખનાં હૃદય ઉપર શોકરૂપી પટ પડતો હતો, પણ ધૈર્યવાન અને જ્ઞાની હરિવદન તેમાંથી તેને મુક્ત કરવા, બોધરૂપી જળ છાંટી શાન્ત કરતો હતો. "ધૈર્યતાનું ફળ પ્રભુ આપે છે" આ કહેવત સત્ય ઠરી. જે નિષ્કામ ભક્તિ અને પરમાત્માનું નિર્મળ મનથી સ્તવન, આ ધાર્મિક જોડું કરતું હતું, તે સર્વજ્ઞ ઈશ્વર

કલ્પવૃક્ષે તેના ઉપર કૃપા કરી, અને તેથી હસમુખને રૂડો અવસર જોવાનો દિવસ નજીક આવ્યો. આથી તેનું વદન એક જૂદાજ પ્રકારનું થઇ રહ્યું, અને તેના અંગમાં ઉમંગને રહેવાને પૂરતો ઠામ પણ મળી શકતો નહીં. હે પ્રીય વાંચનાર, જો કે હસમુખને આટલો બધો હર્ષ વ્યાપ્યો હતો તોપણ, હાલમાં જેમ કેટલીક સ્ત્રીઓ સિમન્ત વખતે સ્વચ્છંદે ગીતો ગાઇને, ધણીનાં માતપિતા આદિને હલકા શબ્દોથી અપમાન આપે છે, તેમજ ગીતોમાં ખોટી બડાઇ હાંકે છે અને એ વિનાં બીજાં ઘણાં નિર્લજ ગીતો ગાય છે. તેમ તેણે કશું પણ થવા દીધું ન હતું, તેમજ વાઘ બનાવવાનો (નખથી શિખા સુધી ઘરેણાં માગી આણીને પણ પહેરવાં અને માંડણ કઢાવવા જેવો) કઢંગો રિવાજ છે તે પણ તેને પસંદ ન હતો; પણ માત્ર ધર્મ પ્રમાણે જે ક્રિયા કરવાની હતી, તેજ કીધી હતી. આ વિચાર હસમુખનાં જ્ઞાનને છાજે તેવોજ હતો.

પ્રકરણ ૪ થું.

ચંદ્રવદનનો જન્મ અને બાલ્યાવસ્થા.

હવે હસમુખગવરીએ પૂરા નવ માસે પુત્ર પ્રસવ થયો. પુત્રની કાન્તિ એવી તો હતી કે પુનમનો ચંદ્ર પણ તેને જોઇને લજ્યા પામીને સતાતો હતો; અને ગુલાબના ફુલને પણ તેના ગાલ ઉપરની લાલ સુરખી જોઈને અદેખાઇ આવતી હતી! ધન્ય છે પ્રભુની લીલાને! પુત્ર દિવસે ન વધે એમ રાત્રે વધવા માંડયો. ચંદ્રના જેવી કાન્તિ હોવાથી હસમુખે લાડમાં તેનું નામ ચંદ્રવદન પાડ્યું. આ પુત્રને જોઇ તેનાં સગાંવહાલાંને અતિશય આનંદ ઉપજતો હતો. ચંદ્રવદનનું લોહી મીઠું હતું તેથી અણજાણ્યા માણસોને પણ તેના ઉપર પ્રેમ આવે, તો પછી તેના માતપિતાના પ્રેમની તો વાતજ શી કરવી! હસમુખનું મન પુત્રને જોઇને અત્યંત પ્રફુલ્લિત રહેતું હતું, તેમજ હરિવદનનો પ્રેમ પણ ઉરમાં સમાવવો કઠણ હતો. પોતાની વૃદ્ધાવસ્થામાં પરમ કૃપાળુ પરમેશ્વરે એક આશાના અંકુરની બક્ષિસ કીધી, તે

સમાન તેને વધારે આનંદ શાથી થતે! આ દુનિયામાં માણુસને પુત્ર સમાન કાંઈજ નથી; કારણકે પ્રસંગે માણુસ પુત્રને માટે પોતાનો પ્રાણ આપવા તૈયાર થાય છે, તો આવા એક મનોહર પુત્રની બક્ષિશ પોતાની વૃદ્ધાવસ્થામાં ઈશ્વરે કીધી તેથી હરિવદનને એટલો આનંદ થાય એમાં શું આશ્ચય?

હવે એમ કરતાં ચંદ્રવદનની વય પાંચ વર્ષની થઈ. જોકે માતપિતાના ઉમંગનો તો સીમાજ ન હતી, તોપણ જેમ હાલની પ્રજામાં, કેટલાંક બાળકો માતપિતાના લાડમાં ઉછરી ધુળમાં રખડવું, દુર્વ્યસનમાં પડવું, અનીતિને રસ્તે ચાલી નીચ જાતીનાં ગંદા છોકરાંની સોબત કરવી અને એવીજ ન્હાના પ્રકારની બાળચેષ્ટા કે જે આગળ જતાં મ્હોટપણમાં તેજ છોકરાંઓનો ભોગ થઇ પડે છે, તેમાં નિઃમગ્ન રહેવાનું શીખે છે, તેમ આ ચંદ્રવદનને ન હતું; કારણ કે હરિવદન અને હસમુખની, એવી ટેવ ન શિખે તે માટે તેના ઉપર પુર્ણ કાળજી હતી. હસમુખ જાતે ઘણી સુઘડ હતી તેથી, તે પોતાના પુત્રની સુઘડતા સારી રીતે રાખી શકતી હતી. દિવસમાં બે ત્રણ વેળા તેનું શરીર સાફ કરતી, અને હલકાં પણ સ્વચ્છ, કપડાંથી તેને શણગારતી હતી. ઘરમાં તેને નીતિ અને ધર્મનો ઉપદેશ પણ તેની શકિત મુજબ આપતી હતી.

હાલમા ન્હાનાં બાળકો તરફ સ્વધર્મ માટે માબાપની જોઈતી કાળજી હોતી નથી. તેથી તેઓ જેમ નજરમાં આવે તેમ વર્તે છે અને તેથી તેનો દોષ, અન્ય ભાષા અને રાજ્ય કર્તાપર અયોગ્ય રીતે મૂકાય છે. એમાં ભાષા અને રાજ્યકર્તાને કંઈજ સંબધ નથી; કારણકે જો બાળકને ન્હાનપણથીજ સ્વધર્મ અને નીતિનું જ્ઞાન અપાતું હોય, તો મ્હોટપણમાં તે સ્વધર્મી અને નીતિને માર્ગે ચાલનાર થાય એમાં શું આશ્ચર્ય છે? બાળકો ઉપર મુખ્ય દેખરેખ તેના માતપિતાનીજ હોવા જોઈએ. નિશાળમાં ગુરૂના બોધથી એક બાળક, જેટલું જલદી શિખી નથી શકતુ તેટલું પોતાના ઘરમાં માબાપ જેમ કરે તે જોઇને કેટલુક શિખી શકે છે. માટે જો બાળકને સુધારવું હોય તો બેશક તેનાં માબાપે પણ જાતે સુધારવાનું છે. "કહેવા કરતાં કરી બતાવવાની અસર જલદીજ થાય છે." માબાપ ધર્મીષ્ટ અને નીતિને માર્ગે ચાલનાર હોય છે તો

તેનાં છોકરાંઓમાં પણ તેવા ગુણ આપોઆપ આવે છે, અને જો મા બાપ અનીતિવાન દુર્વ્યસની હોય છે તો તેનાં છોકરાંને તેવી અસર થતાં વાર લાગતી નથી. કહેવત છે કે "દેખ દેખે અને શિખ શિખે" તે પ્રમાણે થાય છે. પણ એ વિષેનું અંધારૂં આપણામાં હાલ ઘણે ઠેકાણે જોવામાં આવે છે, માટે માતપિતાએ આ બાબત ઉપર કાળજી રાખવી યોગ્ય છે. બાળકને બચપણથી જેવો બોધ આપીએ તેવી તેને જલદી અસર થાય છે પણ તેને બદલે એમ આશા રાખીએ કે-મોટું થયા પછી સઉ શિખશે; તો અંતે પરિણામ માઠુંજ થવાનું. કુમળું ઝાડ જેમ વાળીએ તેમ વળી શકવાનું પણ મ્હોટું થયા પછી વાળવા જઈશું તો તે ભાંગ્યા વિના ભાગ્યેજ રહેશે. માટે ન્હાની વયનાં છોકરાંઓના મનપર જલદીજ અસર થવાની. આ વિષે પણ જેટલું લખવા માગીએ તેટલું લખી શકાય એમ છે પણ હવે આપણે મૂળ વાત ઉપર આવવું યોગ્ય છે.

પ્રકરણ ૫ મું.

કેળવણી અને જ્ઞાન.

જ્યારે ચંદ્રવદન સાત વર્ષનો થયો ત્યારે તેને અતિ ઉલટથી નિશાળે બેસાડયો. ચંદ્રવદન જેમ દેખાવડો હતો તેમજ તેનામાં ચંચળાઈ પણ કંઇ કમી ન હતી. મ્હેતાજી એકવેળા બતાવે એટલે તેના મનમાં તરત ઠસી જતું હતું. ત્રણ વર્ષમાં તો તે હિસાબ નામાં અને આંક સારી રીતે શિખ્યો. પછી હરિવદને તેને સરકારી નિસાળ કે જે રાજા તરફથીજ સ્થપાયલી હતી ત્યાં મૂકયો. ચંદ્રવદન જો કે આવો ચાલાક અને ચપળ હતો તોપણ ભણાવવા પછાડી તેના માતપિતાની કંઈ ઓછી કાળજી ન હતી. દરરોજ તેને પ્રાતઃકાળે પાંચ કલાકે ઊઠીને દાતણ પાણી કરી ન્હાઈ ધોઈને ઈશ્વર સ્તુતિનો જે માર્ગ માતપિતાએ બતલાવ્યો હતો તે પ્રમાણે કરીને પોતાના અભ્યાસમાં લાગુ રહેવાની ટેવ પાડી હતી. નિયમિત વેળાએ નિયમિત કામ કરવું, એ બાબતનો તેને સારો ઉપદેશ કરવામાં આવ્યો હતો; તેમજ ન્હાનપણથી તેને સ્વધર્મનો જે બોધ

કરવામાં આવતો તેપણ ઘણુંજ લાભકારક હતું. પ્રિય વાંચનાર, આવા દાખલા હાલના વખતમાં કેટલા નીકલશે ? અને નીકળશે તો તેઓ કેટલા સુખી હશે તેનો વિચાર કરવો હું આપના ઉપરજ રાખું છું.

ચંદ્રવદને સરકારી નિશાળે પણ સારી મ્હેનત લઇને જલદીથી ગૂજરાતી ભાષાનું પણ સારૂં જ્ઞાન મેળવ્યું. હરિચંદ્રને જાણ્યું કે ગૂજરાતી ભાષાનું હવે તેને ઠીક જ્ઞાન થયું છે તેથી સંસ્કૃત આદિ બીજી ભાષા શિખવવા માટે તેને બીજી નિશાળમાં મુકયો. ઇશ્વર કૃપા અને પોતાની પૂર્ણ કાળજીથી ચંદ્રવદનને, ત્યાં પણ કઇ કઠણ પડયું નહીં સાત વર્ષમાં તો તે સંસ્કૃત અને અન્ય ભાષા સારી રીતે લખી શકતો અને બોલી જાણતો. નિશાળમાં સારો અભ્યાસ કરીને તે હંમેશ પોતાના શિક્ષકને પ્રસન્ન રાખતો, અને તેથી શિક્ષકનુ મન પણ તેના ઉપર બેચાએલુંજ રહેતું હતું. જે નિશાળમાં ચંદ્રવદન શિખતો હતો ત્યાં એક દક્ષણી શિક્ષક હતો. ચંદ્રવદનના અભ્યાસથી તેપણ તેના ઉપર બહુ પ્રસન્ન રહેતો હતો. ચંદ્રવદનમાં સમજ શક્તિ, બોલવા ચાલવાની ઢબ અને લાયકી સારી હતી તેથી તે શિક્ષકે પોતાના પુત્રને ગુજરાતી શિખવવા માટે તેને દશ રૂપીઆના પગારથી રાખ્યો હતો. આથી તેને પૈસા તરફની મદદ મળવા લાગી એટલુંજ નહીં પણ મરેઠી ભાષાનું પણ તેને સારૂં જ્ઞાન થઇ ગયું.

જોકે ચંદ્રવદનને પણ પોતાનાં કામ ઉપરાંત આ એક શિખવવા જવાનું કામ વધ્યું હતું તોપણ તેણે પોતાનાં કામનો વખત એવો બાંધ્યો હતો કે તેને કોઇ પણ રીતની અડચણ પડતી નહીં. પ્રાતઃકાળે પાંચ કલાકે ઉઠી નિત્યના કામથી પરવારી છથી નવ સુધી પોતાનો અભ્યાસ કરે, પછી જમીને દશ વાગતે નિશાળે જાય. નિશાળેથી ચાર વાગે જેવો ઘેર આવ્યો કે સ્વચ્છ થઇ સેજસાજ ખાવાનું ખાઇને તરત પોતાના બે સહૃમિત્રો સાથે બાગ જેવી ખુલ્લી અને સ્વચ્છ હવાના લાભ માટે ફરવા જતો. તેમજ પોતે અંગકસરત માટે જેટલો વખત ઠરાવેલો તેટલો તેમાં ગાળતો. એમ કરી કસરત અને હવા માટે બે કલાક લેતો. આ બે કલાક કંઇ નકામા નહીં હતા. આખો દિવસ કામથી કંટાળેલા મનને આરામની

જેમ જરૂર છે તેમજ શરીરની તન્દુરસ્તીને માટે ખુલ્લી હવાની પણ જરૂર છે. શરીરના કેટલાએક વ્યાધી ખુલ્લી હવાથી દૂર થાય છે તેમજ નવા થતા અટકે છે. ચંદ્રવદનને સ્વચ્છ હવા તથા અંગ કસરતથી થતા ફાયદાની માહિતી સારી હતી. વળી તે સાત વાગતા સૂધી પેલા શિક્ષકના છોકરાને શિખવતો હતો; અને દશ વાગતા સૂધી પોતાનો અભ્યાસ કરી આરામ લેતો હતો. ચંદ્રવદનને દસ રૂપીઆ મળતા હતા તેથી તેને ઘણોજ ટેકો મળતો હતો. નિશાળનો પગાર અને પુસ્તકોનો ખરચ જે પોતાના પિતા પાસે માંગવો પડતો હતો તેમ હવે કરવાની તેને જરૂર રહી નહીં હતી. હવે ઉપર કહ્યા પ્રમાણે તેણે સાત વર્ષમાં સંસ્કૃત આદિ એક બે બીજી ભાષાનું પણ સારી રીતે ગ્યાન મેળવ્યું. આણી તરફથી હુરિવદન એવો શકિતવાન ન હતો કે પોતાના પુત્રનો અભ્યાસ ભારે પગાર ખરચી અગાડી ચાલુ રાખે. તેમજ પોતાનું ગુજરાન કરી શકે એટલું ગ્યાન તો તેણે મેળવ્યું હતું તેથી ચાકરીએ વળગાડવાનો નિશ્ચય કરી ચંદ્રવદનને નિશાળેથી ઉઠાડયો.

ચંદ્રવદને ધાર્યું કે ચાકરી મળતાં સૂધી ઘરમાં બેશી રહીને કરવું શું ? વિચાર કરતાં તેણે નિશ્ચય કર્યો કે જેમ બને તેમ સ્વભાષાનું ગ્યાન વધારવું. ચંદ્રવદનનો આ વિચાર સ્તુતિપાત્ર હતો. કેમકે જેમ હાલમાં કેટલાક ફાંકડા અને ઇશકી જુવાનો સેજસાજ અંગ્રેજી બોલતાં આવડયું કે ભણીને પંડીત બન્યા એમ સમજે છે; તેમજ પોતાની ભાષાનું પૂરૂ ઠેકાણું નહીં છતાં તેને છોડી અંગ્રેજીને વળગે છે તેથી આખરે બન્ચેમાંથી રખડે છે; તે છતાં પણ તેઓ પોતાનો ખાલી ભપકો અને ઉપરનો ઠાઠમાઠ (જેવો કે બુટ મોજાં ફેહેરી વાંકી બાંયનાં આલ્પાકાના ડગલા ચડાવી હાથમાં લાકડી કે રૂમાલ લઈ અને દેખતી આંખે આંધળા થવા શોખને ખાતર ચશ્માં લટકાવી પછી તેની સાથે કહો કે કદાચ હાથમાં તપખીરની દાબડી અને તે નહીં તો ખીસામાં દીવાસળીની પેટી અને પાંચ દશ બીડીનાં ઠુંઠાં રાખી, પુસ્તકશાળાઓમાં જઈ સ્વભાષાનું પણ ઠેકાણું નહીં છતાં પરભાષામાં લખાયલાં વર્તમાનપત્રો લાંબા પ્હોળા કરી જવાનું અથવા તો નદિને ઘાટે કે કોઈ તેવીજ જગ્યાએ બે ચાર ટોળે મળી રસ્તે જતા આદમીની મશ્કરી કરવાનું અને ખોટી હાહા હીહી કરવાનું) છોડતા નથી

તેમ આ ચંદ્રવદનને કરવું નહીં ગમતું હતું; તેથી તેણે પોતાના વિચાર મુજબ, શિખવવા જતાં જે પૈસા મળતા હતા તેમાના બચેલા પૈસામાંથી રઘુવંશ, કુમારસંભવ, મેઘદૂત, ઇસપનીતિ, બોધવચન, મનુસ્મૃતિ, ગીતા, ઉપનિષદ, વિદૂરનીતિ, પંચતંત્ર, શકુન્તલા, મધુમાલતિ, સ્વદેશહિત, મુગ્ધાધર્મ દંપતિવિલાસ, બાળબોધ, પ્રેમવિલાસ, હરિશ્ચન્દ્રાખ્યાન અને વૈદક સંબંધીનાં સંસ્કૃત તથા પ્રાકૃત ભાષામાં લખાયલાં પુસ્તકો ખરીદ કર્યાં, અને તેનુ અધ્યયન કરવા માંડ્યું. આ પુસ્તકો વાંચ્યાથી વધારે ખીલતી ગઇ ચંદ્રવદનની અક્કલ, સારી રીતે થવા લાગ્યું તેને દુનિયાદારીનું ભાન, યથાર્થ સમજવા લાગ્યો તે શબ્દાર્થ અને મર્માર્થ, તેમજ સારી રીતે વધી પડી તેની બોલવાની છટા.

પ્રકરણ ૬ ઠું.

ગુણ અને પ્રશંશા.

કિસનગઢ જેવા શેહેરમાં નીતિઉપદેશક, ધર્મોપદેશક, સ્ત્રી જ્ઞાનવર્ધક અને સ્વદેશહિતવર્ધક જેવી મંડળીઓ ઘણી હતી, તેમા ચંદ્રવદને હવે પ્રવેશ કરવા માંડયો. આવાં પુસ્તકો વાચવાથી સ્વ-દેશહિત, સ્વધર્મ પરોપકાર અને યોગ્ય સ્ત્રી કેળવણી જેવા વિષયો ઉપર તેનુ મન પૂર્ણ વેગમાં ખીલવા માંડયું. આના સાથે તેણે કેટલુંક વૈદક સબંધી પણ જ્ઞાન મેળવ્યું હતું. ચંદ્રવદનમાં જાહેર સભાઓમાં ભાષણ આપવાની શક્તિ પણ સારી વધી પડી હતી, અને તેની બોલવાની છટા અને અસરકારક ભાષણોથી સભા ચિ-ત્રની પેઠે સ્તબ્ધ થઈ રહેતી, તેમજ પ્રત્યેક મનુષ્યનું મન તેના તરફ ખેંચાયલુંજ રહેતું હતું. ચંદ્રવદનનાં આવા ગુણોથી તેને સ્ત્રી જ્ઞાનવર્ધક સભાનો પ્રમુખ ઠરાવ્યો. ન્હાની વયથીજ તેનાં પો-બાર પડવા માંડયા. શેહેરમાં તેની સદ્દવાર્ત્તા ચાલવા લાગી, અને તેની ખ્યાતીએ દેશપ્રદેશ પગલાં ભરવા માંડયા. ચંદ્રવદનને બાળ લગ્નાદિ અઘટિત રિવાજો ઉપર ઘણોજ તિરસ્કાર હતો; પણ તે સુધારાના સ્તભ તરીકે ખોટો ડોળ દેખાડવાને બીલકુલ ચ્હાતો નહતો. જે પ્રમાણે તે બીજાને કહેતો હતો, તે પ્રમાણે પોતે વ-ર્તતો હતો. બાળલગ્નથી હેરાન થતાં સ્ત્રી પુરૂષોના દાખલા તેણે ઘણા જોયા હતા. તેમજ આગળના વખતમાં સ્ત્રી પુરૂષોએ જ્ઞાન મેળવી, પોત પોતાની યોગ્ય ઉમરે પોતે જોડ બાંધેલીનાં દાખલા પણ તે ભૂલ્યો ન હતો. જેની સાથે જીંદગી સુધીનો સંબંધ રહેલો છે, તેવી સ્ત્રી મેળવવી, એ કામ કંઈ બજારમાંથી પૈસા આપીને

એક ચીજ ખરીદ કરવા જેવું નથી, એમ તે સમજતો હતો. તે સારી રીતે જાણતો હતો કે પ્રીતિમાં પારકી પરખ તદન નકામીજ છે જૂદા જૂદા વિષયો ઉપર ચંદ્રવદને આપેલાં ભાષણો, લોકોનાં હૃદયને અત્યંત અસરકારક થઇ પડયાં હતાં. જેમ પાણીના પ્રવાહથી શિલાઓ જેવા કઠણ પદાર્થો ઘસાઇને તેની રેતી જેવી મૃદુ મરજે થઇ જાય છે, તેમ ચંદ્રવદનનાં અસરકારક ભાષણોથી સખત હૈયાનાં-પ્હાડી મનનાં મનુષ્યોનાં હૃદય કદલીગર્ભસમ કોમલ થઈ ગયાં હતાં. કીર્તિઅભિલાષાનો તે કટ્ટો શત્રુ હતો. તેના મુખકમલમાંથી નિકળતા શબ્દો, લોકોને એટલા તો પ્રિય અને મધુર લાગતા હતા કે, તેની પાસેથી ખસવું તેઓને ગમતુંજ નહીં. પરોપકાર જાણે ચંદ્રવદનનો પિતા હોય, અને નીતિ તેની માતા હોય એમ જણાતું હતું: અને દયા તેનામાં બાળપણથીજ પ્રકાશિત હતી. તેના આવા ગુણ અને આટલું જ્ઞાન છતાં અહંકાર લેશ માત્ર પણ જણાતો નહતો: પણ હાલમાં આ સૃષ્ટિસમૂદ્ર તરફ નજર કરતાં, તેમાં હજારો પ્રકારના તોફાની મોજાં ચડતાં આપણે દેખાએ છીએ! કોઈ જ્ઞાનનાં ધ્યાનમાં મસ્ત થયલા માલમ પડે છે, તો કોઈ પ્રારબ્ધને સબળમાંની પુરૂષ પ્રયત્નને ધિક્કારે છે! કેટલાક કલ્પિત સમાજોનેજ શ્રેયનું સાધન માની બેઠા છે, તો કેટલાક જ્ઞાનનો સોટનનો પથરો આગળ મૂકી મૂર્તિપૂજા, દેવદર્શન આદિને અંતઃકરણથી ધિક્કારી, બ્હારનો ડોળ જૂદોજ દાખવે છે!! કેટલાક સ્વધર્મનો ધિક્કાર કરતા હશે, તો વળી કેટલાક ખરા ધર્મને હલકો માર્ગ માની તેની નિંદા કરી પોતે આચાર્ય પદ્વિને પામવા પ્રયત્ન કરતા પણ દ્રષ્ટિએ પડશે! સર્વ કોઈ પોતપોતાનાં સિદ્ધાન્તમાં મશગુલ છે. હજારો સભા સ્થપાય છે પણ ખરી, અને પાણીના પરપોટા પેરે અલ્પાયુષ ભોગવી નાશ પણ પામે છે! એ વિગેરે હે પ્રિય જનો, કળિયુગના મહાત્મ શ્રીમદ્ભાગવતના દ્વાદશ સ્કંધમાં વર્ણવ્યાને આધારે લાખો ઉપાધિ દ્રષ્ટિયે પડે છે. કાળ પોતાનું કામ કરે છે, અને આયુષ્ય દિન પ્રતીદિન ઓછું થાય છે. આખરે "ધોબીનો કૂતરો નહીં ઘરનો ને નહીં ઘાટનો" એવી અવસ્થા જણાય છે: પણ લક્ષપૂર્વક અવલોકન કરતાં એ સર્વ મિથ્યા ભાસે છે. અંતે વિચાર કરતાં, પોત પોતાનો ધર્મ સમજી તેનેજ

શ્રદ્ધાપૂર્વક માનવો, એજ માર્ગ માન્ય કરવા યોગ્ય લાગે છે. મદાન્ધના ઝઘડામાં પડવું, એ મૃગજળ પેઠે વિમાસવા બરાબર છે. **ચંદ્રવદન** આવા ધતિંગથી વેગળોજ રહેતો હતો. ધર્મ વિષે વાદવિવાદ કરવા માટે તે કદિ ઉતરતો નહતો, અને પોતે પોતાના વડીલોથી ચાલતો આવેલો ધર્મ, સમજીને શ્રધાપૂર્વક પાળતો હતો. **ચંદ્રવદનની** સદવાર્તા **કિસનગઢના** પ્રત્યેક ખુણામાં પ્રકાશિત હતી અને તેનાં વખાણ ઘેરેઘેર થતાં હતાં.

પ્રકરણ ૭ મું.

જ્ઞાતિમાં ઘટિત સુધારો.

ચંદ્રવદને પોતાની જ્ઞાતીમાંથી કઢંગા અને અઘટિત રિવાજો દૂર કરવા હવે પ્રયત્ન કરવા માંડયો. પ્રથમતો સ્વજ્ઞાતિના કેટલાક સદ્દગૃહસ્થોને એવી તો અસરકારક ઢબમાં અને દાખલા દાલલો સહિત તેણે જૂદા જૂદા વિષયો ઉપર બોધ આપ્યો, કે તે શ્રવણ કરનારનાં ચિત્ત **ચંદ્રવદનનાં** મધૂર ભાષણે ચોરી લીધાં, અને તેઓને એમજ લાગ્યું કે **ચંદ્રવદન** જે કહે છે તે કેવળ સત્ય અને સ્તુતિપાત્ર છે. પ્રિય વાંચનાર, માણસને વશ કરવા માટે આ દુનિયામાં અણઘડ લોકો દોરા ચિઠ્ઠી અને મંત્ર જંત્રનેજ વશિકરણ સમજે છે, પણ તેઓને થોડીજ ખબર હશે કે, માણસને વશ કરવા માટે ચોકકસ ઈલાજ એક મિઠ્ઠી જીભ રૂપી વશિકરણ શિવાય અન્ય કંઈજ નથી; અને તેથી વ્હેમી લોકો મધૂર ભાષણ રૂપી વશિકરણ નહીં શિખતાં ફોકટના ફાંફાં મારે છે હવે જે લોકોને **ચંદ્રવદને** આ બોધ આપ્યો હતો તે લોકોએ પોતાની જ્ઞાતીમાં પ્રમૂખ તરીકે **ચંદ્રવદનને** નીમી તેનેજ સર્વ અખિકાર આપ્યો, અને તે જે કરે તે અત્યંત ખુશીથી સ્વિકારવાનું કબુલ કર્યું. તેણે હવે પોતાની જ્ઞાતીને શ્રેષ્ટ પાયાઉપર લાવવાને માટે, તન મનથી મદદ કરવા માંડી. પ્રથમ તેણે કેટલાક સદ્દગૃહસ્થોની એક મંડળી નીમી, અને એ મંડળીને સર્વ રીતનો યોગ્ય અધિકાર આપ્યો. આ મંડળીને માટે તેણે એવો ઠરાવ કર્યો કે, દરેક કામ કરતાં પેહેલાં મંડળીમાંનાં પ્રત્યેક માણસે પ્રથમ પ્રતિજ્ઞા લેવી,

અને કંઈ પણ કામ કરતું તે નિષ્પક્ષપાતપણેજ; કેમકે હાલમાં જેમ કેટલીક ગ્નાતીઓમાં "મામા ફોઈના" કરી સગાંનો પક્ષ ખેંચી બીજાઓને ગેરઇનસાફ અપાય છે, તેમ કરવા માટે **ચંદ્રવદનને** અત્યંત તિરસ્કાર હતો. ન્યાય અને અન્યાય તે યથાર્થ સમજતો હતો. તેથી તે અદલ ન્યાયનેજ સ્વિકારતો હતો. હવે આ મંડળીમાં જે ઠરાવો કરવામાં આવતા હતા, તે વધારે મતે બહાલ રહેતા હતા. સંપ અને ઐકયતાએ મજબુત પાયો નાંખ્યો હતો તેથી, ન્યાયના કામ-માં વિરૂદ્ધ મત તો ભાગ્યેજ આવતા હતા. થએલા ચૂકાદા માટે તેનું એક ચોપડી રખાવી હતી. આ ચોપડીમાં મંડળીમાં હાજર રહેલા ગ્રહસ્થોનાં નામ લખી થએલા ચૂકાદા નિયમ પ્રમાણે સ્પષ્ટ રીતે તેમાં દાખલ થતા હતા. આથી કોઇ પણ કામમાં ગુંચવણ પડતી ન હતી, અને સેહેલાઇથી દરેક કામ ખામી વગર થતું હતું. **ચંદ્રવદનની** ગ્નાતીમાં નાણાંનો ભંડોળ સારો હતો. આ ભંડોળ ન્યાતમાંજ વ્યાજે વેંહેચાએલો હતો, કે જેના વ્યાજમાંથી વર્ષમાં પાંચ છ ઉજાણીઓ થતી હતી. આ જે ઉજાણીઓ થતી હતી તેની સાથે દલગીર થવાનું એ હતું કે, માત્ર ઉજાણી શિવાય કંઈ પણ પરોપકારના કાર્યમાં એક કોડી પણ કામ નહીં લાગતી. આમ થવાનું કારણ **ચંદ્રવદનની** ન્યાતમાંના કેટલાક ગૃહસ્થોનાં મન ખાવા જેવી તુચ્છ વસ્તુ ઉપર બહુ ખેંચાતાં હતાં, પણ તે **ચંદ્રવદનને** પસંદ ન હતું, તેથી તેણે તે પુંજીમાંનો કેટલોક ભાગ કમતી કરી, એક જૂદુંજ ફંડ સ્થાપ્યું. આ ફંડમાંથી પોતાની ગ્નાતીનાં રંક સ્થિતિનાં બાલકોને કેલવણી આપવાનો ખરચ પૂરો પડતો હતો, તેમજ એવાં બીજાં પરોપકારનાં કામમાં પણ એમાંથી મદદ અપાતી હતી. આમ કરવાથી કેટલાંકનાં મન જરા કચવાયાં હતા, પણ યોગ્ય કારણની સામે તેઓથી એક શબ્દ પણ બો-લાતો ન હતો; તેથી એ કામમાં પણ **ચંદ્રવદન** ફતેહમંદ નિવ-ડયો, અને એ ફંડની સારી રીતે વૃદ્ધિ થઇ. નિરાશ્રીત બાલકો કે-લવણી લેવા લાગ્યા, અને તેઓ તરફથી આશિર્વચન નીકળવા લાગ્યા. હવે એ ફંડનો તેમજ ન્યાતની બીજી પૂંજીનો હિસાબ રાખવા માટે **ચંદ્રવદને** એક ત્રાહિત આદમીને સો રૂપીઆના વર્ષાશનથી રાખ્યો હતો, અને તેની પાસે તે સર્વ હિસાબ યોગ્ય

રીતે રખાવતો હતો. આ હિસાબ તપાસવા માટે ન્યાતીમાંથી બે ચાલાક આદમીને નિમ્યા હતા, કે જેઓ તે હિસાબ તપાશીને પોતાની સહી તે ઉપર કરતા. ત્યાર પછી તે હિસાબને છપાવીને તેની એકેક પ્રત ન્યાતના દરેક ઘરદીઠ વ્હેંચવામાં આવતી હતી, કે જેથી કોઈને કંઈ પૂછવાનું કે શંકા લાવવાનું કારણ મળતું નહીં.

પ્રિય વાંચનાર, આ પછી ચંદ્રવદને અણઘટતા રિવાજો કહાડી નાખવા માટે ન્યાતના કેટલાક ધારા બાંધ્યા હતા, અને તે ધારા છપાવીને ખાસ રીતે સર્વાનુમતે અમલમાં આણ્યા હતા, કે જેથી કોઈ પણ તે ધારાથી વિરૂદ્ધ વર્તિ શકતું નહીં. મૈયત અને અઘરણીનો ખરચ તદન બંધ કર્યો હતો. બંધ કરતી વેળા કોઈને તે રૂચ્યું નહીં હતું પણ લાચાર, કરે શું? જ્યાં ધારાની ચોપડીમાં હાથ કાપી આપેલા-સહી કરેલી ત્યાં ઉપાય શું? માત્ર બળડીનેજ રહેવું પડેલું. ગામ હોય ત્યાં ઘેડવાડો પણ હોયજ. બધાજ સારા વિચારનાં મળવા એકદમ કઠણ પડે છે, પણ ઘણા આદમીનાં સારા વિચારો આગળ અલ્પબુદ્ધિવાળાનાં હલકા વિચારો ભાગ્યેજ પાર પડે છે. ચંદ્રવદને જે ધારા ન્યાત માટે ઘડેલા હતા તેમાં પલ્લાં તથા પેહેરામણી માટે અમૂક આંકડો ઠેરવ્યો હતો. કે જેથી તે વિષેની પણ તકરાર પડવાનો વખત આવતો નહીં વળી અઘરણી વખતે મોસાળાં માટે જે નકામો ખરચ કરવો પડતો હતો તે પણ બંધ કર્યો હતો અને તેને સારૂ પણ એક અમૂક રકમ ઠરાવી હતી. અઘરણી આવે તેનો ખરચ સાસરાવાળા ઉપરજ કરવો-એવા વિચારનાં આદમીઓને આ જરા કઠણ લાગેલું, પણ કંઈ ઈલાજ ચાલ્યો નહીં. બાળ લગ્ન દૂર કરવા માટે માત્ર એવોજ એક ધારો રાખ્યો હતો કે પુરૂષે પોતા કરતાં ઓછામાં ઓછી સાત વર્ષે ન્હાની કન્યા સાથે લગ્ન કરવું. આ શિવાય તેણે ઘણાં અઘટિત રિવાજો દૂર કરી શુભ રિવાજો દાખલ કર્યા હતા. લગ્ન સમયે નિર્લજ ગાવાનો, છાંડવાનો, લજ્યા રહિત રોવા કુટવાનો અને શબ ઉંચકવાને માટે અડચણ પડે તે આદિ ઘણા કુચાલોનો નાશ આ માનવંતા ચંદ્રવદનને હાથેજ થયો હતો. લોકો સારૂં અને માઠું, આબરૂ અને ગેરઆબરૂ તથા મર્યાદા અને અમર્યાદા વચ્ચેના તફાવતો સમજવા લાગ્યા, અને ન્યાતનો કારભાર એવી તો

એવ રીતે ચાલવા લાગ્યો કે, બીજી જ્ઞાતીવાળાઓને ઈર્ષા ઉત્પન્ન થવાનું કારણ મળ્યું; અને લોકો ચંદ્રવદનની ન્યાતનો આવો કારભાર અને સગવડ તથા ઐક્યપણાનો લાભ જોઇને, પોતે પણ પોતાની ન્યાતમાં તેમ કરવાને આતૂર થયા. આથી ધીમે ધીમે ઘણી ન્યાતોમાં એ પ્રમાણે સુધારો થતો ગયો. ચંદ્રવદનનાં આ શુભ ગુણ અને પ્રખ્યાતીથી, તેના માત પિતાનાં મનને કેટલો આનંદ થયો હશે, તે લખ્યાં કરતાં વિચાર્યાથીજ વધારે ધ્યાનપર આવશે.

પ્રકરણ ૮ મું.

સ્વતંત્ર વ્યાપાર.

હવે પાછળ કહ્યા પ્રમાણે ચંદ્રવદનના માતપિતાનો વિચાર તેને ચાકરીએ વળગાડવાનો હતો, તેમજ તે વેળા તેની ઈચ્છા પણ પોતાના વિચારને મળતીજ હતી; પણ આ વેળા ચાકરી રહેવાનો વિચાર ચદ્રવદનની દીર્ઘ દ્રષ્ટિ અને જ્ઞાન આગળ ટકી શક્યો નહીં. તેણે વિચાર્યું કે—અમૂક કાર્ય માટે બીજાને બોધ આપી જાતે તે પ્રમાણે નહીં વર્તવું, એ ઘણું અઘટિત છે. આ વિચારથી તેણે તે વિચાર તદન માંડી વાળી, કંઈ સ્વતંત્ર ધંધો કરવાનો નિશ્ચય કર્યો. વિચાર કરતાં તેને એમ લાગ્યું કે-વૈદકનું જે થોડું જ્ઞાન મેળવ્યું છે, તેનેજ હવે મેહેનત લઈ પૂર્ણ કરવું. અને પછી એક ઔષધાલય ખોલવું. આ નિશ્ચયથી તેણે તન મનથી રાત્ર દિવસ વૈદક શાસ્ત્રના ગ્રંથો મેળવી તેનો અભ્યાસ જારી કર્યો. સંસ્કૃતનું તેને સારૂં જ્ઞાન હોવાથી વાગભટ ચરક અને ધનવંતરીના તેમજ વૈદક સંબંધી બીજા સસ્કૃત ગ્રંથો શિખતાં તેને કંઈ કઠણ પડ્યું નહીં. રોગની ચિકિત્સા, નાડીજ્ઞાન, વનસ્પતિની પરિક્ષા, તેનો ઉપયોગ અને શારીરિક વિદ્યાદીની તેણે ગુરૂદ્વારા માહિતી મેળવવા માંડી. ત્રણ વર્ષનાં દર્મ્યાનમાં તો તેણે વૈદક સંબંધી ઘણું જ્ઞાન મેળવી લીધું. ચંદ્રવદનનું મન આટલા જ્ઞાનથી તૃપ્ત થયું નહીં. તેણે પ્રદેશ જઈ શસ્ત્રવૈદનું જ્ઞાન સારી રીતે મેળવવાનો વિચાર કીધો. વિચાર તો કીધો, પણ તેની પાસે પૈસાની છત કેવી છે, એ આપણે પાછળ આવેલા વૃતાન્તથી સારી રીતે જાણીએ છીએ.

પણ જેને પ્રભુ ઉપર પૂર્ણ આસ્તા અને વિશ્વાસ છે, તેનું કામ ભાગ્યેજ અટકી પડે છે. ચંદ્રવદનના એક મિત્રે નાણાંની મદદ સારી આપી, અને તેથી તેણે કરવા ધારેલું કામ પૂર્ણ કાળજી અને ઉલટથી પાર પાડવા નિશ્ચય કર્યો. શુભ દિવસે સ્વદેશ છોડ્યું, અને દૂર દેશ જઇ કુશળ શસ્ત્રવૈદ્યો પાસથી વ્હાડકાપનાં કામની સારી માહિતી મેળવી. ચાલાક અને આગ્રહી માણસને કંઈ પણ કામ શિખતાં વધારે મેહનત પડતી નથી. ચંદ્રવદનની બુદ્ધિ તિવ્ર હતી તેથી માત્ર બે વર્ષના દર્મ્યાનમાં પ્રદેશ રહી શસ્ત્રવૈદ્યનું કામ તે સારી રીતે શિખ્યો, અને પછી સ્વદેશ આવી પૂગ્યો. પોતાના કાર્યમાં જય મેળવીને આવ્યાથી ચંદ્રવદનના માતપિતા અને મિત્રો ઘણા પ્રસન્ન થયા. હવે તેણે પોતાના વિચાર મુજબ સારા પાયા ઉપર એક દવાખાનું ખોલ્યું. દવાખાનું ખોલ્યાની વાત શેહેરમાં સર્વ સ્થળ પસરી ગઈ. ચંદ્રવદનનાં જ્ઞાન અને ભાપણોથી કિસન-ગઢના રહીશોનો જે પ્રેમ તેના ઉપર હતો, તેમાં આ ઉત્કૃષ્ટ જ્ઞાનથી વૃદ્ધિ થઇ. જેમ જેમ લોકોને એની કુશળતાની ખાત્રી થતી ગઈ, તેમ તેમ તેઓ એને ત્યાં આવવા લાગ્યા. પૂર્ણ કાળજીથી તે દર-દીઓના રોગની પરિક્ષા કરી ઔષદ આપતો હતો. જે ઔષદ ચંદ્રવદન આપતો હતો તે પૈસા ખાવા માટે દહાડા ગુમાવવાના હેતુથી નહીં, પણ પોતાની પાસે આવેલા દરદીને જલદી આરામ થાય, એજ તેનો મૂખ્ય હેતુ હતો; અને તેથી તે આબાદ દવા આપતો હતો. ચંદ્રવદન પાસે આવેલા દરદીને અન્ય સ્થળે જ-વાની ભાગ્યે જરૂર પડતી. તેનામાં પરોપકાર બુદ્ધિ સારી હતી તેથી રંક સ્થિતિનાં આદમીને એક દમડી પણ લીધા શિવાય તે દવા આપતો, અને તેની પાછળ પૂર્ણ કાળજી રાખતો હતો. અ-શક્ત રોગીષ્ટોને ઘેર વગર પૈસે જતો, અને તેને બીજી રીતની પણ પોતાથી બનતી મદદ આપતો. બીજાથી આરામ નહીં થ-યેલા ઘણા વર્ષના રોગ તે પોતાની અક્કલ અને ચાલાકીથી સારા કરતો, તેથી તેની પ્રખ્યાતી અને ગુણ સાંભળી દૂર દેશથી પણ લોકો એને ત્યાંજ આવતા હતા.

પ્રકરણ ૯ મું.

દાક્તર તે આજ!

કિસનગઢથી કેટલેક દૂર આવેલા પ્રતાપગઢ નામના શેહેરમાં એક મહાન ધનાઢ્ય વ્યવહારી નામે મોતીલાલ કરીને રહેતો હતો. આ ગૃહસ્થની પાસે જો કે અનરગળ દ્રવ્ય હતું તોપણ માત્ર તેને એકજ પુત્ર હતો, અને તેની વય વીસ વર્ષની હતી. દૈવયોગ એવો આવ્યો કે, આ પુત્રની પ્રકૃતિમાં બગાડ પેઠો. અને શરીર દિનપર દિન નરમ પડવા લાગ્યું. આખા શરીરમાં સોજો લાગ્યો, અને કોહોડના બુરા મરજે તેને મર્ણાસન્ન કરી મૂક્યો. આખા શરીરમાંથી લોહી અને પરૂ વહેવા લાગ્યું. પ્રતાપગઢમાં જે ચાલાક વૈદ્યો કહેવાતા હતા તે સર્વેની દવા મોતીલાલ કરી ચુક્યો, પણ કોઈથી ટિક્કિ લાગી નહીં. મોતીલાલ અને તેની સ્ત્રી રાધાએ છાતી ફાટ કલ્પાન્ત કરવા માંડ્યું; અને મોતીલાલની બેહેન મધુવતીની પુત્રી નામે ચંદ્રકળા કે જે પોતાને મોસાળ આવીને થોડા દિવસ થયાંજ રહેલી હતી તે પણ હૃદય ફાટે એવી રીતે રોતી હતી. ચંદ્રકળાનું આ પુત્રના ઉપર પોતાના સગા ભાઈ કરતાં પણ વિશેષ હેત હતું. એક દિવસ મોતીલાલને ત્યાં પ્રાણલાલ કરીને તેનો એક મિત્ર આ પુત્રની ખબર સાંભળીને આવ્યો, અને તેણે ચંદ્રવદનના જ્ઞાનની વાત મોતીલાલને કહી, અને તેનું ઓસડ કરવા ભલામણ કરી. તાત્કાળ મોતીલાલે એક પત્ર ચંદ્રવદન ઉપર લખ્યો, અને પોતાના એક આદમી સાથે તે કિસનગઢ મોકલ્યો. આ પત્ર વાંચી ચંદ્રવદન પોતાના કામનો બંદોબસ્ત કરી, કેટલાંક ઓષધો અને શસ્ત્રોથી એક પેટી સજ્જ કરી પેલા માણસની સાથે પ્રતાપગઢ આવી પુગો. આ વેળા મોતીલાલના ઘરમાં મોતીલાલ, તેની સ્ત્રી રાધા, તેની ભાણેજ ચંદ્રકળા અને બીજાં કેટલાંક સગાં તથા બે વૈદ્ય બેઠેલા હતા. ચંદ્રવદને આવીને પેલા પુત્રને સ્થિર વૃત્તિએ તપાસ્યો; અને પછી પોતે એ રોગના ઉત્પત્તિસ્થાન વિષે વિચાર કરવા લાગ્યો. વિચાર કરતાં પોતે નિરાશ નહીં થાય એમ તેને લાગ્યું; પણ જે બે વૈદ્યો બેઠેલા હતા તેણે તો આશાજ મૂકી હતી. ચંદ્રવદને મોતીલાલને કહ્યું કે "તમારા પુત્રનું આખું શ-

રીર રોગથી ભરાઈ ગયું છે, અને હાડકાં સુધી સળો પેઠો છે, તો પણ જો તમો ધૈર્યતા રાખી ઔષધ કરો તો હું મેહેનત કરૂં. એને મ્હારે ઘણાં નસ્તરો મૂકવાં પડશે, માટે જો તમને ધીરજ રહે તો હા કહો." આ પ્રમાણેની હકીકત સાંભળી મોતીલાલે જોકે પોતાને તો આશા નહતી તોપણ હા કહી ચંદ્રવદને તરતજ પોતાની પેટી ખોલી, પેલા પુત્રને બેશુદ્ધ કરી એક સ્વચ્છ જગ્યામ વસ્ત્ર પાથરીને સૂવાડયો. પછી પગથી તે માથાં સુધી તેણે એક પછી એક એમ ચુમ્માળીશ નસ્તર મુકયાં. બન્યો બાજુએથી લોહી અને પરૂ પુષ્કળ વ્હેવા લાગ્યાં, અને ઘણો ખરો રોગી ચેપ નીકળતો ગયો. પછી તેના ઉપર બીજી ક્રિયાઓ કરવા માંડી. આવી રીતે ત્રણ દિવસ સુધી ચદ્રવદને જાતે તેની પાસે રહીને તેના ઉપર દવાઓ લગાડયા કીધી. પ્રભુ કૃપાથી ચંદ્રવદન યશને યોગ્ય થશે એવી આશા સર્વને લાગવા માંડી. પેલા પુત્રના શરીરમાંથી ચેપી રોગ નીકળી ગયો અને આરામ થવાનાં સુચિન્હો પ્રકાશ પામ્યાં. આવી રીતે ચંદ્રવદને એક મહિના સુધી ત્યાં રહીને દવા જારી રાખી. ઈશ્વરે મોતીલાલ ઉપર કૃપા કરી અને તેના પુત્રને આરામ થવો ગયો. પછી ચંદ્રવદને તેને માટે દવાનો બંદોબસ્ત કીધો, અને કિસનગઢ જવા માટે મોતીલાલની આજ્ઞા માંગી. મોતીલાલે તેને પ્રણામ કરીને કહ્યું કે "મ્હારા પુત્રને તમેજ જીવન દીધું છે. એટલુંજ હું કહી શકું છું, અને તમારો ઉપકાર મ્હારા દેહમાં જીવ છે ત્યાં સુધી મ્હારાથી ભુલાશે નહી" એમ કહી દશ હજાર રૂપીઆની મોહોર, પાંચ હજારની એક હીરાની મુદ્રિકા, એક સુનાનું ઘડીઆળ તથા એક ઘોડો અને રિયામ ચંદ્રવદનને આપવા માંડયું. ચંદ્રવદને તે લેવાને ના કહી, અને માત્ર પોતાને આવવા જવાના ભાડાખર્ચનાં આઠ રૂપીઆ તથા ઔષધની કીંમતના ચાળીશ રૂપીઆ શિવાય વિશેષ કંઇ નહીં લે એવું જણાવ્યું. પણ પેલા ગ્રહસ્થનો તેના ઉપર એટલો આગ્રહ હતો કે, તેણે આપવા માંડેલું બધું લીધા વિના તે પોતાના ઉમરા બ્હાર પણ ચંદ્રવદનને જવા દેશે નહિં એમ કહ્યું. આખરે અત્યાગ્રહથી ચંદ્રવદને આદર પૂર્વક તેનો સ્વિકાર કરીને કહ્યું કે "તમારો પુત્ર સારો થયો છે તેમાં મેં કશું પણ કીધું નથી. માત્ર પ્રભુએ મને જે રમાણે અક્કલ સુઝાડી તે પ્રમાણે મેં કામ કીધું છે, માટે તમારે

ઉપકાર તો ઈશ્વરનોજ માનવાનો છે.” આ પ્રમાણે વાતચીત થયા પછી ચંદ્રવદન કિસનગઢ આવવા નિકળ્યો અને થોડા વખતમાં પોતાને ઘેર આવી પુગ્યો. આ વાતો સર્વ સ્થળે પ્રસરી અને જ્યાં ત્યાં ચંદ્રવદનનાં વખાણ થવા માંડયા. ચંદ્રવદનને જે દશ હજાર રૂપીઆની મોહોરો મળી હતી. તેમાંથી તેણે કિસનગઢમાં એક મકાન રોગીઓને રહેવા માટે બધાવ્યું. આ મકાનમાં રંક સ્થિતિનાં દરદીઓને તે રાખતો અને તેની પાછળ પૂર્ણ કાળજી લઈ દવા કરતો હતો. સેંકડો દરદીઓ સારા થઈને જતા ચંદ્રવદનનાં દીર્ઘાયુષ માટે પ્રભુપ્રત્યે પ્રાર્થના કરતા હતા ચંદ્રવદનની-પરોપકાર બુદ્ધિને લીધે તેમજ તેના જ્ઞાનની ખુબીને લીધે ઠામ ઠામ સદ્વાર્તા ચાલવા માંડી અને લક્ષ્મિબાઈએ પણ પોતાનું પગલું તેના તરફ ભરવા માંડયું. રજવાડાઓમાંથી તેને ઘણી કીમતી ભેટો મળતી હતી, અને વર્ષાસન પણ બંધાયાં હતા. ચંદ્રવદનને જે પૈસા મળતા હતા તેમાથી ચોથો ભાગ પોતે ધર્માદા માટે રાખતો હતો. કોઈ પણ વિદ્વાન બ્રાહ્મણ અને યાચક તેને ત્યાંથી ખાલી હાથે જતો નહીં. પરોપકાર, દયા, વિદ્વતા, સ્વધર્મ ઉપર પૂર્ણ પ્રીતિ અને દેશાભિમાન આદિ બીજા ઘણા ગુણો છતાં ચંદ્રવદનમાં સાદાઇ દરેક વખત જોવામાં આવતી હતી તેને બુટ, મોજાં અને ફ્રેન્ચકટનાં પાટલુંન પેહેરી હાથમાં લાકડી રાખવાનો શોખ નહીં હતો, પણ માત્ર તે પોતાના દેશી પોશાકનેજ ચહાતો હતો. જો કે તે પોતાની સાથે ઘડીઆળ રાખતો હતો, તોપણ તે ખાલી ભપકો બતાવવાને નહીં, પણ તેનો યોગ્ય વેળાએજ ઉપયોગ કરવા માટે. તેમજ દરદીને ત્યાંથી તેડવા આવનાર પાસે ગાડી મંગાવી તેમા બેશીને જવા માટે ચંદ્રવદનને અત્યંત કંટાળો હતો. તે સમજતો હતો કે—રંક સ્થિતિના આદમીઓને નાહક ગાડીનો ખરચ કરાવવો અને દુઃખ દેવું એ નિચ બુદ્ધિનું કામ છે. ગમે તેટલા પૈસા આપી ગાડી લાવવી પડે, અને તે લાવવા માટે વખતની આહુતી અપાય તે જૂદી. એટલામાં તો કદાપિ દરદી મરણ પણ પામે; માટે તે પ્રમાણે નહી કરતાં, કયાં તો પોતાની ગાડીમાં કે ક્યાંતો પગે ચાલીને, તેડવા આવનારની સાથે જવા તરત નીકળી પડતો. દરદીને ત્યાં જઈ ખુરશીપર બેશવા માટે ઇચ્છા ન રાખતાં

સાદી ખાંય ઉપર પણ તરત બેશી જતો હતો, અને દરદીને પૂર્ણ કાળજીથી બરાબર તપાસતો હતો. ચંદ્રવદન ઘણીખરી દવા પોતાની સાથેજ રાખતો હતો કે જેથી કોઈ માણસને પાછો દવા માટે તરત ફેરો નહીં ખાવો પડે. ભાગ્યે કોઈ દવા રહી ગઈ હોય તોજ તે ફેરો ખવાડતો હતો. ચંદ્રવદને પોતાના ફેરા માટે તેમજ દવા માટે કંઈ ચોક્કસ લવાજમ નહી ઠરાવેલું, પણ દરદીને ત્યાંથી જે આપે તે ઘણી ખુશીથી સ્વિકારતો હતો, અને રંક આદમી પાસે કંઇ પણ લીધા વિના પૂરતી કાળજીથી સારી દવા આપતો હતો. આવા ચંદ્રવદનના ડાકટર તરીકે કેટલાં વખાણ થતાં હશે તે વાંચનારના ધ્યાનપર સ્હેજ આવશે.

પ્રકરણ ૧૦ મું.

હાટકેશ્વરની યાત્રા.

આજે કાર્તક શુદ પુનમનો દિવસ છે. આ દિવસ ઓત્સવનો ગણાય છે અને 'કાર્તકિપુનમ' એ નામે જગપ્રસિદ્ધ છે. એ દિવસે ઘણે સ્થળે મોટી યાત્રાઓ ભરાય છે કિસનગઢમાં આજે ઘણી ભારે ધામધુમ થઇ રહી છે **હાટકેશ્વર** મ્હાદેવના શિવાલયની આસપાસનું મ્હોટું ચોગાન આજે એક જૂદાજ રૂપમા દર્શન દે છે. હજારો સ્ત્રી પુરૂષ અને બાલકો આ ચોગાનના તમાશામાં આમ તેમ ફરતાં દ્રષ્ટિયે પડે છે. જે જે ચીજો કિસનગઢમાં નહી મળતી તે તે ચીજો આજે આ મેળામાં વેચાતી જણાય છે એક બાજુએ કસારાઓની દુકાનની હારો આવી રહી છે. નેત્રને ઝાંખ પમાડે એવાં ચળકતાં વાસણો એક ઉપર એક પૂર્ણ કારીગરીથી ગોઠવેલાં મનુષ્યનુ મન રંજન કરે છે. મ્હોટા ખુમચાઓમાં ભાતભાતની મીઠાઇઓ, જાળી પાડીને ગોઠવેલી, કદોઇઓની દુકાનની શોભામાં વૃદ્ધિ કરે છે. બીજી બાજુએ નજર કરતાં મનુષ્યની કારીગીરીનાં, જોનારને આશ્ચર્ય કરે એવાં તરેહ તરેહનાં રમકડાંવાળાની દુકાનો આવી રહી છે, અને તે જતા આવતાનું મન આકર્ષિત કર્યા વિના રહેતી નથી. વળી તેની જોડે ભપકાદાર રેશમી તથા સુતરાઉ કા-

ખડવાળાઓની દુકાનો છે, અને તેમાં ગોઠવેલાં સૂર્યનાં કિરણો માફક ચળકતાં કારચોબી મોહોળીઆં, પાયચા, ટોપી, સાડીઓ ઇત્યાદિ જોઇને મનુષ્યનાં મનમાં એમજ થાય કે—આમાંથી શું જોવું અને શુ ન જોવું. કોઇ કંઈ ખરીદ કરે છે તો કોઈ કઇ ખરીદ કરે છે. "મને આ રમકડું અપાવો" એવા શબ્દો છોકરાંઓનાં મુખમાંથી નીકળતા વારંવાર સંભળાય છે. ટુંકામાં આ યાત્રાનો મેળો મનુષ્યને અત્યંત આનંદદાયક થઇ પડયો છે. કિસનગઢની આસપાસના શેહેર અને ગામડાઓમાંથી પણ હજારો માણસો આ મેળો જોવા માટે ઉલટભેર ચાલ્યાં આવે છે. હવે કિસનગઢના મધ્યભાગમાંથી જો ગણીએ તો પ્રેમસરીતાના તટ ઉપર આવેલું આ હાટકેશ્વર મ્હાદેવનુ સ્થળ લગભગ સાત ગાઉ દૂર થાય છે. આ જગ્યા ખુલ્લિ હવા માટે ઘણીજ વખાણાય છે અને તેથી કિસનગઢના રહીશોમાંથી કેટલાક પૈસાદાર ગ્રહસ્થોએ પોતાને માટે કેટલાક સુન્દર બંગલાઓ પણ અહીંઆ બંધાવી રાખેલા છે. હાટકેશ્વરની ઉત્તર બાજુએ ચંદનવાડી નામનો એક વિશાળ બગીચો આવી રહ્યો છે. આ બગીચાને ન્હાના પ્રકારનાં પુષ્પ વક્ષો, રંગબેરંગી પાંનડાંવાળા વેલાઓ, કુન્જલત્તાઓ, પૂર્ણ કળાથી બનાવેલા ફૂવારાઓ અને આરસપહાણનાં સુશોભિત પૂતળાંઓથી એટલો તો શણગારેલો છે કે તેની આનંદમય છાપ હૃદય ઉપર પડયા વિના ભાગ્યેજ રહે. આ સુશોભિત બગીચામાં એક બાજુએ એક રળીઆમણો બંગલો બાંધેલો છે, અને તેની આસપાસ ચારે બાજુએ ઝરૂખાઓ રાખેલા છે. પાછલા પ્રોહોરનાં પાંચ વાગતાનો આ સમય છે. એક બાજુના ઝરૂખામાં એક સકુમાર જેના મૂખકમલ ઉપર નીતિની છાપ પડી રહેલી છે અને યુવાવસ્થા પ્રકાશ પામ્યાનાં ચિન્હો જણાય છે એવો પુરૂષ આરામ ખુરશી ઉપર પડયો પડયો પુસ્તક વાંચે છે તેવામાં "જમવાની વેળા થઈ છે, અને આપની વાટ જોતા સર્વ બેઠા છે" એમ એક લાવણ્યવતીએ મધૂર સ્વરે કહ્યું. "આ હું આવ્યો" પેલા પુરૂષે પ્રત્યુત્તર વાળ્યો. આ પ્રમાણે બોલી જેનું મન છે ગંભીર એવા સકુમારે અબોટીઉં પ્હેરી, હાથ પગ ધોઇ ભોજનશાળામાં પ્રવેશ કીધો.

જે ઓરડામાં જમવા બેસવાનું હતું તે ઓરડો પણ ઘણો રમણીક હતો. હાથ હાથને છેટે એકજ સટના સામસામા ત્રણ ત્રણ પાટલાઓ માંડેલા છે અને તેના વચલા ભાગમાં નિર્મળ જળથી ભરેલાં જળપાત્રો ગોઠવ્યાં છે. દરેક પાટલાની સામે કેળની પાતળો માંડેલી છે અને તેની આસપાસ તરેહ તરેહના રંગોથી ચિત્ર વિચિત્ર વેલો પૂર્ણ કારીગીરીથી પાડેલી છે, કે જે સ્ત્રી ચતુરાઈનો એક ખાસ ગુણ બતાવે છે. છેટે છેટે સુગંધીમય પુષ્પનાં તોરાઓ અને ધૂપદાનો ગોઠવેલાં છે કે જેમાંથી ધડા પવનની સાથે મળીને આવતી સુવાસ મનને આનંદ આપે છે. આજને માટે મુખ્ય દેખરેખ રાખનાર ચતુરાએ રસોઈ કરનાર ભટને રસોઈ કરવા સૂચવેલું તે પ્રમાણે તેણે રસોઈ તૈયાર કરી હતી. હવે જમવા બેઠેલા આદમીઓમાં બે સ્ત્રીઓ અને ત્રણ પુરૂષો હતા. પુરૂષો ત્રણે એક હારમાં છે અને સ્ત્રીઓ સામે બેડી છે ભટે પીરસવાનું શરૂ કીધું. જૂદી જૂદી જાતનાં શાક ભાજી, રાઈતાં અથાણાં, ચટણી, પાપડ ઇત્યાદિ પીરસાઇ રહ્યું. પછી ભટે પૂરી અને જેમાં સુગંધીમય પુષ્કળ તેજાનો છે એવું દૂધ મૂક્યું. સઘળું પીરસાઈ રહ્યા કેડે જમવાનું શરૂ થયું અને સર્વનું મનરંજન કરવા સારૂ હાસ્ય ઉપજે એવી વાર્તા બે સ્ત્રીઓમાંની એકે શરૂ કીધી. એક તરફ ત્રણ પુરૂષો અને તેની સામે બે સ્ત્રીઓ બેઠેલાં છે પણ એક ત્રીજું આસન પીરસેલું ખાલીજ રહ્યું છે. કેટલીક વારે આ પ્રમાણે આનંદમાં સર્વ જમી રહ્યા પછી ઉપલા ઝરૂખાવાળા દીવાનખાનામાં સર્વ આવ્યાં અને એક જણીએ સર્વને મુખવાસ આપ્યાં. એક કલાક સુધી પરસ્પર વાતચીત કીધા પછી રાત્રીનો વખત થવાથી સર્વ ગાડી જોડાવી પોતપોતાના ઘર તરફ રવાના થયાં.

પ્રકરણ ૧૧મું

કમળા અને કેસર.

પાછલા પોહોરના ચાર કલાકનો આ સમય છે. સૂર્ય પોતાની મંદગતીએ ક્ષિતીજમાં ઉતરે છે અને આચ્છાં પણ રળીઆમણાં કીરણો વૃક્ષો ઉપર પડીને તેની શોભામાં વૃદ્ધિ કરે છે. વાયુ પણ પોતાની મંદગતીમાં વાયો જાય છે અને આકાશમાં ન્હાના પ્રકા-

રનાં રંગબેરંગી વાદળાંઓ આનંદના તરંગમાં જતાં જોનારનાં મન ઉપર ઇશ્વરી લીલાનો આબેહૂબ ચિતાર ચીતરે છે. એક સુશોભિત અને રળીઆમણા મકાનનાં પોતાના એક વિશાળ ઓરડામાં **મદનલાલ** એક ખુરશી ઉપર બેઠેલે છે અને તેની પાશેની બીજી ખુરશી ઉપર **પ્રેમગવરી** તેની સ્ત્રી બેઠી છે. પા કલાક થયો નથી એટલામાં **છોટાલાલ** તથા તેની સ્ત્રી **ચન્દનગવરી ચંદ્રવદન** સહીત ત્યાં આવી પુગે છે. પરસ્પર આદરપૂર્વક મળીને સર્વે બેસેછે.

“ગયા અઠવાડીયાનો અધુરો રહેલો વિષય કે જે--લોકહિત માટે કયા ઉપાયો યોજવા—એવો હતો તે આજે આશા છેકે પ્રિય **ચન્દનગવરી** પૂર્ણ કરશે” મધુર સ્વરે પ્રેમગવરી બોલી.

“જ્યારે જ્યારે **પ્રેમગવરી** અને **ચન્દનગવરીનાં** મધુર અને હૃદયભેદક ભાષણો મ્હારા સાંભળવામાં આવે છે ત્યારે મ્હારા મનને એટલો સંતોષ ઉપજે છે કે, જેથી વધારે કહેવા કરતાં ટુંકામાં એટલુંજ કહું છું કે તમને યોગ્ય રીતે જેણે અભ્યાસ કરાવ્યો છે તેનું ભલું થજો, અને તમ જેવી સુજ્ઞ સ્ત્રીઓ સર્વને પ્રાપ્ત હજો કે જેથી ઘર સંસાર ઉપર પડતા ધીટકાર એકે સામટા નિર્મૂળ થઇ જાય. દુષ્ટ સ્ત્રીઓથી તેનાં પતીને અને સંબંધીઓને એટલુ સોસવું પડે છે કે કંઈ કહેવાનીજ વાત નહીં” ચંદ્રવદને કહ્યું.

“પ્રિય ચદ્રવદન ભાઈ, હાલના વખતમાં સદગુણી સ્ત્રીઓ મેળવવી એ બહુ કઠણ થઇ પડયું છે. આપ જાણતા હશો કે મા બાપોના લ્હાવો લેવા જેવા વિચારને લીધે કેટલાક પુરૂષો કુટીલ સ્ત્રી સાથે પાનું પડવાથી નિરંતર શોક સમૂદ્રમાં ડુબેલા દ્રષ્ટિએ પડે છે. આ સઘળા કારણોનું મૂળ માત્ર સ્ત્રીને યોગ્ય કેળવણી નથી મળતી તેજ છે. યોગ્ય કેળવણીનો પ્રકાશ નહીં થવાને લીધે ઘણી દુષ્ટ સ્ત્રીઓ જોવામાં આવે છે! મ્હારા પિયરના મ્હોલ્લામાં બે બ્હેનો હતી, પણ તેની અનીતિ અને સ્વભાવથી તો પ્રભુ તોબા. વ્હેમી વિકારોને લીધે તેણે કરવામાં કંઇજ બાકી રાખી નથી, અને જ્યાં સૂધી યોગ્ય કેળવણી નથી મળી ત્યાં સૂધી એવા વિચારોનો પરાજય પણ ભાગ્યેજ થશે. પ્રિય સખી કંઈ કહેવાનીજ વાત નહીં. જ્યારે હું એ કુભાર્યાઓને જોતી, ત્યારે એના ઉપર એટલો ધિક્કાર છુટતો હતો કે પ્રભુ એનો પડછાંયો પણ કોઈને ના બતાવે. પણ ઈશ્વર જે કરે છે તે યોગ્યજ કરે છે. ત્રણેક માસ થયાં કોગ-

ળીયાનાં રોગથી તે બન્ને બ્હેનો અને તેનો એક ભાઇ મર્ણ પામ્યાં છે. આ બન્ને બ્હેનો જો હયાત હતે તો હજુ કેટલી સ્ત્રીઓને બગાડત તેનો વિચાર પણ થઇ શકતો નથી!” પ્રેમગવરીએ ધૈર્યતાથી મંજુલ વાણીએ કહ્યું.

ચન્દ્રાગવરીએ જવાબ દીધો કે “જો તે સ્ત્રીઓની કથા કહેવાને અડચણ નહીં હોય તો આશા છે કે કહેશો.”

આનંદ સહીત પ્રેમગવરીએ કહ્યું “કહેવાને કશી અડચણ નથી. સાંભળો ત્યારે:—

“જેની સુજ્ઞસ્ત્રી આજે મર્ણ પામી છે એવા એક હીરાલાલ નામના ગ્રહસ્થને કમળા તથા કેસર એવે નામે બે પુત્રી રત્ન અને ત્રણ પુત્રો હતા. આ હીરાલાલ મ્હારા પીયરના મહોલ્લામાં રહે છે. સ્વભાવે શાન્ત પણ જેની બુદ્ધિ માત્ર ગોભાગ્ર જેવી હતી એવો હીરાલાલનો જ્યેષ્ટ પુત્ર પણ ગત થયો છે, પણ જેનું હૃદય વધાધિકારીથી કિંચિત પણ કોમળ નથી, અનુકંપા જેનો પડછાયો પણ જોવા પામતી નથી અને આત્મશ્લાઘા સાથે જેને અતિ દ્રઢ મિત્રતા છે એવો લઘુ પુત્ર આજે આ સૃષ્ટિ ઉપર હયાત છે! પણ આપણે જેનું દ્રષ્ટાન્ત અતિ ઉપયોગી છે એવી હીરાલાલની પુત્રીઓનુંજ વૃતાન્ત કહીએ છીએ. જેણે પિતાના પવિત્ર લલાટ ઉપર પોતાની અનિતિનું શીતલ ચંદન ચર્ચ્યું છે એવી જે આ બે બાળા, તેમાંની એક કેસરનો વર્ણ ગૌર, નેત્ર સ્વામ, સુક્ષ્મ અને ચપળ તથા વર્તુળાકૃતિવાળું મૂખ હતું. તેના શિરકેશ આચ્છા અને સુંવાળા હતા તથા શરીર મરકટ જેવું નાજુક હતું. પ્રારબ્ધ ઘણું બળવાન, એટલે પ્રકૃતિ પણ અનિયમિત રહેતી હતી! કોઇ દિવસ વાતપીડ તો કેઇ દિવસ જ્વરપીડ અને પેટશૂળ જારીજ હતાં આ કઠોર હૃદયની કેસરબાઇને ઝીણાં કુમાસનાં કપડાં પહેરવાનો બહુ શોખ હતો! મ્હોટી કોરની સાડી ઉપર તે પ્રેમની દ્રષ્ટિથી જોતી હતી! જ્યારે એ એવાં કપડાં અને ઘરેણું પ્હેરી એક હાથ સોડીયામાં રાખી કુકલ્પનાનાં તરંગમાં અગને મરોડતી બ્હાર નીકળતી હતી ત્યારે એનો દેખાવ જુદાજ પ્રકારનો લાગતો હતો! જેનો સ્વભાવ છે અદેખો, ખારીલો અને બળીયલ અને અહંકારથી સ્વર્ગ માત્ર એક વ્હેંતજ ઉંચું ગણનારી ઇન્દ્રવારૂણીના જેવા

શું સુવાળી આ નાજનીમાં ક્રોધનું વેર લેવાનો ખાસ ગુણ તેની આ શોભામાં વૃદ્ધિ કરતો હતો ! આ સઘળું જાણે કેસરમાં કુત્રીમજ હોયની એવું દેખાતું હતું ! જેનું ભાષણ આજે મહામુની નારદના વાકચાતૂર્યની સ્મૃતી આપનારૂં છે એવી આ સ્ત્રીચરિત્રનો પાઠ લક્ષપૂર્વક શિખેલી કેસર ક્ષણે ક્ષણે ખોટું બોલી સહજમાં કજીયો ઊભો કરતાં કેમ અચકાય ! ! તે ગતકડાં લડાવવામાં એક સર્વોત્કૃષ્ટ નમુનોજ હતો ! અને સાસરાંનાં સગાં સાથે કલહ તેને નાતમ બક્ષિશ મળેલી હતી ! ! વ્હેમ તેનો કુપપિતા અને મંત્ર જંત્ર, દોરા ચિઠ્ઠી તથા ભૂવાજતી, એ બાઇ બાન્ડુ હતાં ! ! બારણે આવેલો બાલભટ કુમાર્યા કેસરના હાથ જોઇ સોધું અને સારી દક્ષણા લીધા વિના ભાગ્યેજ ખાલી હાથે જતો ! કેસરકુમારી એક રંક સ્થિતીનાં કુટુંબમાં પરણેલાં હતા. તેનો સસરો ગત થએલો હતો, અને માત્ર વિધવા સાસુ, એક જેઠ, જેઠાણી અને બે નણંદ સાસરાંનાં સગામાં રહેલાં હતાં. જોકે કેસરના પતિને યોગ્ય કેળવણી મળી નહીં હતી તોપણ ચાલાક અને અક્કલ હોવાથી તેના પ્રારબ્ધે તેને સ્વતંત્ર વ્યાપાર મેળવી આપ્યો હતો કે જેથી પૈસાની આવક પાછળથી સારી થતી હતી. કેસર માત્ર પૈસાનીજ સગી હતી, એટલે પતિ કરતાં પણ પૈસો વધારે પ્રિય હતો ! ઘરમાં ખાવાનું અનાજ પણ ખપ કરતા વધારે મંગાવી, પાછળથી ગુપ્ત રીતે વેચીને પૈસા ભેગા કરતી હતી ! ધણીની પૈસા બાબતની સ્થિતિ નબળી હતી તે વેળા તેની ફજેતી કરવામાં કેસર પાછળ પડી ન હતી ! કેસરને સાસુ તરફથી કંઇ ડરવા જેવું ન હતું, કારણકે તે એને ભાગ્યેજ એક સુકન પણ કહેતી; પણ કેસરની નણંદ કે જેને કેસરની અનીતિ માટે ઘણું લાગવાથી બે સુકન કડવા વાપરતી હતી તેજ તેની ખરેખરી શત્રુ ગણાતી હતી ! આવાં ઘણાં કારણોને લીધે કેસરે પોતાના પતિને સમજાવીને ઘરમાંથી જૂદા રહેવું યોગ્ય ધાર્યું, અને તેમ કીધું. હવે તે સ્વતંત્ર થઇ એટલે અનીતિનું શું પૂછવું? મરજી મુજબ હરવું, ફરવું, ખાવું પીવું અને ઐશત્રુ ઉડવું ! મ્હોટી નણંદ જે એની શત્રુ ગણાતી, તે ગત થવાથી એનાં દુર્વ્યસનેપાતમાં વૃદ્ધિ થઈ ! અને થોડે વર્ષે સાસુ પણ મર્ણ પામી. કેસરનાં ચરિત્ર આગળ અને ઇંદ્રજાળના પ્રભાવને લીધે એનાં સ્વાગીની સ્થિતિ માત્ર જાદુગર-

નાં પૂતળાં પેરે હતી એટલુંજ કહેવું બસ છે! સ્વામિનિગ્રહમાં એની કેળવણી શ્રેષ્ટ હતી! શ્રી સુખમાં દુખડાં ખાતી કેસરકુમારીએ સંતતી માટે પથ્થર એટલાદેવ કીધા હતા! હજારો ધર્મ વિરૂદ્ધ બાધા લેવામાં બાકી રાખી ન હતી અને મસીદોમાં જઈ પીરની આખડી પણ રાખતી!! કોઈ બકરાનું દાન કરવા કહેતો તે પણ કરતી અને કોઈ પાડા કે પોઠીઆનું કહે તો તેપણ કરવામાં ચુકતી ન હતી! આવા ગુણોથી ગરક થયલી કેસર જેને સાસરાનું સગું અરી સમાન છે, તે માત્ર પિયરનાંજ સગાંને ચ્હાતી હતી અને નણંદનાં છોકરાં વીગરે સાસરાં તરફનાંને વિષદ્રષ્ટિથી જોતી હતી! ટુંકામાં કઠોર મનની કેસરને સાસરાંના મ્હોલ્લામાંથી ચ્હાનાર ભાગ્યેજ બે ત્રણ આદમી નીકળે. કેમકે એનાં અપરિમેય કિલ્વિષ કર્મોથી કોઇ અજાણ ન હતું!!

"હવે કેસરની બ્હેન કમળા કેસરનાં મ્હોમાં થુકે તેવીજ હતી! કમળા પરિપુષ્ટ અને મજબુત બાંધાની હતી. તેનું મ્હોં ચપટું, ભરાઉ અને કદાવર હતું. ગોરવર્ણની કમળાના શિરકેશ આચ્છા અને આંખો ઝીણી હતી. ઢળતાં ખમાં અને ગોળ હાથ તેના શરીરને શોભાવવાને જોઇએ તેવાજ હતા. જ્યારે કમળા ભાતભાતનાં રંગબેરંગી કપડાં, સારાં ઘરેણાં અને પગમાં બીચોખીચ ઘુગરાથી મડેલા તોડા પ્હેરી રૂમઝુમ કરતી પોતાની બે ચાર બ્હેનપણી સાથે બ્હાર નીકળતી હતી ત્યારે તેના પગના ધપકારાથી ધરતી પણ ધ્રૂજતી હતી! ટુંકામાં કમળા એક પડછંગ બાયડી જણાતી હતી. ઇશ્વર જેને જેવું જોઇએ તેને તેવું ગોઠવીજ આપે છે! કમળાને જે ધણી મળ્યો હતો તે અક્કલહિન હતો અને જોકે પૈસો સારો હતો તોપણ તેનો ઉપયોગ દુર્વ્યસનમાં અત્યંત થતો હતો! શરીરે મધ્યમ, ઠીંગણો કૃષ્ણવર્ણ અને લંબાકૃતિવાળું છે જેનું મૂખ એવો કમળાનો ધણી આ કમળાનાં મ્હોં આગળ એક બાળક જેવો કહીએ તો ચાલી શકે! કમળાની ચરિત્રજાળ તેને વશ કરવા માટે જોઈએ તેવીજ હતી! આથી પોતાની આસપાસ કમળાબાઈ શું કાળાં કર્મ કરે છે તેની એને કયાંથી ખબર પડે! અને પડે તો કરે પણ શું?! હવે આ કમળાને સંતતીનું દુઃખ ન હતું, પણ તેને જે પીડા હતી તે માત્ર એજ હતી કે

તેને એક દિયર, એક જેઠ અને જેઠાણી હતાં, તેની સાથે બનતું નહીં હતું! કમળાનો પતિ પ્રથમ તો પોતાના ભાઇ સાથે એકત્રજ હતો, પણ કુભાર્યા કમળાદેવીનાં ભમાવ્યાથી આખરે જૂદો પડયો. કમળાની જેઠાની કમળા ઉપર જાદુ ચલાવવાની ગોઠવણ કરતી હતી, ત્યારે કમળા તેનું પડીકું વાળવાની યુક્તિ ખોળવામાં ગુંથાતી હતી!! કમળાને સંતતીમાં ચાર છોકરા અને ત્રણ છોકરી હતાં, એટલે કેસર કરતાં એ વધારે સુખી હતી. છોકરીઓ ન્હાનપણમાંજ મરણ પામી હતી, તેમજ બે છોકરા પણ બબ્બે માસના થઇને મરી ગયા હતા. કમળાના દુર્વ્યસની ધણીએ પોતાના બે છોકરાઓને ન્હાનપણથીજ દુર્વ્યસનનો પાઠ શિખવવા માંડયો હતો! અપશોચ, પ્રિય સખી! કમળા પોતાના છોકરાની વહુને પણ જંપીને બેસવા દેતી નહીં અને તેના માબાપને હજારો ગાળો દેતી હતી! જેમ કેસર છોકરાં માટે પથ્થર એટલા દેવ કરતી, તેમ કમળા જેઠાણીનું ઓસડ વાટવા ભૂવા જતીઓને ત્યાં જતી આવતી તથા મસીદોમાં જઇ પીરની બાધા લેતી હતી!! કમળાને ત્યાં એના ધણીનો એક મિત્ર નામે સદાશીવશંકર ભટ આવતો જતો હતો. આ બ્રાહ્મણ જોશીનો ધંધો કરતો હતો, એટલે જન્માક્ષર જોવામાં તે ચાલાક હતો, તેમજ થોડું ઘણું ઊંટવૈદું પણ જાણતો હતો અને ફારશી ભાષાનું તેને સારૂં જ્ઞાન હતું. શરીરે મધ્યમ કદનો, ચપટું મૂખ અને વાર્ણ્શ્વેત હતો. અવિહિત કર્મકાન્ડમાં તેનું જ્ઞાન અત્યુત્તમ ગણાય છે! આ બ્રાહ્મણ અને કમળા વચ્ચે સારી પ્રીતિ હતી, એટલે કમળા તેનામાં લિપ્ત હતી! બન્નો એકજ મ્હોલ્લામાં રહેતાં હતાં એટલે આ અનિતિના પાશમાં પ્રવૃત્ત થએલી કમળાદેવીને, વિક્રમની સુષુપ્તિમા ઘેરાયલા સદાશીવશંકર ત્યાં હરેક મિષે જવાને અડચણ પડતી નહીં! માત્ર આ બ્રાહ્મણ ઉપરજ કમળાનો પ્રેમ હતો એમ નથી પણ એક બે વણીક સાથે પણ સારી મિત્રતા બંધાઈ હતી! તેઓ પણ કમળાને ઘણી મદદ કરતા હતા! કમળાના પુત્રનાં લગન વેળા એક વણીક મિત્રે રેશમી કાપડ ઘણું બક્ષિશ કીધું હતું!! કમળા ધર્મનો ડોળ ઘાલવામાં પણ ઘણી ચતૂર હતી! પોતે ઘણી ભાવિક ભકતાણી છે, એમ બતાવવા તે દરરોજ દેવાલયોમાં જવાને ચૂકતી નહતી! એક

વેળા એવું બનેલું કે કમળા એક દેવાલયમાં ગયલી હશે, તે વેળા ત્યાંના પૂજારી સાથે પોતાના પતિવ્રતપણાને કલંકિત કરતાં તેની ન્યાતના એક પુરૂષે તેને જોઈ હશે! આ વાતે સર્વ સ્થળે પ્રકાશ પામી હતી! વળી હોળીનાં દિવસમાં એકવાર શેહેર બ્હારનાં એક પવિત્ર તિર્થ ઉપર આવેલા દેવાલયમાં તેજ પુજારીને રંગ ગુલાલથી ભીંજવી રાસક્રિડાની પેઠે પોતાની બ્હેન અને સહચરીઓ સાથે રમવા તથા તેને હિંડોળે ઝુલાવવા ગએલી!! કમળા ફ્જેતીથી કેવળ નિડર હતી! કમળાની ટોળીમાં એ બે બ્હેનો શિવાય બે ત્રણ વાણીયણ અને એક બે બ્રાહ્મણી પણ હતી. પણ એ સઘળીઓનાં ગુંણ ઘણાખરા સરખાજ હતા! પ્રિય સખી, એક સ્ત્રીએ યવનથી પોતાની દેહ ભ્રષ્ટ કરીને પોતાના પતિને સારે દરજ્જે લાવવા યુક્તિ કીધેલી હતી એમ કહેવાય છે! વિશેષ કહેવું લજ્જા રહિત છે. અરેરે, જાત્યાભિમાની આ વિષમ કથા કેમ સહન કરે? ધન્ય છે ભર્તુહરી. પિંગળા ઉપર અગાધ પ્રેમ છતાં તેની અનીતિ જાણવામાં આવતાં આ મોહક (અંતે નાશવંત) સંસાર તાત્કાળ ત્યાગ કીધો!

"પ્રિય સખી. આવી ચાર પાંચ દુષ્ટાએ વ્હેમને વશ થઈ જઈ, પતિવ્રતપણાથી વિમૂખ રહી અનીતિનો માર્ગ સ્વિકારી ઘણી સ્ત્રીઓને બગાડવા યત્ન કીધેલો, પણ ડાહી, ભણેલી, અને સમજુ સ્ત્રી એઓનાં પાશમાં બીલકુલ પડી નહીં: પણ જેણે કેળવણીનું નામ સ્વપ્નમાં પણ સાંભળેલું નહિ એવી વ્હેમી સ્ત્રીઓજ માત્ર સપડાએલી! પણ જો આ બન્ને બ્હેનો અને એની કુભાન્ડ ટોળીમાંની બીજી સ્ત્રીઓને યોગ્ય કેળવણી મળી હતે તો તેઓ આવો આડો માર્ગ કદિ પણ સ્વિકારતે નહીં. હે પરમાત્મા, પાપી વિચારની અસર દેહના અંત સુધી પણ મન ઉપર થવા દઈશ નહીં, એજ મ્હારી વિજ્ઞપ્તિ છે."

"ધિક્કાર છે, પ્રિય સખી, આવી કુલટાઓને અને તેના ચર્મ ચક્ષુ પતિઓને આજે આ કથા સાંભળી મ્હારૂં હૃદય પણ બળેછે. બેશક સ્ત્રીને યોગ્ય કેળવણીની અવશ્ય જરૂર છે. આજ તો હવે વખત વધારે થયો છે માટે હવેને પ્રસંગે તીહાડનો અધુરો રહેલો વિષય પૂર્ણ કરીશું." ચન્દનગવરીએ કહ્યું. પછી અન્યોઅન્ય મળી સર્વે છૂટાં પડયાં.

પ્રકરણ ૧૨મું.

મિત્ર અને મિત્રતા.

હે ગુંણજ્ઞ વાંચક વર્ગ, આ કથાના મુખ્ય નાયક ચંદ્રવદનને મદનલાલ અને છોટાલાલ એવા બે મિત્રો હતા. તેઓ જ્ઞાની, પરોપકારી, દયાળુ અને સદ્ધર્મિ હતા, તેમજ કુળવાન અને ધનવાન માબાપના પુત્રો હતા. ત્રણે જણાનો સ્વભાવ ઘણી ખરી બાબતોમાં સરખો હોવાથી તેઓ વચ્ચે બાલ્યાવસ્થાથીજ સારી પ્રીતિ બંધાઈ હતી. મદનલાલ વકીલનો ધંધો કરતો હતો, અને છોટાલાલ પોતાના પીતાનો જે આડતનો ધંધો હતો તેજ ચલાવતો હતો કાયદાનું જ્ઞાન મદનલાલે ઘણી સારી રીતે મેળવ્યું હતું. તેમજ બોલવાની છટા પણ વખાણવા યોગ્ય હતી. કિસનગઢના બીજા વકીલોમાં તે ઘણો શ્રેષ્ટ ગણાતો હતો. ન્યાયાધિશની સમક્ષ પોતાના અસીલોનાં કામ તે એવી તો ચાલાકી અને સત્યતાથી બજાવતો હતો કે એની તીવ્ર બુદ્ધિને લીધે ન્યાયાધિશો પણ એના ઉપર બહુ પ્રસન્ન રહેતા હતા. પ્રસન્ન રહેવાનું મુખ્ય એ કારણ હતું કે—મદનલાલ જે ઈમારત બાંધતો હતો તે માત્ર સત્યનાજ પાયા ઉપર. પોતાનો સ્વાર્થ સાધવાને માટે તે અસીલોને ઊંધુ ચતુ કદિ સમજાવતો નહીં પણ ખરેખરી સલાહ આપતો હતો. છોટાલાલ પણ પોતાના ધંધામાં સત્ય અને નીતિને અનુસરીનેજ દરેક કામ કરતો હતો એટલે એની પ્રખ્યાતી પણ દેશ પ્રદેશમાં સારી હતી. જેમ સ્વદેશહિતાર્થે ચન્દ્રવદન તન મન અને ધનથી મદદ કરતો હતો તેમજ આ તેના બન્યો મિત્રો પણ કરતા હતા. આ ત્રણે મિત્રોનું પ્રેમ બંધન ઘણુંજ દ્રઢ હતું. મિત્રતાની ફરજ તેઓ યથાર્થ રીતે સમજતા હતા અને તે પ્રમાણે તેઓ વર્તતા હતા; કેમકે

શ્લોક.

आतुरे व्यसने प्राप्ते दुर्भिक्षे शत्रु संकटे
राजद्वारे श्मशाने च यस्तिष्ठति स बांधवः॥

"જ્યારે ભારે દુઃખ પડે, મહિ તળે દુષ્કાળ પડે, રોગે કરી શરીર પિડિત થાય, શત્રુની ભીતિ અતિ થાય, રાજ્યદ્વાર વિષેની

ભીતિ અતિ આવી પડે ત્યારે અને શ્મશાન ભૂમિએ જે સહાય કરે તે સાચો મિત્ર જાણવો."

શાસ્ત્રમાં મિત્રતા વિશે આ ઉપર કહેલા શ્લોકની મતલબ ઉપર તેઓ પૂર્ણ લક્ષ રાખતા હતા. તેઓમાં કહેવા કરતાં કરી બતાવવાની ટેવ સારી હતી. જેમ તેઓ બીજાને બોધ આપતા હતા તેમ તેઓ જાતે પણ વર્તતા હતા.

આ ત્રણે મિત્રો જાણે એકજ કુટુંબના હોયની તેમજ દેખાતું હતું. ત્રણેની વર્તણુંક પરસ્પર એવી એકયતા ભરેલી હતી કે તે જોઇને અદેખાઓને ઈરસ્યા આવતી અને વિચારવંત ધન્યવાદ આપતા હતા. ન્યાત જાત, સગાં સંબંધી અને ઓળખાણવાળા વર્ગમાં આ ત્રીવેણી સંગમની ભારે પ્રસંશા થતી હતી. ત્રણમાંથી કોઈને પણ કાર્ય પ્રસગે, સહકુટુંબ બીજા બેના તરફથી સંપૂર્ણ મદદ મળતી હતી કે જેથી તેને બાહારની વિશેષ મદદની ભાગ્યેજ અગત્ય પડતી સ્ત્રી વર્ગમાં પણ એટલીજ એકયતા હતી. કોઇ પ્રસંગે અદેખાં સગાં દુભાતાં તો તેની તેઓ રીત પ્રમાણે સત્કાર શિવાય બીજી કશી પણ આશા કે દરકાર રાખતાં નહીં; કેમકે ત્રણેના કુટુંબની દૃઢ એકયતાને લીધે એમાનાં કોઇને પણ અડચણ પડતી નહતી. આ સર્વનાં મન કેવળ નિર્મળ હતાં. કોઇ પણ અદેખા કશા કુતૂહળથી ફાવી શકતા નહતા, કેમકે તેઓની નીતિ કોઇને પણ બાધ કરી શકે એવી નહતી. આટલું છતાં પણ સૃષ્ટિ સમુદ્રમાં કોઇ વેળા તોફાની મોજાં ચડી આવતાં તો તેથી પોતાનો બચાવ સહજ કરી શકતા અને નીતીના શસ્ત્રવડે પોતે પોતાને નિર્ભય સમજી બગીઅલોની વાગજાળ તરફ બેદરકાર રહેતા. કાન કરતાં સાંનનો ઉપયોગ તેઓ યથાર્થ કરતા હતા અન્યો અન્ય વાતચિત પણ તેઓ સ્પષ્ટજ કરતાં હતાં. મનમાં કંઈ અને મ્હોડે કંઇ, અથવા કોઇને ખરૂં કહેતાં ખોટું લાગશે માટે હાજી હા કરી, સર્વને રાજી રાખવા વિગરેનાં ખટ કર્મથી મુક્તજ રહેતા. નિઃસ્વાર્થ કાર્ય સેવટે જયવંત નિવડે છે. તેઓમાં એક બીજાના મન કળી જવાની શકિત પણ સારી હતી. ત્રણેની લાગણી સરખીજ હોવાને લીધે એકને અસર થતાં બીજાને તરત તેનો પટ લાગતો હતો ત્રણે મિત્રો સાથેજ રહેવાનું પસંદ કરતાં હતા, કેમકે દૃઢ એકયતા, નિર્મળ સ્નેહ, અને પવિત્ર પ્રીતિને લીધે વિયોગ શબ્દ ત્રણેને સરખી અસર કરતો હતો.

ચંદ્રવદનને જેમ બાળ લગ્ન ઉપર કંટાળો હતો તેમજ તેના આ બે મિત્રોને પણ હતો, તેથી તેઓ પોતાની યોગ્ય વયે પસંદ કરીનેજ પરણેલા હતા. મદનલાલની સ્ત્રીનું નામ પ્રેમગવરી અને છોટાલાલની સ્ત્રીનું નામ ચન્દનગવરી હતું. આ બન્યો સ્ત્રીઓ યોગ્યરીતે કેળવણી પામેલી, સુશિલ, નમ્ર, પરોપકારી, અને ધાર્મિક હતી તથા પતિવૃતપણાનો અર્થ યથાર્થ જાણતી હતી એટલે મદનલાલ અને છોટાલાલ તેઓની સાથે આનંદમાં દિવસ નિર્ગમન કરતા હતા.

હવે આપણે આ સ્થળે ખુલાસો કરવો જોઈએ કે, દશમા પ્રકરણમાં કહેલો સકુમાર, લાવણ્યવતી, અને વળી બીજાં સ્ત્રી પુરૂષ તે કોણ હતાં?

પ્રિય વાંચનાર, કાર્લિકિપુનમે જેમ હાટકેશ્વરની યાત્રા હતી તેમજ આપણા ચંદ્રવદનની શાલગીરી પણ એજ દિવસે હતી, અને ઝરૂખામાં જે પુરૂષ ચોપડી વાંચતો આરામ ખુરશી ઉપર પડયો હતો તેજ સકુમાર આ ચંદ્રવદન હતો. હવે તેની સાથે જે બે પુરૂષ હતા તે તેના મિત્ર મદનલાલ અને છોટાલાલ હતા. તથા જે બે સ્ત્રીઓ હતી તે ચંદ્રવદનનાં મિત્રોની પ્રિયાઓ હતી. યાત્રાનો મેળો અને ચંદ્રવદનની શાલગીરી, એ બે કારણોને લીધે સર્વ "ચંદનવાડી" નામના બગીચામાં ઉજાણી આવ્યાં હતા અને એ "ચંદનવાડી" ચંદ્રવદનના મિત્ર છોટલાલની સ્ત્રી ચંદનગવરીના પીતાની હતી, તથા જે લાવણ્યવતીએ ચંદ્રવદનને જમવાને કહ્યું હતું તેજ આ ચંદનગવરી હતી. તેમજ મદનલાલનાં ઘરનાં ઓરડામાં પણ જે જ્ઞાનની ચર્ચા થતી હતી તે કરનાર પણ એજ મિત્રમંડળ હતું.

પ્રકરણ ૧૩ મું.

યુવાવસ્થા.

આપણે કહી ગયા છીએ કે ચંદ્રવદનના બન્યો મિત્રો પોતાની યોગ્ય વયે યોગ્ય જોડ મેળવીને પરણ્યા હતા, પણ હવે આપણે ચંદ્રવદન વિષે વિચાર કરીએ. તેની યુવાવસ્થા પ્રકાશવા

માંડી છે અને તે આ સંસાર સાગરમાં ઉતરવાને યોગ્ય થયો છે. આ ભવાબ્ધિ તરવા માટે તેને યોગ્ય સલાહકારની અગત્ય હવે પડવા માંડી છે, અને તે મેળવવા માટેના વિચારો તેના મનપર આવવા લાગ્યા છે. પોતાના બન્યો મિત્રોને સજ્જન સ્ત્રીઓ મળી હતી, તેથી તે જોતો હતો કે તેઓ આનંદમાં દિવસ ગુજારતા હતા. પણ પોતાને તેવી સ્ત્રી મળશે કે કેમ તે વિષેના વિચારોમાં તે રાત્ર દિવસ ગુંથાયલો રહેતો હતો. આ વિચારમાં ને વિચારમાં ચંદ્રવદને ઘણા દિવસ ક્હાડયા પણ તેના મનને શાન્તિ મળે એવો એક પણ માર્ગ તેને જડયો નહીં. તેના શરીરની પ્રકૃતિ બદલાતી ગઇ અને તેની યુવાવસ્થા પ્રકાશવા માંડી.

જ્યારે જ્યારે તે પોતાના પુસ્તકાલયમાં આરામખુરશી ઉપર પડતો અને તેની નજર આસપાસની ચીજો અને પુસ્તકોના કબાટ ઉપર પડતી હતી ત્યારે તેના મનમાં સહજ આવ્યાં કરતું હતું કે—એ સર્વનો ઉપયોગ કરનાર હવે કયારે પ્રાપ્ત થાય? ચંદ્રવદનના બન્યો મિત્રો તેને હરઘડી દિલાસો આપી શાન્ત કરતા હતા. અને ધૈર્યતા રાખેથીજ કાર્ય સિદ્ધ થશે એવો બોધ આપતા હતા. જો કે તેઓને પોતાના મિત્રને માટે ઘણું લાગતું હતું તોપણ સદ્દસ્ત્રીનું કંઈ ઝાડ ન હતું કે ત્યાંથી લાવી આપે. પણ તેઓ પોતાના મિત્રને માટે કોઈ યોગ્ય અને વિદ્વાન સ્ત્રીની શોધમાંજ હતા. હવે જ્યારે ચંદ્રવદનના મિત્રોને આટલું લાગતુ હતુ ત્યારે શું તેના પિતા હરિવદનને પોતાના પુત્રને માટે કંઈ લાગતું નહીં હોય? પોતાનો પુત્ર આટલી મ્હોટી વયનો થયો ત્યાં સુધી તેણે કેમ જોયા કીધું? શું હરિવદનને તેની ન્યાતમાંથી કન્યા નહીં મળતી હતી? તેને ત્યાં કાંઈ દેતું ન હતું? પણ ના. તેમ નહીં હતું. હરિવદનની ન્યાતમાં કન્યાની કાંઇ ખોટ ન હતી. પણ તેનો વિચાર એવોજ હતો કે—પોતાનો પુત્ર યોગ્ય વયનો થાય પછી તેના વિચારને અનુસરીને એ કામમાં પગલું ભરવું, અથવા તેની મેળેજ તે પોતાને માટે વિચાર કરે. બાળલગ્નથી થતા ગેરફાયદાના દાખલા હરિવદને અસંખ્ય જોયા હતા, એટલે તે પોતાના પુત્રને એવી રીતે દુઃખી કરવાના વિચાર કેમ કરે. હવે કદાચ હરિવદનની એવી ઈચ્છા

હતી પણ તે હસમુખને કેમ ગમ્યું ? ખરી વાત. હવે આપણે તેનો વિચાર કરીએ. જેમ હાલની કેટલીક બુધ્ધિહિન અને અવિચારી સ્ત્રીઓ પોતાના પુત્રને ન્હાનપણમાં પરણાવી લ્હાવો લેવાનું ધારે છે તેમ હસમૂખને કરવું નહતું; કારણકે હસમૂખ પોતે યોગ્ય કેળવણી પામેલી વિદ્વાન સ્ત્રી હતી તેથી બાળલગ્ન કરી પોતાના પુત્રની જીંદગી રદ કરવા ચ્હાતી ન હતી. પણ તેને બદલે પોતાનો પુત્ર યોગ્ય વયનો થઇ મનગમતી જોડ બાંધી સુખી થાય એમજ ચ્હાતી હતી. ધન્ય છે હરિવદનને અને હસમૂખને તથા તેઓની વિદ્વતા તથા જ્ઞાનને.

પણ હવે ચંદ્રવદનનું શું થયું ? ઘણા દિવસ આમને આમ વીતી ગયા, પણ તેને કાંઇ ચ્હેન પડતું નથી. દરરોજ બગીચામાં ફરવા જતાં વૃક્ષોને વેલરૂપી અર્ધાંગનાનો સમાગમ જોઇ, પોતાના મનમાં પોતાને હતભાગ્ય સમજતો હતો. પણ તેના મિત્રો તેનો મનોવિકાર સમજી જતા અને તેના ઉપર ધૈર્યતાનું શીતલ જળ હંમેશ છાંટયા કરતા હતા. રાત્રીને વિશે પણ ચંદ્રવદનને ન્હાના પ્રકારના વિચારો ઉત્પન્ન થતા હતા.

પ્રકરણ ૧૪ મું.

સ્ત્રી કેળવણી તે શું ?

આજે ચંદ્રવદન કન્યાશાળા તરફ જવાનો વિચાર કરે છે. ઘણાં દિવસ થયા તે તરફ ગયો નથી તેથી તેને જાણવાની અગત્ય છે કે તારાગવરીના આવ્યા પછી કન્યાઓનો અભ્યાસ કેવો ચાલે છે. ઈનામ વેહેંચવાનાં વિચારથી તે, પુસ્તક કપડાં અને બીજી ઉપયોગી ચીજોને કન્યાશાળામાં મોકલવા માટે આદમીને સૂચનાં આપે છે. આદમી બધું ગોઠવીને પોટલું બાંધે છે, અને ચંદ્રવદન કપડાં પહેરે છે. એટલામાં તેના બે મિત્રો આવી પૂગ્યા, અને તેઓની સાથે તે કન્યાશાળા તરફ રવાના થયો. ત્યાં જઈ બાળકીઓને વિવિધ પ્રશ્નો પૂછી તેઓના અભ્યાસની ખાતરી કરી. કન્યાઓના અભ્યાસથી અને ભરતકામનાં નમુના જોવાથી ત્રણે મિત્રે અત્યાનંદ પામ્યા. તારાગવરીએ ઘણો શ્રમ લીધેલો છે એમ

તેઓને લાગ્યું. પછી ઇનામનાં પુસ્તકો વીગરે વેહેંચવા માંડ્યું. તારામવરીને ત્રણે જણે ઘણી સાબાશી આપી અને ચંદ્રવદને તેને પણ એક સાડી આપી. કન્યાઓને રજા મળી.

કન્યાશાળા ઉપર મુખ્ય દેખરેખ ચંદ્રવદનનીજ હતી. કિસનગઢની કન્યાશાળાની હાલત તે વખતે નબળીજ ચાલતી હતી અને ધોરણોનું ઠેકાણું ન હતું સ્ત્રી કેળવણીના કારભારીઓ માનને ખાતરજ ઉપલી ટાપટીપ અને લાંબાં ભાષણોમાંજ આનંદ માનતા, પણ યોગ્ય સ્ત્રી કેલવણી ઉપર કેવળ અલક્ષિત હતા. સ્ત્રી પુરૂષની કેળવણી સરખી હોવાથી યોગ્ય સ્ત્રી કેળવણીનો હેતુ ક્યાં પાર પડે ? આ કન્યાશાળા ઊપર મુખ્ય દેખરેખ ચંદ્રવદનની થવા માંડયા પછી તેમાં ઘણો ફેરફાર એણે કીધો હતો. સ્ત્રી કેળવણીને છાજતાં પુસ્તકો તેણે નવાં રચ્યાં હતાં અને તેજ શિખવવાં શરૂ કર્યાં હતાં. પુરૂષોને ચાલતાં પુસ્તકો સ્ત્રીઓને તદ્દન નકામાં છે, એમ તે ધારતો હતો.

ચંદ્રવદનની આ ગોઠવણ કેવળ સ્તુતિપાત્ર હતી. કેમકે કન્યાઓને હાલ શિખવાતી ચોપડીઓ તદ્દન નકામીજ છે. ન્હાનપણમાં માબાપ તેમજ બીજાં સગાં સાથે કેમ વર્તવું, તેઓ સાથે નમ્રતાથી કેવી રીતે બોલવું, ઘરનું કામકાજ કેવા નિયમથી કરવું તેમજ સાસરે ગયા પછી પતિ, સાસુ, સસરા. દિયર, જેઠ આદિ સગાંઓ સાથે કેમ વર્તવું, પતિ તરફ પોતાની શું ફરજ છે તેનું જ્ઞાન મેળવવું, પતિવ્રતવ્રત કેમ પાળવું, ઘરના હિસાબ કેવી રીતે રાખવા, કામકાજની વ્યવસ્થા કેવી રીતે કરવી અને બાળકોની મ્હાવજત કેવી રીતે રાખવી તથા કેવી રીતે ઉછેરીને કેળવવાં તેમજ વૃદ્ધાવસ્થામાં કુટુંબ સાથે કેવી રીતે વર્તવું એ આદિ વિષયોથી ભરપૂર પુસ્તકો હોય તોજ કન્યાઓને ફાયદો થાય; અને ખરેખરી સ્ત્રી કેલવણી પણ ત્યારેજ; પણ તેમાંનું હાલ ચાલતાં પુસ્તકોમાં તો કશુંજ નહીં હોય, તો પછી એવાં પુસ્તકો શિખવ્યાં તોપણ શું અને નહીં શિખવ્યાં તોપણ શું? કેળવણીના ઠેઠ લગી ડાહ્યાઓને કોણ જાણે આ વિષય ધ્યાનપરજ નથી કે શું, તે પણ જણાતું નથી. માત્ર બરાડાજ સંભળાય છે કે—સ્ત્રી કેળવણીથી સંસાર સુખ જોઈતું મળે છે; સ્ત્રી કેળવણીથી જોઈએ તેવા લાભ થાય છે, ઈત્યાદિ. પણ ખરેખરી ખેદકારક વાત છે કે તેઓની તિવ

બુદ્ધિમાં એટલું પણ નહીં ઉતરતું હોય કે-આવી જાતની કેળવણી સ્ત્રીઓની સ્થિતિ સુધારવાને બદલે ઉલટી બગાડશે ? આ કેળવણી અધુરી કહેવાય, અને એવી અધુરી કેળવણીનાં ફળ અધુરાં— માઠાં નીવડે એમાં શું શક? ભૂગોળ, ઇતીહાસ, અને કવિતા તેમજ ઉંદર બલાડા અને ચકલા ચકલીની વાતો શિખવ્યાથી તેઓને સ્વધર્મનું જ્ઞાન મળશે? શું એથી તેઓને પોતાની ફરજ અને કર્તવ્યનું ભાન થશે? આવી કેળવણી માત્ર તેઓને ખોટે માર્ગે જવાને સાધનભૂત થાય એમ જો જુનાં-વૃધ્ધોનું કહેવું હોય, તો તે શું ખોટું ગણાશે કે? જરા વાંચતાં લખતાં આવડયું અને નકશા બતાવ્યા એટલે સ્ત્રી કેળવણી થઈ!! અફસોસ. આ વિષય ઉપર હાલમાં બેશક ઘણુંજ ધ્યાન ખેંચાવવાની જરૂર છે. ચન્દ્રવદને આવાં યોગ્ય પુસ્તકો રચીને શિખવવા માંડયાથી કેટલો લાભ કન્યાઓને થયો હશે તે વિષેનો વિચાર સહેજ ધ્યાનપર આવશે.

પણ હવે આપણે મૂળ વાત ઉપર આવવું યોગ્ય છે. કન્યાઓને ઈનામ આપી વિદાય કર્યા પછી તારાગવરીએ કહ્યું કે "ચન્દ્રવદનભાઈ, આ તમારાં નવાં પુસ્તકોની હું જેટલી સ્તુતિ કરૂં તેટલી ઓછી છે કન્યાઓને ખરેખરૂં જ્ઞાન તો આથીજ થવાનું. પણ એક ખરેખરી દલગીરીની વાત છે કે આજ જેમ વિદ્વાન સ્ત્રીઓની અછત છે તેમ તેવા પુરૂષો પણ મળતા કઠણ પડે છે. દ્રષ્ટાન્ત તરીકે જે શેહેરમાંથી હું અત્રે આવી છું તે શેહેરમાં મ્હારા હાથ નીચે કેળવાયલી, એક આબરૂદાર અને ધનાઢ્ય વ્યાપારીની વિદ્વાન પુત્રી નામે ચન્દ્રકળા મને પોતાની પ્રતિમા ભેટ મોકલતાં પોતાનાં પત્રમાં જણાવે છે કે-'જ્યારે અમે આટલો શ્રમ લઈને અભ્યાસ કરીએ અને પછી સંસાર સુખ મેળવવાની આશા રાખીએ છીએ ત્યારે અત્યંત દલગીરી ઉપજે છે કે અમને યોગ્ય ભર્તાર મળી શકતા નથી. હવે જ્યારે એમ છે ત્યારે લીધેલો શ્રમ અને આશા હમને વ્યર્થ બોજા જેવાં થઈ પડે છે, અને ઉલટો સતાપ થાયછે. આ વિચાર જ્યારે પ્રાધાન્યપણે હમારા મનપર આવે છે ત્યારે હમારૂં હૃદય ભસ્મવત થાય છે, અને અંત્યે નિશ્વાસ મૂકી ભવિષ્ય ઉપર આધાર રાખી બેશીએ છીએ. લગભગ છ માસ થયાં મ્હારે માટે અત્રે યોગ્ય પતિની શોધ ચાલુ છે પણ કમનસીબે મ્હારી આશા ફલિભૂત થઈ નથી અને વિશેષ શોધથી આ

શેહેરમાંથી કોઇ યોગ્ય પુરૂષ હાલ મળે એમ પણ લાગતું નથી. હું ધારૂં છું કે કદાચ આપનાં તરફથી મને મ્હારી જ્ઞાતીના કોઇ સદ્‌ગુણી અને યોગ્ય પુરૂષની ભાળ મળે.' ત્યારે હવે જૂવો કે આ વિદ્વાન બાળકાને પોતાના શેહેરમાંથી તો યોગ્ય પતિ નહીંજ મળ્યો કેની? જૂવો આ તેની છબી, કેવી સુન્દર છે! પણ તે પોતાને હત્‌ભાગ્ય માને છે, અને તે સત્ય ઠરે છે."

તારાગવરીનું ઉપર પ્રમાણેનું બોલવું સાંભળી મદનલાલે જવાબ આપ્યો કે "મ્હારા ધારવા પ્રમાણે આ શેહેરમાં તે કુમારિકાને યોગ્ય કોઈ પુરૂષ શોધ કરતાં નીકળશે ખરો." ચંદ્રવદન અત્યાર સૂધી પેલી છબી જોયાં કરતો હતો. તેણે છોટાલાલને કહ્યું કે "આ છબી ઉપરથી એટલું તો કળી શકાય છે કે, એ સ્ત્રી શાન્ત, સુશિલ અને હાસ્યવદની છે; પછી અંદરના બીજા પ્રકાર તો જે હોય તે ખરા." મદનલાલે તારાગવરીને પૂછ્યું કે "એ બાળાનું વય કેટલું છે, તેણે કેટલો અભ્યાસ કીધો છે, અને તેના માતાપિતા કોણ અને ક્યાંનાં રહીશ છે તે વિષે અમે વિસ્તારથી જાણવા ઈચ્છીએ છીએ, માટે જો આપને અડચણ ન હોય તો કહેશો."

તારાગવરીએ અત્યંત ખુશીથી જવાબ દીધો કે "જો આપ તેની વિષે જાણવા ઈચ્છો છો તો મને કહેવા માટે કશી અડચણ નથી. ચંદ્રપુર શેહેરમાં સીતાપોળ નામની એક ખડકીમાં સુખલાલ કરીને મ્હાન ધનાઢ્ય વ્યાપારી રહે છે. તેને મધુરતી નામની વિદ્વાન સ્ત્રી છે અને કિશોરલાલ નામે એક પૂત્ર તથા ચંદ્રકળા નામે એક પુત્રી છે કે જેની છબી આપનાં હાથમાં છે. એ છોડી જ્યારે છ વર્ષની હતી ત્યારથી ત્યાંની કન્યાશાળામાં મ્હારી પાસે અભ્યાસ કરતી હતી. આ બાળકાને સારી રીતે કેળવવા માટે તેના માતપિતાની પૂર્ણ કાળજી હતી. એ છોડી ન્હાનપણથીજ ઘણી ચપળ છે. નિશાળમાં શિખવવા ઉપરાંત ઘેર ખાનગી અભ્યાસ કરવવા માટે તેની માતાએ મને સપુરત કરી હતી. નીતિ અને ધર્મનો ઉપદેશ તો હું તેને બાળપણથીજ આપતી આવી છું. જો કે ત્યાંની કન્યાશાળામાં હજુ પુસ્તકોનો ફેરફાર થયો નથી તોપણ ઘેર આગળ તો હું તેને નીતિનાંજ પુસ્તકો શિખવતી હતી પ્રથમ મે તેને બોધવચન શિખવ્યું. ત્યાર પછી ઈસપનીતિ શિખવી એ બે પુસ્તકોની અસર થવા કેડે જ્ઞાનોદય, નીતિવિલાસ, સ્વધર્મ, કન્યો

પદેશ, શિવસ્તુત, પ્રેમચરિત્ર, પતિસેવા, મહાસતી આખ્યાન, નળાખ્યાન, અને શકુન્તલાખ્યાનો શિખવ્યાં. આ પુસ્તકોની મતલબ તેના મન ઉપર સારી રીતે ઠસાવી અને શબ્દાર્થ તથા મરમાર્થ બતાવ્યા. ત્યાર પછી બાલ્યાવસ્થા, યુવાવસ્થા અને વૃદ્ધાવસ્થા એ પ્રમાણે ત્રણે અવસ્થામાં કેમ વર્તવું તેનો બોધ કર્યો તેમજ હિસાબમાં અંકગણીત સુધી શિખવ્યું. ભરવા અને શિવવા તથા ગુંથવાના કામમાં આજ તે મ્હારાથી ઉતરે તેમ નથી. આટલો અભ્યાસ મેં કરાવ્યો તે વેળા તેનું વય ચોદ વર્ષનું હતું અને હાલ સોળમું ચાલે છે. એ પુત્રીનાં માતપિતા ઘણાંજ મળતાવડાં છે, તેથી માહરા ઉપર પણ તેઓ પોતાની પુત્રી જેટલો પ્રેમ રાખે છે. જ્યારે હું ત્યાંથી અત્રે આવવા નીકળી ત્યારે મધુવતીની આંખમાં આંસુ ભરાઈ આવ્યાં અને ચંદ્રકળા પણ ચોધારે આંસુ રોઇ હતી."

આ બીના સાંભળી ચંદ્રવદનના મન ઉપર ઘણીજ અસર થઈ. પછી ઘણો વખત થઇ ગયો હતો એટલે અન્યોઅન્ય મળી ત્રણે મિત્રો ઘેર જવા નીકળ્યા. તારાગવરી ચંદ્રકળાના પત્રનો જવાબ લખી મોકલી પોતાને ઘેર ગઇ

ચાર પાંચ દિવસ વિત્યા કેડે તારાગવરી એક દહાડો પોતાના ઘરમાં હીંડોળા ઉપર બેઠી હતી તે વેળા તેના મનમાં વિચાર આવ્યો કે "પ્રિય ચંદ્રકળાને માટે હવે કોઈ યોગ્ય પુરૂષની ભાળ જલદી મળે તો ઘણું સારૂં, કેમકે હવે તેની વય થવા આવી છે. પણ હું એ વિષે શું કરી શકું તે પણ સુઝતું નથી. પણ હવે એમ કરવું યોગ્ય છે કે મદનલાલનેજ બોલાવીને સૂચના કરૂં એનાથી મને કોઈ પુરૂષની ભાળ મળશે, અને વળી તે દહાડે કન્યાશાળામાં તેઓનું એ વિષે બોલવું પણ થયું હતું; માટે એ વિચાર સારો છે." આ પ્રમાણે વિચાર કરી મદનલાલ ઉપર એક ચિઠ્ઠી લખી મોકલી એટલે તેઓ આવ્યા. પછી તારાગવરીએ ચંદ્રકળાનો કાગળ તેને વંચાવ્યો અને બધી વાતનો ખુલાસો કર્યો. મદનલાલ સઘળી હકીગતથી વાકેફ થયા પછી બોલ્યા કે "જો ઈશ્વરની મરજી હશે તો એ કામ સહજમાં બની જશે. મ્હારા સદ્‌મિત્ર ચંદ્રવદન પોતેજ હજુ પરણ્યા નથી, અને તેઓ પણ કોઈ યોગ્ય કન્યાની શોધમાં છે. જે પ્રમાણે તમે ચન્દ્રકળાનું દુઃખ કહ્યું તેજ પ્રમાણે ચંદ્રવદનને પણ

છે. હું આ વાત તેને કહીશ, અને ઇશ્વરેચ્છાથી જો એક બીજાને પસંદ પડશેતો કંઇજ કહેવુ નથી પણ ચંદ્રવદનના માતપિતાનો વિચાર શું હશે તે હમે શું જાણીએ?"

"શિ આશ્ચર્યની વાત! ચંદ્રવદનભાઇને તો હું પરણેલાજ જાણું છું! ઓહો! આજના વખતમાં આવા વિદ્વાન બીજા તે કોણ મળનાર હતા? અને ચંદ્રકળાના માતપિતા તો ઘણીજ ખુશીથી કબુલ કરશે. તેઓ ઘણાજ સમજુક છે અને ચંદ્રકળાનો વિચાર જો ચંદ્રવદનભાઈ સાથે થશે તો તેઓ પણ તેજ પ્રમાણે પોતાની કબુલત આપશે. માટે તે વિષેની આપે જરા પણ ફીકર કરવી નહીં" તારાગવરીએ મદનલાલને કહ્યું.

મદનલાલ આ હકીકતથી ઘણા ખુશી થયા અને પોતાના પ્રિય ચંદ્રવદનને આ હકીકત જણાવીને એ વિષેનો વિચાર કરવાનો નિશ્ચય કરી તારાગવરી પાસે આગ્યા માગી પોતાના ઘર તરફ ગયા.

પ્રકરણ ૧૫મું.

દિલાસા પત્ર.

પ્રિય વાંચનાર, હવે આપણે ચંદ્રપુરના વતની સુખલાલ તરફ નજર કરીએ. એ સુખલાલ કોણ અને કેવી સ્થિતમાં છે તે વિષે પાછળ આપણે કહી ગયા છીએ એટલે ફરીથી આ જગ્યાએ તેનું વર્ણન કરવુ વ્યર્થ છે. એ સુખલાલનો એવો રિવાજ હતો કે, પોતાના તેમજ પોતાના ઘરના કોઈ પણ માણસના પ્રદેશથી જે પત્રો આવે તે બધા પત્ર, ચાકર તેનેજ આપે અને પોતે શીરનામું વાંચીને જેના નામના હોય તેને મોકલાવે.

એક દિવસ ચંદ્રકળા પોતાના હિંડોળા ઉપર સુતી સુતી "પ્રેમ ચરિત્ર" નામનું એક પુસ્તક વાંચતી હતી. આ પુસ્તકમાં માત્ર નીતિને અનુસરીને પતિપત્નિનો અન્યોઅન્ય પ્રેમ અને એક બીજા પ્રત્યે પોતાનું કર્તવ્ય શું તેનો ચિતાર ચિતરેલો હતો. ચંદ્રકળાના મન ઉપર આ પુસ્તકે તેની વયને છાજે તેવીજ અસર કરી, અને તે વિચારમાં ને વિચારમાં ગરક થઇ ગઇ હતી એવામાં ચાકરે આવીને તેને એક પત્ર આપ્યો. શીરનામાં ઉપરના અક્ષર તારાગવરીના છે એમ જાણી અતિ ઉલ્લાસથી તે પત્ર ઉકેલ્યો અને વાંચવા માંડયો:—

"મ્હારી સદ્ગુણી અને પ્રીય ચંદ્રકળા,

ત્હારો આષાઢ શુદ ૧૦ અને બુધવારનો લખેલો પત્ર મને મળ્યો છે, અને તે સાથે બીડી મોકલેલી ત્હારી નિરમળી પ્રતિમા જોઈને મ્હારૂં મન ઘણુંજ પ્રસન્ન થયું છે. જે વેળા મને ત્હારૂં સ્મરણ થશે તે વેળા હું ત્હારી છબી ખરા પરેમથી જોઈને સંતોષ પામીશ.

ત્હારી છબી જોઈને હું જેટલો આનંદ પામી છું, તેટલોજ ખેદ તને થતા સંતાપથી મને લાગે છે.

પ્રિય ચંદ્રકળા, સત્ય વાત છે કે આટલો શ્રમ લઈને જ્ઞાન મેળવી, મનગમતો સ્વામી મેળવવાની આશા રાખીએ, અને જ્યારે તે નહીં મળે ત્યારે લીધેલો શ્રમ ફોકટ જાય, પણ સદ્ગુણી પુરૂષ નહી મળવાનો નિશ્ચય કરી આશા ભંગ થવું, એ કેવળ નકામું છે. મેહેનતનું ફળ ઈશ્વર આપ્યા વિના રહેતોજ નથી, પણ માણસે ધીરજ રાખવી એ ઘણું સત્ય છે. હું માન્ય કરૂં છું કે હાલના વખતમાં સદ્ગુણી અને વિદ્વાન પતિ મળવા મુશ્કેલ છે, તોપણ તેવા પુરૂષ નથી એમ કહેવું ભૂલ ભરેલું ગણાય.

ગુણજ્ઞ ચંદ્રકળા, ત્હારા મનનો સંતાપ હવે સત્વર દૂર થશે. તે પરમ કૃપાળુ સર્વેશ્વર ઉપરજ આધાર રાખજે, અને તેના નિયમોને અનુસરીને જેમ અત્યાર સુધી ચાલતી આવી છે તેમજ ચાલજે, એટલે તને ત્હારા શ્રમ અને સાબુરીનો બદલો તેજ પૂજ્ય પિતા આપશે. હાલે માટે હું યોગ્ય પતિ મેળવવાની શોધમાંજ છું, અને મને આશા પણ છે કે અહીંયાંથી ત્હારી ઇચ્છા ફળિભૂત થશે.

ત્હારો મ્હારા ઉપરનો સ્નેહ હરઘડી મને ત્હારૂં સ્મરણ કરાવે છે અને તેની લાગણીની અસર મને ઓછી થતી નથી. પ્રિય ચંદ્રકળા, મનનો સંતાપ દૂર કરી આનંદમાં દિવસ કહાડજે અને શોકરૂપી શિલાનો ભાર વેગળો કરી અશોક વનમાં ત્હારા મનને નિરંતર ફરતું રાખજે. "ચિંતા ચિતાથી બુરી છે."

ભરત કામના નમુના મેં ત્હારી પાસે મંગાવ્યા છે તે અવકાશની વેળાએ તૈયાર કરીને મોકલજે. મને તેની ઉતાવળ નથી. અને નવરાસની વખતે નીતિના પુસ્તકોનું અધ્યયન કરતી રહેજે, એમ તને કહેવું પડે તેમ તો નથીજ પણ મ્હારી ફરજ જાણી કહું છું.

ત્હારી હેતાળુ માતાને તથા પુજ્ય પિતાને મ્હારૂં પ્રણામ કહેજે અને છોટી ભાભીને મ્હારી વતી ઘણું કરીને બોલાવજે.

કિસનગઢ, અષાઢ શુદ ૧૩ }
સનીવાર }

લા૦ ત્હારી સદા શુભેચ્છક
તારાગવરીનો આસિરવાદ.

"આહા !! આજના પત્રથી મ્હારા મનને કેટલી ધિરજ આવી ! ઓ મ્હારી દયાળુ તારાગવરી, ત્હારા ગુણનો બદલો હું શી રીતે વાળીશ ! મહારે માટે તને કેટલું લાગે છે ! મહારા ઉપરનો ત્હારો પ્રેમ તો એક ઓરજ છે ! આહા !! શું મને ધિરજ આપે છે ! અરે, તે સાથે વળી ધર્મ અને નીતિનો ઉપદેશ મને તે કેવી રીતે કરે છે ! સત્ય વાત છે બ્હેન. હું ત્હારા કહેવા પ્રમાણે ઇશ્વર ઉપરજ ભરોસો રાખીને બેઠીછું." આ પ્રમાણે વિચાર કરી ચંદ્રકળાએ પત્ર ઉંચું મૂક્યું, અને પુસ્તક વાંચવા માંડ્યું.

પ્રકરણ ૧૬ મું.

યોગ્ય સાથીની અગત્યં.

"ચંદ્રકળા વિષે કન્યાશાળામાં જે વાતચીત **તારાગવરી** સાથે થઈ હતી તે ઉપરથી એટલું તો સિદ્ધ થાય છે કે એ બાઈ યોગ્ય કેળવણી પામેલી છે. પણ જે હકીકત ખરેખરી જાણવાની, તે વિષેનો કશો ખુલાસો થયો નથી. જ્યાં સુધી એ ખુલાસો થયો નથી, ત્યાં સુધી હું એને વિષે જે મત બાંધું તે માત્ર મૃગજળ પેઠેજ સમજવાના છે. કેમકે જો તે મ્હારી ન્યાતની નહીં હોય તો પછી કામનું શું? આજે **મદનલાલ** આવે તો એ વિશેનો ખુલાસો પૂછવો જરૂરનો છે. જ્યારે મેં એની છબી કન્યાશાળામાં જોઈ ત્યારેજ મ્હારા મન ઉપર વિચાર આવ્યો કે મેં એને કોઈ ઠેકાણે જોઈ છે, અને તે ખરૂં પડ્યું. ગઈ કાલે જ્યારે વિચાર કરતાં યાદ આવ્યું કે હું જ્યારે **પ્રતાપગઢમાં** મોતીલાલના છોકરાને દવા કરવા ગયો હતો ત્યારે તેના ઘરમાં મેં એને જોઈ હતી. જ્યારે મેં એને ત્યાં જોયલી ત્યારે તેની વય ન્હાની હતી, પણ એટલું તો તે વખતે પણ માલમ પડતું હતું કે, ભવિષ્યમાં પોતાની જાતીને શોભાવે એવું એક રત્ન નીવડશે; અને તે વાત આજે સત્ય ઠરે છે. હવે તો ઈશ્વર કરેને એ મ્હારી ન્યાતની ઠરે તો ઘણું સારૂં એ પ્રમાણે જો તે સર્વ રીતે યોગ્ય ઠરે તો હું પણ મ્હારા મિત્રોની પેઠે ભાગ્યશાળી થઈશ, અને તે જે કરશે તે સારૂંજ કરશે." આવા વિચાર **ચંદ્રવદન** પોતાના ઓરડામાં પલંગ ઉપર પડ્યો પડ્યો કરે છે એટલામાં તેના મિત્ર **મદનલાલ** અને **છોટાલાલ** આવી પુગ્યા. અન્યોઅન્ય મળીને બેઠા પછી **મદનલાલે** કહ્યું કે "પ્રીય **ચંદ્રવદનભાઈ**, કન્યાશાળામાં જે વાતચીત **તારાગવરી** સાથે થઈ હતી તે તો તમે જાણોછો ત્યાર પછી મને **તારાગવરીએ** ચિઠ્ઠી લખીને તેડાવ્યો હતો તે ઉપરથી હું ત્યાં ગયો. એણે મને **ચંદ્રકળાનો** પત્ર વંચાવ્યો, અને તે વિશેની બધી હકીકત કહી. વાતચીતથી એમ પણ માલમ પડ્યું કે તે તમારી ન્યાતનીજ છે. **ચંદ્રકળાને** સારૂ કોઈ યોગ્ય પુરૂષ મેળવી આપવા અને એને માટે બનતો યત્ન કરવા મને એણે કહ્યું. આ શેહેરમાં આવ્યા પછી ઘણી થોડી મુદત થયાને લીધે તે હજુ અત્રેનાં રહિશોથી અજાણ

છે એમ મને સુચવ્યું, અને તે યોગ્ય છે. આ ઉપરથી મેં તેને તમારા વિશેની હકીકત કહી આ સાંભળીને તે ઘણાં પ્રસન્ન થઈ ગયાં. તેના જાણવામાં તો અત્યાર સુધી એમજ હતું કે તમે પરણેલા છો. એણે તો એમજ કહ્યું કે-'મ્હારી ચંદ્રકળા ખરેખરી ભાગ્યશાલી થઇ.' પ્રિય મિત્ર મને પણ ખાત્રી થાય છે કે તે સ્ત્રી યોગ્યજ હશે.

છોટાલાલે જવાબ દીધો કે "તારાગવરી એવું માણસ નથી કે એક શબ્દ પણ ખોટો વાપરે."

ચંદ્રવદન બોલ્યો "પ્રિય મિત્ર, સત્ય છે હું પણ અત્યાર સુધી એજ વિચાર કરતો હતો. મ્હારા મનમાં મ્હોટો શક તો એજ હતો કે-તે મ્હારી ન્યાતની હશે કે નહીં, મ્હારો શક ખોટો પડયો. વળી મને પણ યાદ આવ્યું કે એ સ્ત્રીને એક વેળા પ્રતાપગઢમાં મોતીલાલના પુત્રને દવા કરવા ગયો હતો ત્યાં, મે જોઈ હતી અને તે ઉપરથી મ્હારી વધારે ખાત્રી થાય છે.

"ત્યારે હવે તારાગવરીને આપણો વિચાર જણાવવો અને સૂચવવું કે એ વિષે જે ગોઠવણ કરવી હોય તે કરે. તારાગવરી તો માત્ર તમારી 'હા' નીજ વાટ જૂવે છે. હવે હું એને મળીને આ વિચાર જણાવીશ. મને તો લાગે છે કે ઈશ્વર કરશે તો એ કામ સિદ્ધજ થશે. હમે પણ હવે તમને કોઇ યોગ્ય સ્ત્રીની સાથે જોડાયલા જોવાને ઘણાં આતુર છીએ. હમારા કરતાં તો તમારી બન્યો ભાભીઓ એ વિશે હમને ઘણું કહે છે. તેઓ કહે છે કે-જેમ તમારા ત્રણે મિત્રોની જોડ મળી રહી છે તેમ ચંદ્રવદન ભાઇની પ્રિયા થઈને કોઇ સદગુંણી સ્ત્રી કયારે આવે કે હમારી ખંડીત જોડ પૂર્ણ થાય," મદનલાલે કહ્યું.

ચંદ્રવદને જવાબ દીધો કે "પ્રિય મિત્રો, હું ઘણી ખરી બાબતમાં તમારા જેવા સુજ્ઞ મિત્રોની મદદથી મને પોતાને ઘણો નિશ્ચિંત માનું છું. મ્હારે માટે તમો સર્વને કેટલી મહેનત પડે છે તે વિષેનો વિચાર જયારે મ્હારા મનપર આવે છે ત્યારે મને ઘણું લાગે છે. તેની સાથે તમારા જેવા દ્રઢ પ્રેમી અને સત્ય લાગણી વાળા હાલ કેટલા નીકળે તેનો ખ્યાલ પણ થઇ શકતો નથી."

છોટાલાલ બોલ્યા, "એવા વિચારો મનપર લાવવાની કશી અગત્ય નથી. તમો સારી રીતે જાણો છો કે એક બીજા પ્રત્યે

જે કામ કરવાની આપણી ફરજ છે તેટલુંજ થતું નથી તો પછી વધારે મહેનતની વાત ક્યાં કરવાની રહી. અને ફરજ પ્રમાણે કરવું એમાં કાંઈ નવાઈ જેવું નથી.”

ચંદ્રવદને કહ્યું કે “પ્રિય મદનલાલ, તમો જ્યારે કન્યાશાળામાં જાઓ, અથવા તારાગવરીને ઘેર મળો ત્યારે તેની પાસેથી પેલી છબી જો તેને અડચણ ન હોયતો લેતા આવશો.”

આ પ્રમાણે વાતચિત કરી સર્વ જૂદા પડયા. મદનલાલે તારાગવરીને ઘેર જઈને આ સઘળી હકીકત જણાવી, અને ચંદ્રકળાની છબી પણ લીધી. આથી તારાગવરી ઘણી હર્ષિત થઈ. પોતાની પ્રિય ચંદ્રકળાને માટે આવા યોગ્ય પુરૂષની શોધ મળી તેથી તેને ઘણોજ આનંદ થયો. તેણે વિચાર કીધો કે “ મ્હારે ચંદ્રકળાને આ ખબર આપવી જોઈએ, કે તેની દલગીરી દૂર થાય. આવો સદગુંણી અને વિદ્વાન પતી એને બીજો કોણ મળનારછે ! ચંદ્રવદન જેમ વિદ્વાન છે તેમજ પરોપકારી અને ધાર્મિક પણ છે. લોકહિતાર્થે તે કેટલો શ્રમ લે છે ! સ્ત્રીને યોગ્ય કેલવણી આપવા માટે આજે જેટલી મહેનત એ કરેછે તેનો સોમો ભાગ પણ કોઈથી થતી હોય એમ લાગતું નથી. સભાઓમાં જૂદા જૂદા વિષયો ઉપર અપાતાં ચંદ્રવદનનાં ભાષણો જેમ જેમ હું વર્તમાન પત્રોમાં વાંચું છું તેમ તેમ એની પરોપકાર બુદ્ધિ માટે મને ઘણું લાગેછે. આહા. કિર્તિધર્મ અને કિર્તિઅભિલાષાને તે કેટલાં ધિક્કારે છે! મહારી પડોશણને મ્હોડેથી એના ગુપ્ત ધર્મ વિષે મેં હકીકત સાંભળી ત્યારેજ મ્હારા તો જાણવામાં આવ્યું. આહા, અન્ન અને દાંતને વેર એવા એક રંક કુટુંબની હકીકત તેના જાંણવામાં આવતાંજ બશો રૂપીઆની પોટલી કોઇ નહિ જાણે એવી રીતે તેના ઘરમાં મોકલાવી ! અરે પ્રભુ, આવા પુરૂષોને સદા સુખી રાખો કે જેથી હજારો આદમીનું ભલું થાય, અને પૈસા પણ એવાજ પાસે હજો કે રંક કુટુંબોની બરદાસ લેવાના કામમાં વપરાય. આવા દ્રષ્ટાન્ત, યુવાવસ્થાના મદમાં છકેલા અલ્પજ્ઞાની અને સ્વાર્થી ડોળઘાલુઓની બુદ્ધિ ઠેકાણે લાવવાને ઘણાંજ ઉપયોગીછે.” આ પ્રમાણે વિચાર કરી વખત થવાથી તે કન્યાશાળામાં ગઈ.

આણી તરફ **મદનલાલે** જે છબી **તારાગવરી** પાસે લીધી હતી તે **ચંદ્રવદનને** મોકલાવી. **ચંદ્રવદને** એક ચતુર ચીતારા પાસે તેની નકલ કરાવીને એક સુન્દર ચોકઠામાં મઢાવી પોતાના શયનગ્રહમાં ગોઠવી. **ચંદ્રવદનનાં** શયનગ્રહની સુંદરતા આનંદદાયક હતી. ભીંત ઉપર ચીતરેલી રંગ બેરંગી ફુલ પાત્રાંવાળી વેલો નેત્રને આનંદ આપવાને માટે જોઇએ તેવીજ હતી. પાંણીના જેવા નિર્મળ કાચના મનુષ્યના કદના આયના અને સુશોભિત તસ્વિરોના તકતા પણ શયનગ્રહની શોભા વધારવાને માટે બસ હતા. હાંડીઓ, ઝુમ્મરો, નકશીદાર ટેબલ ઉપર મખમલ પાથરી તે ઉપર મૂકેલાં સુન્દર રમકડાં, ધૂપદાન અને અતરદાનો, જમીન ઉપર પાથરેલો ચિત્ર વિચિત્ર રંગોથી ભરપૂર ગાલીચો, મખમલની ગાદી જડેલાં શીશમનાં લાકડાનાં કોચ પલંગ અને ખુરશીઓ વીગરે સાહિત્યોથી ભરપૂર આ શયનગ્રહ આનંદ આનંદ આપતું હતું. તેમાં વળી સુનેરી અક્ષરોથી જેનાં પૂઠાં ઝળકી રહેતાં હતાં એવાં પુસ્તકોનાં કબાટની શોભા પણ ઘણી રમણીક લાગતી હતી. ટૂકામાં એક દંપતિના વૈભવને માટે આ સ્થળ જેવું જોઈએ તેવુંજ હતું, પણ એનો યથાર્થ ઉપયોગ કરનાર હવે સત્વર પ્રાપ્ત થાય એવીજ ઈચ્છામાં આ પ્રકરણ બંધ કરવું યોગ્ય છે.

પ્રકરણ ૧૭ મું.

મનોવીકાર.

“લગભગ બે માસ થવા આવ્યા પણ હજુ સુધી **કિસનગઢથી** **તારાગવરી** તરફના મને હર્ષિત કરવા જેવા કંઇ સમાચાર આવ્યા નહીં. હા! મ્હારા નસીબનું પાનડું હવે કયારે ફરશે અને હું આ દુઃખમાંથી કયારે છુટીશ? અરે પ્રભુ, હવેતો સહાય થા.” આ પ્રમાણે **ચંદ્રપુરમાં** પોતાના પુસ્તકાલયમાં બેઠી બેઠી **ચંદ્રકળા** પશ્ચાત્તાપ કરેછે, તેવામાં ચાકરે આવીને કહ્યું કે “બ્હેન, **વીરમતી** તથા **સુનંદા** બાગમાં ફરવા જવા માટે ગાડી લઇને તમને તેડવા આવ્યાં છે” આ પ્રમાણે કહી ચાકર ચાલ્યો ગયો. **ચંદ્રકળા** મનમાં દલગીર થતી, પણ ન છુટકે વસ્ત્રાલંકાર ધારણ કરી પોતાની સહચરી સાથે બાગમાં જવા નીકળી.

જે બગીચામાં તેઓને જવાનું હતું તે બગીચો ચંદ્રકળાના પીતાનોજ હતો, અને તેમાં જવા માટે બે માર્ગ હતા. જ્યારે સીગરામ આધેના માર્ગ આગળથી આવ્યું ત્યારે સુનંદાએ ચંદ્રકળાને પૂછ્યું કે "પ્રિય સખી, ટુંકો માર્ગ છોડી દઈને તું સિગરામ આણી તરફ કેમ હંકાવી લાવી?" આ સાંભળી ચંદ્રકળાએ કહ્યું "પ્રિય સુનંદા, આ માર્ગે આવવાનું કારણ એજ છે કે-મ્હોટા દરવાજાની પાસેનો બંગલો જે મ્હારા પિતાએ મુસાફરોને ઉતરવા માટે રાખ્યોછે તેમાં ઉજાણી આવવા સારૂ મ્હારા પડોશીએ આજ સવારે પિતાજી પાસે પરવાનગી લીધી હતી, માટે ત્યાં તેઓની ખટપટ હશે તેથી ન્હાને દરવાજે થઈને આપણા ખાનગી બંગલામાં જઈશું તો ઠીક પડશે, એમ ધારી ચોબદારીને આણી તરફથી આવવા સુચવ્યું હતું."

હવે તેઓ ન્હાને દરવાજે થઈને પોતાનાં બંગલામાં ગયાં. ત્રણે સખીઓ ત્યાં બેઠી. પાણી પીને પાન ખાધા પછી શેતરંજ રમવો શરૂ કર્યો. જે ચંદ્રકળા આ ત્રણે સખીઓમાં શેતરંજની રમત ઘણી ચાલાકીથી રમતી હતી તેજ મુગ્ધાની સ્થિતિ આજ ઘણી નરમ જણાતી હતી. આ વેળા તેનો ચહેરો કરમાએલા કમળ જેવો દીસતો હતો. જો કે પોતાની સખીઓના આગ્રહથી તેને રમવા તો બેસવું પડ્યું હતું તોપણ તેનું આ વેળાનું રમવું તદનવગર મનનુંજ હતું. ચંદ્રકળાનું મુખ ચાલુંજ ફીકું પડેલું જોઇ વીરમતીએ વિચાર્યું કે "આજે ચંદ્રકળાને કંઇ ચેન પડતું નથી માટે અહીં રમ્યા કરવા કરતાં બાગમાં ફરીશું તો તેથી એના જીવને આરામ મળશે," એમ ધારીને રમત બંધ કરી. ચંદ્રકળાને લઇને ત્રણે સખીઓ નીચે ઉતરી અને આ મનોહર કુંજલતાઓમાં પ્રવેશ કીધો.

ફરતાં ફરતાં એક આમ્રવૃક્ષની શિતલ છાયાં નીચે ત્રણે હરિણાક્ષીઓએ પોતાના ચરણકમલથી તે સ્થળને શોભીત કરતી એક શિલાપાટને ભૂશિત કીધી. સુશોભિત લતામંડપમાં નિર્મળવાયુના યુગમાં વીંટલાયલી પણ જેનું મન વચને છાજતા વિકારે વ્યગ્રછે એવી કુંમારીકાની અસ્વસ્થ સ્થિતિની છાંયા બન્ને સખીના હ્રદય ઊપર પરાવર્તન પામી. આ મનોરંજક પુષ્પ વૃક્ષ લતામાં કલ્પિત ચંદ્રકળાના આગમનથી પ્રાણસમ હેતસ્વિનીને શાન્તિ

થશે એવો જે બન્યો સખીઓનો વિચાર, તે સ્વપ્નવત થયો. આ કૃષાંગિનીની અશાન્તિ શિલાપાટ ઉપર પણ મુક્તથઇ નહીં. ત્રણે જણીઓ શિલાપાટ વિસર્જન કરે છે. ચંદ્રકળાના પરિતાપની વેદનાએ વીરમતી અને સુનંદાના હૃદયકમલમાં પ્રવેશ કીધો. ચંદ્રકળાને હૃદયશૂન્ય નિહાળી અત્યાતુરતાથી સુનંદાએ પ્રશ્ન કીધો કે "હે તરલનયની, ત્હારી મુખમુદ્રા ગ્લાની પામેલી જોઈ રમતમાંથી, શાન્તિને અર્થે આ અશોક વનશોભાથી પરિતુષ્ટ થશે એ વિચારમાં સર્જી થઇ તને અત્રે લાવી, તે છતાં તુજ ગ્લાનીબંધ તૂટયો નહીં. આશ્ચર્ય, પ્રિય સખી ! તુજ હૃદયકમલ ઉપર કેકીના મિષ્ટ ધ્વનીની પણ અસર નહીં થઈ ! કોયલ અને બપૈયાની મધૂર વાંણીએ પણ ત્હારાં હૃદયને શાન્ત નહીં કીધું ! શિરીષ, ગુલાબ, ગુલદાવદી, ચંપો, મોગરો, જુઇ, જાઈ, પારિજાત અને મલ્લિકા જેવા કોમલ સુવાસિત પુષ્પતરૂઓ અને કુસુમવિચિત્રા વેલીઓએ પણ સેવટ તને નિરાશા દીધી ! પ્રિય, ત્હારી અસ્વસ્થ સ્થિતિએ અમારૂ મન અતીવ્યગ્ર કીધુ છે, માટે હે સ્યાણી સખી."—

આ પ્રમાણે સુનંદા બોલે છે એટલામાં તરતજ વીરમતી બોલી ઉઠી કે:—

(કલ્યાણ)

હે સ્યાણી સખી, પ્રિય આમ શુ કરે,
ન બોલે દીલ જો કદી તો અર્થ શો સરે. ટેક.
પ્રિય બે'ની વાત કે'ની આ'વી શું ઉદાસ,
સાચે સાચુ કહિદે મુજને બેઠી છું હુ પાસ. હે.
કારણ બોલ હેવું બોલ કહિદે ઝટ આ વાર,
શૂન્ય થઈને બેઠી છે શું, કે'વા છે વિચાર. હે.
દુઃખમાં લીન દેખું દીન, ગ્લાની આ વદન,
ધીરજ લાવી ખાલી કર તું રાખ્યું છે જે મન. હે.
બોલ બોલ અંતર ખોલ કરૂં હુ ઉપાય,
લાજ તજીને વિદિત્ત કરની જેથી શાન્તિ થાય. હે.

માટે હવે તુજ અંતરપટ અમારી આગળ ખોલવામાં સંકોચ રહિત થા અને નિવેદન કર."

હૈયાસુની ચંદ્રકળા આથી ગળગળીત થઇ ગઇ. શબ્દોચ્ચાર પણ તેનાથી થયો નહી. થોડીવાર સ્તબ્ધ થઇ, પણ પછી બોલી કે "પ્રાણથી પણ અધિક મ્હાનારી, ભમ્મર અને કમળસમ પ્રીતિ રાખનારી તેમજ સહચરી એ શબ્દને સાર્થક કરવા વાળી મ્હારી પ્રાણપ્રીય સખી. તમને, તમારાં જ્ઞાનને અને હું રંક ઉપરની તમારી મમતા અને દ્દઢ પ્રીતિને ધન્ય છે. એટલુંજ માત્ર કહી શકુ છું. માહારૂં ગુહ્ય જાણનાર આ વિશ્વમાં અત્યાર સુધી તમો બે શિવાય હજુત્રીજુ કોઈ પ્રારબ્ધે નિર્માણ કર્યું નથી, પણ હે સખી, નથી મને કંઇ વ્યાધી કે જે ઔષધોપચારે પણ તમો નિવારી શકો! કર્મની ગતી ન્યારીજ છે! હવે આધીનુ દુસહ દુઃખ અતી કઠણ થઇ પડયું છે.

આ કથન સાંભળી બન્ને ચતુરાઓ અતિ ખેદીત થઇ, હ્રદય ભરાઈ આવ્યું, અને નેત્ર સજલ થઈ પ્રવાહ પામ્યાં. સખી ચંદ્રકળા, અતિ દુખીત છે તેનો વિચાર કરવા લાગી બન્ને ચતુરાઓએ તેનાં દુઃખનુ કારણ કલ્પી લીધું, પણ જો-ચંદ્રકળા પોતાનું ભરાયલું હ્રદય ખાલી કરશે તો તેનો ભાર હલકો પડશે, એમ વિચારી વીરમતીએ તેની ડોકમાં પોતાનો હાથ નાંખી કહ્યું કે "હે પ્રેમપોષક પ્રિય સખી, ત્હારા અતુલ્ય જ્ઞાન અને ભવિષ્ય સૂચક કલ્પનાદિ ચાતુર્યતા આગળ અમારૂં જ્ઞાન તે કોણ માત્ર. સત્ય છે કે આધિનું દુસહ દુઃખ અતિ કઠણ છે, પરંતુ જેને તું ત્હારી પ્રિય સખી ગણે છે તે પ્રત્યે એ દુઃખનો ભરાયલો ભાર ખાલી કર્યા શિવાય તેનો ઉપાય ક્યાંથી થઈ શકશે? માટે પ્રિય ચંદ્રકળા હવે વેળા ગુમાવી દુઃખીત થઈ દુઃખી ના કર, અને સત્વર ત્હારા હ્રદયકમલ ઉપર વીંટલાયલી શોકરૂપી જાળને ઉકેલીને અંતરની હકિકત પ્રકાશિત કર કે જેથી અમારી અનેક વ્યર્થ કલ્પનાનો નાશ થાય"

ચંદ્રકળાના મન ઉપર શરમરૂપી પટ છવાઈ ગયો. તે ગળગળીત થઈ ગઈ. શબ્દોચ્ચાર પણ તેનાથી થયો નહીં. છેવટે કહ્યા વિના ઉપાય નથી, એવો વિચાર આવ્યાથી અતિ ખેદયુક્ત કરમાયલે મ્હોડે તે બોલી કેઃ——

વનચર વીરા વધામણી—એ રાગ.

"શું રે કહું બે'ની વાત હું, નવ ચે'ન લગાર,
અકળામણે કીધાં આકળી, સૂઝે નહીં રે વિચાર—શું રે.

આલી ઉમ્મર મોટી થઈ, સેહવું ક્યાં લગી આમ,
યોગ્ય પતી મળનો નથી, ભાંગી આશ તમામ—શું રે.
વર્ણવ્યો બાગ તેં માહેરો, શાન્તિ કરવાને કાજ,
પણ તે થઇ નહીં મૂજને, લાહ્ય લાગે છે આજ—શું રે.
પુષ્પ પરીમળ આવતાં, મુને લાગે અંગાર,
વાયું શીતલ આવ્યા થકી, નવ શાન્તિ લગાર—શું રે.
વૃક્ષ ગળા માંહે વેલડી, વળગી ભીડીને બાથ,
મુજને કહે આલી કોણ છે, કોને કહું પ્રાણનાથ—શું રે.
શોધ્યું આ શેહેર તમામ તો, અંતે થઈ હું નીરાશ,
આશ રાખીને મેં પાઠવ્યું, પત્ર તારાની પાસ--શું રે.
ભાળ ખચીત ત્યાં લાગશે, લેશે જો તે તપાસ,
પણ નાં સમાચાર આવીયા, દુઃખે વીત્યા બે માસ—શું રે.
આલી સે'તું આમ કયાં લગી, એનો શો છે ઉપાય,
દાખવ તૂં દયા લાવીને, જેથી શાન્તિ તો થાય— શું રે."

પોતાની સખી ચંદ્રકળાની આ દુઃખદાયક કથા સાંભળી, બન્યો સ્તબ્ધ થઇ ગઈ. નેત્રગણી સજળ થઈ પ્રવાહ પામ્યાં. પણ થોડીવારે મનને ખેંચી રાખી ચંદ્રકળા પ્રત્યે એક બોલી કે "ત્હારૂં આ દુઃખ જોઇને અમારૂં મન બળી જાય છે, પણ ધીરજ સમાન એક પણ શ્રેષ્ટ ઉપાય નથી. તેં તારાગવરીને લખ્યું છે એ ઘણું ડહાપણનું કામ કીધું છે; ચાર દિવસ મોડે વ્હેલે કંઈ પણ ખુલાસો મળશે. ત્હારા ઉપર એને પૂર્ણ પ્રેમ છે એટલે તે તને દુઃખિત કેમ રાખશે. તે તો ત્હારે માટે શોધમાંજ હશે. માટે પ્રિય સખી, ધીરજ રાખ. બે ચાર દિવસ પત્રની વાટ જો. નહીં તો ફ‌રીથી તેને એક પત્ર લખી યાદ કરાવીશું ઈશ્વર કરશે તો ત્હારી અભિલાષા કિસનગઢમાંથીજ પૂર્ણ થશે. પ્રભુ ઉપરજ હવે ભરોસો રાખ." એમ કહી સાયંકાળનો વખત થઇ ગયો હતો તેથી ત્રણે બ્હેનીઓ ઘર તરફ જવા નીકળી.

પ્રકરણ ૧૮મું.

પંથી મુસાફર.

"પ્રભુની ગતી ગહન છે" આ સિદ્ધાંત પણ શ્રેષ્ટ છે. મનુષ્યનું ધાર્યું શું થઇ શકે છે? માણસનાં મનમાં જે વેળા કંઇ વિકાર

ઉત્પન્ન થાય છે તે વેળા તેના ચિત્તની કેવી સ્થિતિ થાય છે? અને જ્યારે તેવી વેળાએ પોતાના મનનાં ઉભરા ખાલી કરે છે ત્યારે પોતાની આસપાસ શું બને છે તેનું પણ જ્ઞાન ભાગ્યેજ રહે છે! ચંદ્રકળા જે વેળા હૃદયશૂન્ય થઇ, અને તેની બન્ને સખીઓએ તેનું કારણ જાણવા આગ્રહ કર્યો, તેમજ તેણે પોતાના ઉભરા ખાલી કર્યા તે વેળા તેના સ્વપ્નમાં પણ નહીં હશે કે ત્રણ સિવાય કોઈ ચોથું આદમી ત્યાં હોય! પણ પ્રભુની લીલા કળી શકાય એમ છેજ નહીં. દૂર દેશથી આવેલો એક પંથી મુસાફર છુપો રહીને આ કુમારીકાઓની સ્થિતિ ઉપર પૂર્ણ લક્ષ દેતો હતો.

ચંદ્રકળા, સુનંદા અને વીરમતી તો બગીચો છોડી ચાલ્યાં ગયાં, પણ આ દિવ્ય કાન્તિવંત રૂપ ગુણ શીલ યૌવનારૂઢ પંથી તો વિચારમાં ને વિચારમાં લીનજ થઈ ગયો છે. તે બોલી ઉઠ્યો કે "ઈશ્વરે આ વિશ્વમાં પોતાની પૂર્ણ કારીગીરીના નમુના પણ સરજ્યા છે. હે તેજસ્વીતા, ધન્ય છે ત્હારાં જ્ઞાનને! મનુષ્યને મોહ પમાડનાર પ્રેમમૂર્તિ, ત્હારા કોકિલ કંઠમાંથી જન્મ પામતો મધુર અવાજ બુલબુલ જેવા પક્ષીઓનો ગર્વ પણ તાત્કાળ છોડાવે છે! આહા! ત્હારે માટે પ્રભુએ કયા ભાગ્યશાલીને નિર્માણ કર્યો હશે? એ તો સ્પષ્ટ માલમ પડે છે કે આ અમૂલ્ય રત્ન હજુ કોઇને હાથ ગયું નથી. આ રૂપ, ગુણ અને જ્ઞાનથી ભરપૂર પ્રેમમૂર્તિને ઇશ્વર ઉપર પણ પૂર્ણ આસ્તા છે એ અતિષય આનંદજનક છે. અરે પ્રભુ, મ્હારૂં પ્રારબ્ધ હજુ કયારે ઉઘડશે?" આ પ્રમાણે બોલી તે પોતાના મુકામ ઉપર ચાલ્યો ગયો, પણ તેને કંઇ ચ્હેન પડયું નહીં.

આપણો પંથી મુસાફર જેવો આ શેહેરમાં આવ્યો તેવો પોતાના એક સ્નેહીને ત્યાં ઉતર્યો હતો. આજે મધ્યાનકાળે આરામ લીધા પછી તે બહાર નીકળ્યો હતો; અને ફરતો ફરતો આ બગીચામાં આવી ચડ્યો લતામંડપની શોભા નિહાળતાં તેની દ્રષ્ટિ ત્રણે કુમારીકાઓ તરફ ગઈ અને તેઓના મધુર સ્વર કાને પડવા માંડયા. જો જાણ પડશે તો તેઓ કદાચ શરમાશે એવા હેતુથી પોતે એક વૃક્ષઘટાનો આશ્રય લીધો. જેમ જેમ તે અનુદાઓના સુસ્વર કાને પડતા ગયા તેમ તેમ તેની જીજ્ઞાસા વૃદ્ધિ પામતી ગઈ, અને મનમાં અનેક સંકલ્પ વિકલ્પ થવા માંડયા.

બાલ્યાવસ્થાથીજ જેણે નીતિનું જ્ઞાન સંપાદન કર્યું છે, સ્વધર્મ, સ્વદેશાભિમાન, અને જનહિતાર્થે જેણે તન મન અને ધનથી મદદ કરી છે, તેમજ સ્ત્રીઓની સ્થિતિ સુધરવા માટે એના જેવો વિચારવંત પુરૂષ અત્યાર સુધી કોઈ થયો નથી, કે જેણે ખરા અંતઃકરણથી કીર્તીઅભિલાષાને ન સ્વિકારતાં સ્ત્રી કેળવણી માટે યોગ્ય ગોઠવણ કરી હોય, તેમજ સ્વતંત્ર રહી સ્વતત્ર ઉપાયોની વૃદ્ધિ જેનાથી થઈ છે, થાય છે અને થશે, તેવો એક વિદ્વાન પુરૂષ તે આપણો ચંદ્રવદનજ હતો.

ચંદ્રપુરમાં જે કન્યાશાળા છે તેનો વાર્ષિક મ્હોત્સવ હોવાથી એ કન્યાશાળાની એક સભાના પ્રમુખે ચંદ્રવદનનું જ્ઞાન અને સ્ત્રી કેળવણી જેવા વિષયો ઉપર ચાલતી તેની તિવ્ર બુદ્ધિ આદી ગુણોની પ્રસશા સાંભળી હતી, તેથી તેને એક પત્ર લખીને આ અવસર ઉપર અત્રે આવવા સૂચવેલું હતું તેથી તે આવ્યો હતો.

બગીચામાં જ્યારથી તેણે ચંદ્રકળાને જોઇ છે ત્યારથી એનું ચિત્ત કેવલ તેનામા ગુંથાયું છે. તેણે ચંદ્રકળાને ઓળખી કહાડી. તારાગવરીએ જે છબી બતાવી હતી તે, અને પોતે ન્હાનપણમાં તેને પ્રતાપગઢમાં જોયલી તે ઉપરથી ચંદ્રકળા તે એજ છે એવી ખાત્રી થઈ. વળી તેણે જે કવિતામાં પોતાનુ દુઃખ સખીઓ પ્રત્યે નિવેદન કર્યું, તેમા તેણે તારાગવરી ઉપર પતિની શોધ માટે કિસનગઢ લખેલું તે વિષેનો પણ ઈસારો કર્યો હતો તેથી ચંદ્રવદનની વધારે ખાત્રી થઈ તારાગવરીએ કહેલી બધી હકીકત મળતી આવવા માંડી તેથી એજ પ્રેમમૂર્તી પ્રભુ કૃપાએ પોતાને પ્રાપ્ત થાય એવુંજ માત્ર તે ઈચ્છવા લાગ્યો

હવે આપણે ચંદ્રકળા વિષે વિચાર કરીએ. તે પોતાને ઘેર ગઈ, અને વાળુ કરી સૂવાનો વિચાર કરે છે એટલામાં ચાકરે આવીને કહ્યું કે "બ્હેન, બાપાજીએ કહ્યું છે કે—તમે બાગમાં ગયાં હતાં ત્યારનો આ કાગળ આવ્યો છે લ્યો," એમ કહી તે પત્ર આપીને ચાલ્યો ગયો ચંદ્રકળાએ ઉલ્લટથી તે પત્ર ઉકેલ્યો. જુવે છે તો માંહેથી એક સુન્દર ચિત્ર નીકળ્યું. આથી તે વિચારમાં પડી, પણ પત્ર વાંચ્યાથી ખુલાસો થશે એમ ધારી તેણે પત્ર વાંચવા માંડયો.

"મ્હારા પ્રાણ કરતાં વ્હાલી ચન્દ્રકળા.

"તું મને દોષ દેતી નહીં. મ્હારાથી તને પત્ર મોડો લખાયો તેનાં કારણોમાં તને મ્હારા ખુલાસા સાથે મોકલેલી છબીથી સંતોષ મળશે.

"આ પ્રતિમા કોની છે, અને તે મે કેવી રીતે તથા શું કામ મોકલી છે, તે વિષે મ્હારે તને પ્રથમ જણાવવું યોગ્ય છે.

"આ મનહર છબી કિસનગઢમાં રહેનાર એક વિદ્વાન, સુશિલ, જ્ઞાની તેમજ પરોપકારી પુરૂષ, કે જેની સાથે ત્હારો સબંધ થવ થી તને ઈચ્છેલું ફળ પ્રાપ્ત થશે એમ મેં ધારેલું છે, તેની છે. એ સદપુરૂષની અમારી કન્યાશાળા ઉપર દેખરેખ છે, તેમજ અહીંયાની નીતી ઉપદેશક, ધરમોપદેશક, સ્ત્રીજ્ઞાનવરધક અને સ્વદેશહિતવરધક જેવી મડળીઓનો મુખ્ય આધાર એજ માનવતા પુરૂષ ઉપર રહેલો છે. સ્ત્રી જ્ઞાનવરધક મડળીનો તે પ્રમુખ છે. એ પુરૂષનુ ચંદ્રવદન નામ ત્હારા નામને શોભાવે તેવુંજ છે. કિસનગઢ જેવા રળિયામણા શેહેરમાંના રહીશોમા એ મ્હોટું માન ધરાવે છે, અને રાજા કુમારપાળનો એ જમણો હાથ છે. અમારી કન્યાશાળામા તેની પ્રતિમા એક સુન્દર તકત માં મઢીને બીજા સદપુરૂષોનાં તકતાની સાથે મુકવામાં આવીછે. તેમાંથી આ ફક્ત તને જોવા માટેજ મોકલી છે, તેથી કૃપા કરી વળતા ટપાલમાંજ તે પાછી મોકલજે.

"મ્હારી ધારણા પ્રમાણે આજના સમયમાં તને આવો પતિ મળવો મુસ્કેલછે માટે મે તો મ્હારા મનથી નક્કિ કરેલું છે કે ઈશ્વર કૃપાથી ત્હારો સંબધ એની સાથેજ થશે.

"મેં ત્હારે માટે એ પુરૂષના મિત્ર, કે જે એના જેવાજ સદગુણી છે તેને જણાવેલું છે, તેમજ ત્હારી છબી પણ તેઓને મેં બતાવીછે ચંદ્રવદનના બોલવા પર થી ત્હારી છબી તેને પ્રિય લાગી હોય એમ લાગેછે; કારણ કે એક વેળા નિશાળમા મેં તેમને બતાવ્યા છતાં મ્હારી પાસે એક દિવસ તેણે પોતાના મિત્ર મ રફતે ફરીથી જોવા મંગાવી હતી.

"પ્રિય ચંદ્રકળા, ત્હારો સ્નેહ મને ત્હારો સબંધ જલદીથી કરાવવા પ્રેરે છે, તેમજ તને થતી પીડાથી મ્હારૂં મન જે બળ્યા કરે છે તે, આવા સદપુરૂષ સાથે તને સુખમાં જોઈનેજ સંતોષ પામશે.

"આ વિષે ત્હારી પોતાની ખાત્રી થયા પછી તું ત્હારા માત પિતાને સૂચવિશ માટે વળતે ટપાલેજ ત્હારો વિચાર જણાવજે.

"હું આરોગ્ય છુ અને ધારૂં છું કે તું પણ તેમજ હશે તહારાં માત પિતાને મ્હારૂ પ્રણામ કહેજે, "અને ત્હારી સખીઓને તેમજ છોટી ભાભીને મ્હારો વતી ઘણું કરીને બોલાવજે.

"મોકલેલી છબી વળતા ટપાલમાંજ પાછી મોકલવાને ચુકીશ નહીં

"કિસનગઢ, અષાઢ વદ પડવો શનીવાર } લા. તને સુખી જોવાને આતુર થઇ રહેલી તારાગવરીની આશિષ.

આ પત્ર વાંચી રહ્યા પછી ચંદ્રકળા પોતાના મન સાથે વિચાર કરે છે કે "આહા! આજ મને કેટલો આનંદ થાય છે ઓ મનહર પ્રતિમા, માત્ર ત્હારા દર્શનથીજ મને આટલો આનંદ થાય છે, તો જ્યારે હું તે પ્રેમમૂર્તીને પ્રત્યક્ષ જોઉં તો શું જ થાય! શું

એનું હાસ્ય વદન છે! હે સ્રષ્ટિ ઉત્પાદક, જગન્નિવાસ, હવે આ મ્હારી રંક બાલકીની તુજ પ્રત્યે માત્ર એજ યાચના છે કે એક સર્વગુણ સંપન્ન આવાજ પુરૂષ સાથે જોડીને મને સુખી કર. હવે આ છબી તો મ્હારે આવતીકાલે પાછી મોકલવી પડશે. પણ મ્હારી પ્રિય સખીઓને તે બતાવાય તો કેવું સરૂં. લાવની, અત્યારેજ ચાકરને મોકલી સુનંદા તથા વીરમતીને તેડાવીને બતલાવું." આ પ્રમાણે વિચાર કરીને સખીઓને તેડાવે છે. બન્ને આવે છે, અને તેને પત્ર વંચાડી છબી બતાવે છે. છબી જોઈને બન્ને જણીઓ અત્યાનંદ પામે છે. પછી કેટલીકવાર સૂધી અન્યો અન્ય વાતચીત કરીને પોતપોતાને ઘેર જાય છે, અને વિચારમાં ને વિચારમાં ચંદ્રકળા સુઈ જાય છે.

પ્રકરણ ૧૯મું.

લગનનો નિશ્ચય.

બીજે દિવસે એક પત્રની સાથે ચંદ્રકળાએ પેલી છબી તાશગવર્રી ઉપર મોકલી સાંજને વખતે પાછી પોતાની સખીઓ સાથે નિયમ પ્રમાણે પોતાના બગીચામાં ફરવા ગઇ.

આ વેળા ચંદ્રવદનની સ્થિતિ પણ સ્વસ્થ નથી. ચંદ્રકળાના પવિત્ર પ્રેમની અસર તેને પૂરેપૂરી થઇ છે. પ્રાત:કાળમાં ઉઠયો, પણ કંઈ ચ્હેન પડતું નથી. મધ્યાન સૂધીનો વખત તો તેણે કહાડયો, પણ પછી સાયંકાળે, બાગમાં જવાથી કદાચ તે કુમારીકાનાં ફરીથી દર્શન થાય એવા હેતુથી તે ત્યાં જવા નીકળ્યો. બાગમાં જેવો તેણે પ્રવેશ કર્યો તેવોજ ચંદ્રકળાએ તેને જોયો. તેના મનપર તરતજ વિચાર આવ્યો. તે પોતાની સખી પ્રત્યે બોલી ઉઠી કે "જો, જો, સખી, પેલા પુરૂષને. આપણે ગઈ કાલે જે છબી જોઇ હતી તેના જેવોજ આ પુરૂષ છે. શું તેની કાન્તિ છે! ધન્ય છે પ્રભુ, ત્હારી લીલાને! ગઈ કાલે તો મેં એની છબી જોઇ હતી, અને આજે તો સાક્ષાત તેનેજ જોઉં છું! પ્રિય સખી, એની ચિત્ત વૃતી સ્વસ્થ હોય એમ મને લાગતું નથી. તે બહાવરા જેવો આમ તેમ જોય છે! અરે, તે કંઇ બોલવાનું કરે છે. ચાલ, આ ઝાડને ઓથે થઇને તેની પછાડીની વૃક્ષઘટામાં સંતાઇએ, અને સાંભળીએ." આ પ્રમાણે કહી ત્રણે જણીઓ વૃક્ષઘટામાં સંતાઈ રહી?

ચંદ્રવદન એકલો પોતાના મન સાથે વિચાર કરવા લાગ્યો કે "અરે રેરે, હું એવો તે ભાગ્યશાળી કયાંથી કે તે કુમારિકાના મને આજે પાછાં દર્શન થાય! હે પરમાત્મા, મ્હારા ઉપર કૃપા કરી, તેના મને સત્વર દર્શ દે, કે જેથી હું કંઈ શાન્તિ પામું અરે, ગઇ કાલે તો પોતાની સખીઓ સાથે આ વેળા તે પોતાના દુઃખનું વર્ણન કરતી હતી; પણ આજે તે હજુ કેમ ના આવી! કંઇ કામમાં તો નહીં રોકાઈ હોય! પણ જયારે એમજ થાય ત્યારે મહારો ચિત્તની કેવી વલે થાય! ઓ તેજસ્વિતા એકવાર મને ફરીથી ત્હારૂં દર્શન દે જેથી આ મન જરા શાન્તિ પામે." આ પ્રમાણે વિચાર કરતો ખુરશી ઉપર બેઠો છે.

તેનું આ ભાષણ સાંભળી, ત્રણે સખીઓ આશ્ચર્ય પામી. તેઓએ જાણ્યું કે ગઇ કાલે બાગમાં બનેલો બનાવ એ પુરૂષ જોઈ ગયો છે. પછી ચંદ્રકળાએ પોતાની સખીને કહ્યું કે "પ્રિય સખી જેવી સ્થિતિ મહારીછે, તેવીજ એની પણ લાગે છે. તારાગવરીના લખવા પ્રમાણે તે સર્વ રીતે યોગ્ય હોય એમ લાગે છે. મ્હારી અભિલાષા એનાથીજ પૂર્ણ થશે, એવાં સૂચિન્હ મને દેખાય છે. વળી હું જયારે મ્હારે મોસાળ પ્રતાપગઢ ગઈ હતી ત્યારે મેં એજ પુરૂષને ત્યાં જોયો હતો. અરે મ્હારા ભાઇને એણેજ દવા કરીને આરામ કર્યો છે. આહા, હવે મને બધું યાદ આવે છે. અરે મ્હારા મામાએ એને જતી વેળા કેટલું બધું ઈનામ આપવા માંડેલું પણ તે લેતાં નવલેજાં પાણી ઉતર્યાં હતાં. પ્રિય સખી, એની પરોપકાર બુદ્ધિ માટે મને પણ ઘણું લાગે છે. એક માસ સુધી ત્યાંજ રહીને જાતે રોજ મારા ભાઈને દવા પાતા હતા અને તેનું શરીર ધોતા હતા! અરેરે, આવા વૈદ અને દાકતર કોણ થશે! પ્રિય સખી, જો તમને યોગ્ય લાગે તો તમો એને કંઇ પ્રશ્ન પૂછો." આ સાંભળીને બન્નો સખીઓ બ્હાર નીકળી, અને ચંદ્રવદનને પુછવા માંડયું:

"ક્ષમા કરજો. આપ ક્યાંના રહીશ છો તથા શા કારણથી આપનું અત્રે પધારવું થયું છે, તે અડચણ ન હોય તો જણાવશો?" વીરમતીએ પ્રશ્ન કીધો.

ધૈર્યતાથી, પણ પ્રસન્ન ચ્હેરે ચંદ્રવદને ઉત્તર વાળ્યો કે "મને જે પૂછ્યું તે મ્હારા ઉપર મોહટી કૃપા કરી. હું કિસનગઢનો

રહીશ છું. મ્હારૂં નામ ચંદ્રવદન છે. મ્હારૂં આ શેહેરમાં આવવવાનું કારણ તમે જાણુશોજ; પણ આ બગીચામાં આજે પાછા આવવાનું કારણ, જે પ્રેમમૂર્તીએ મને અત્રે આવવાની ફરજ પાડી છે, તેના ફરીને દર્શન કરવાના હેતુથી હું આવ્યો છું."

"તે પ્રેમમૂર્તી કહી, અને એ શું વિષય છે તેનો ખુલાસો કરવા જો આપને હરકત ન હોય તો કહેવાને કૃપા કરશો" સુનંદાએ શાન્ત પણે પુછ્યું.

ચંદ્રવદન બોલ્યો, કિસનગઢની કન્યાશાળામાં તારાગવરી કરીને એક સ્ત્રી શિક્ષક છે, તેણે મને આ શેહેરના એક સદ્‌ગૃહસ્થની પુત્રી નામે ચંદ્રકળાની પ્રતિમા બતાવી હતી, અને તેજ પ્રેમમૂર્તીને મેં ગઈ કાલે તમારી સાથે જોઈ હતી. આજે તેના ફરીને દર્શન થાય એવી આશામાં હું અત્રે આ યો છુ."

આ કથન સાંભળીને સુનંદાએ ચંદ્રકળાને સત્વર બ્હાર આવવા કહ્યું. અને તરતજ તે એક વિદ્યુતના ચમકાટ પેઠે કુન્જ લત્તામાંથી બ્હાર નીકળી આવી. થોડી વાર ચંદ્રવદન પણ બોલી શકયો નહીં, તેમજ તેનાથી પણ એક શબ્દોચ્ચાર થયો નહીં; પણ આખરે પોતાની સખીઓની સંમતીથી ચંદ્રકળા બોલી કે "મ્હારી પ્રિય તારાગવરીએ મ્હારે માટે નિર્માણ કરેલા આપજ છો એમ જાણી મ્હારા સર્વ મનોવિકારનો આજે સામટોજ પરાજય થયો છે. જો કે આપના ગુંણની કસોટી કરવાને મ્હારા પોતાનાથી હજુ બન્યું નથી, તોપણ મ્હારૂં હીત જાણનાર તારાગવરીનાથી આપને વિષે પૂર્ણ ખાતરી થઈ છે કે, આપ યોગ્ય અને પ્રીતિપાત્ર છો. મ્હારે માટે આપને થતા સંતાપની કથા મે. આજે ગુપ્ત રીતે સાંભળીછે તેજ મધુર વાંણી, અને પ્રતાપગઢમાં મ્હારા મામાને ત્યાં બતાવેલી અદ્‌ભૂત ચાલાકી, એ આપના ગુંણ દોષની પૂરી સાબીતી છે, એટલે હવે મને વધારે ખાતરી કરવા જેવું રહ્યું નથી. વિષેશ ખાતરીની જો અગત્ય હોય તો એપણ એક પ્રત્યક્ષ પ્રમાણ છે કે, આપ અચાનક પધાર્યા તે કંઇ ઈશ્વરનીજ પ્રેરણાથી, અને મ્હારેજ માટે!"

ચંદ્રવદન આ સાંભળીને ખુશી થયો. તે બોલ્યો કે "હે મધૂર ભાષિણી, જેમ મ્હારા ગુણની પરિક્ષા કરવાને તમને પ્રત્યક્ષ બન્યું નથી તેમજ મને પણ છે; પરંતુ તમારી જે પ્રતિમા મ્હારા

જોવામાં આવી તેણે મને તમારા વિષેની કેટલીક કલ્પના ઉત્પન્ન કરી, તેમજ તારાગવરી ઉપર પણ મને અને મ્હારા મિત્રોને પૂર્ણ વિશ્વાસ હતો, એટલે તેનું જે તમારે માટે બોલવું થએલું તેથી પણ મ્હારી ખાત્રી વધારે થઇ હતી તેમ છતાં ગઇ કાલે હું અત્રે આવ્યો અને તમને આ સ્થળે પ્રત્યક્ષ દીઠાં તેમજ તમારા કંઠમાંથી નીકળતી પધવાણી મેં સાંભળી, તેથી અધુરી રહેલી પૂર્ણ થઇ એટલે તમારા ગુંણુ અને જ્ઞાનની કસોટી પૂરતી રીતે થઈજ ચુકી છે. આજ લગભગ બાવીશ વર્ષની વય સુધી કુંવારા રહેવાનો મ્હારો હેતુ, ઈશ્વરેચ્છાથી (તમને અડચણ ન હોય તો) જો આપણો પવિત્ર સંબંધ થાય તો પાર પડયો એમ હું માનીશ. મ્હારા માતપિતાના વિચાર ઘણા સારા અને પુખ્ત હોવાને લીધે, તે અજ્ઞાની લોકોની પેઠે ગમે તેમ સંબંધ કરી દેવાને રાજી નહતાં. પણ તેમનો વિચાર પણ એવોજ હતો કે હું પુખ્ત વયનો થાઉં પછી માહારો મત લઇને એ કામ કરવું. અને તેથીજ તેણે અત્યાર સુધી મને કુંવારો રહેવા દીધો છે. સુજ્ઞ ચંદ્રકળા, હાલના વખતમાં બાળલગ્નથી હેરાન થતાં સ્ત્રી પુરૂષોનાં અસંખ્ય દાખલા દ્રષ્ટિએ પડે છે તેનું કારણ, યોગ્ય કેળવણીની અછતજ છે. મા બાપ જાતે કેળવાયલાં નથી હોતાં તો પછી તેઓ પોતાનાં બચ્ચાંને શી રીતે કેળવી શકે! અપૂર્ણ કેળવણીને લીધે લ્હાવો લેવા જેવા તુચ્છ વિચારોથી પોતાનાં બાલકોને તેની કાચી વયમાં જોડી દઇ તેનો આખો ભવ બગાડે છે. બાળલગ્ન ઉપર મને મૂળથીજ કંટાળો છે; બાળલગ્નથી થતાં દુખનો માહારા એક પડોશીને પૂરેપૂરો જાતી અનુભવ થયો છે. તે પુરૂષના દુઃખ સામું માહારાથી પણ જોવાતું નથી. તેની આખી જીંદગી માત્ર છુટીજ પડી છે, માટે હું પ્રભુ પાસે માગુંછું કે-મહારા દેશીઓમાંથી આવો અઘટિત રિવાજ નાશ પામે અને યોગ્ય સ્ત્રી પુરૂષોનાં જોડાં બધાઈ તેઓ સુખી થાય."

ચંદ્રકળાએ આ કથન સાંભળ્યું. તે ઘણી હર્ષિત થઈ. રહી સહી તેના શુદ્ધ પ્રેમની પરિક્ષા પણ કરી લીધી. પછી તે બોલી કે "સ્વદેશનું હિત જાણનાર, ધાર્મિક અને પરોપકારી ચંદ્રવદન, હું તે પરમકૃપાળુ નિયંતાની તેમજ મહારી બન્યો સખીઓની સમક્ષ મહારા મનથી નિશ્ચય કરૂંછું કે આપ શિવાય અન્ય પુરૂષ સાથે મ્હારે જોડાવવું નહીં. હવે માત્ર મ્હારાં માતપિતાને આ વાતની

ખબર કરાવીને તેમની આજ્ઞાનુસાર આપનાં સંબંધી તથા સદ્-મિત્રોને તેમજ મ્હારી પ્રિય તારાગવરી, કે જે મ્હારા સર્વ સુખનું મૂળ છે તે તથા મ્હારા મામા મામી આદીને તેડાવાને વીધિપુર્વક લગ્ન કરવાંજ બાકી રહેશે. હું આજે તારાગવરીને આ સર્વ વૃતાન્ત લખી, સત્વર આવવા જણાવીશ."

આ પ્રમાણે અન્યોઅન્ય વાતચિત કરીને ચંદ્રવદન પોતાને મુકામે ગયો. સઘળી બીના પોતાના મિત્રોને લખી, અને પોતાના માતપિતાને પણ આ હકીકત જણાવી, તેઓને સાથે લાવવા તેમજ બીજા સંબંધીઓને પણ તૈયાર રાખવા વાગરે ઘટિત લાગે તેમ ગોઠવણ કરવા જણાવ્યું.

પ્રકરણ ૨૦મું.

લગ્ન.

પ્રિય વાંચનાર, ચંદ્રપુરમાં જે કન્યાશાળા છે તેનો આજે વાર્ષીક મહોત્સવ છે. આવા પ્રસંગને લીધે ત્યાં ભારે ધામધુમ થઈ રહી છે. કન્યાશાળાનાં મકાન આગળ તોરણો અને નિશાનો ઘણાં સુન્દર લાગે છે. સાંજના પાંચ કલાકનો સમય છે. જમીન ઉપર આસપાસ છંટકાવ થઈ રહયો છે. પુષ્પવૃક્ષો નજીક હોવાથી પવનની સાથે મળીને આવતી સુવાસ મનુષ્યને આનંદ આપે છે. હજારો લોકો કન્યાશાળા તરફ જતા જણાય છે. ચંદ્રપુરમાંનાં શેઠીઆઓ વ્યાપારીઓ, કારભારી અને બીજા ઓધ્ધેદારો પણ આ સ્થળે આવ્યા છે ભીલાવડો થવાનો છે તે ઓરડો પુરૂષોથી ખીચોખીચ ભરાઈ ગયો છે. એક તરફ સુન્દર પોશાકમાં ન્હાની મ્હોટી બાળકીઓ બેઠેલી છે, અને તેની બીજી તરફ કેટલીએક સ્ત્રીઓ પણ છે. આ સ્ત્રીઓની બેશવાની ગોઠવણ ઘણી ઉતમ પ્રકારની છે—તેઓને કોઈ જોઈ શકતું નથી, પણ તેઓ આ મીલાવડો સારી રીતે જોઈ શકે છે. એક બાજુએ પ્રમૂખસ્થાને પ્રમૂખ બીરાજેલા છે, અને તેની પાસે આપણો ચંદ્રવદન પણ બેઠેલો છે. સભા ભરાઈ રહી અને સમય થયો. પ્રમૂખે વાર્ષીક હેવાલ વાંચી સંભળાવ્યા પછી કેટલુંએક ભાષણ કર્યું. પછી કન્યાઓને હાલમાં કેવા જ્ઞાનની જરૂર છે, ક્યા પ્રકારનું જ્ઞાન મળવાથી તેઓની સંસારી હાલતમાં સુધારો થાય, તેઓને માટે નવાંજ પુસ્તકોની અવશ્ય જરૂર છે. તેમજ બાળલગ્નથી થતા ગેરફાયદા અને સ્વતંત્રતાથી થતા લાભ

અને સ્વતંત્રના મેળવવાના ઇલાજો વિષે ચંદ્રવદને એક એવું અસરકારક ભાષણ કર્યું કે જેથી શ્રોતાજનોના મન ઉપર તેની અત્યંત અસર થઇ ગઈ. સભા ચિત્રની પેઠે સ્તબ્ધ થઇ રહી અને ચારે બાજુએથી શાબાશીના ધ્વની કાને પડવા લાગ્યા. ચંદ્રવદનનાં બોલણ ઉપર લોકોનું મન ઘણું ખેંચાયું તેમજ તેની દરેક સૂચના સ્તુતિપાત્ર છે અને તેમ થએથીજ લાભ થશે એવી દરેક સભાસદની ખાત્રી થઇ ગઇ. ચંદ્રવદનની વિદ્વતા અને તેના જ્ઞાનની પ્રશંસા દરેક સ્ત્રી પુરૂષો કરવા લાગ્યાં અને તેના દર્શાવ્યા પ્રમાણેનો ફેરફાર કરવાનો નિશ્ચય કરી સભા વિસર્જન થઇ.

આ સભાગાં શેહેરનાં આબરૂદાર ગ્રહસ્થોમાં ચંદ્રકળાના પિતા સુખલાલ પણ હતા. ચંદ્રવદનનાં અસરકારક ભાષણથી તેની વિદ્વતા ઉપરથી તેમ તેના ધાર્મિક વિચારો ઉપરથી સુખલાલને એટલી બધી અસર થઈ કે તેણે ઘેર આવીને આ સર્વ વૃતાન્ત પોતાની સ્ત્રીને કહ્યો અને પોતાની પુત્રી ચંદ્રકળાને માટે જો કોઈ એવો પુરૂષ મળે તોજ તેની સાથે લગ્ન કરવાનો નિશ્ચય કર્યો.

હવે આજે પ્રાતઃકાળનો રળિઆમણો સમય છે. સુર્યનાં આચ્છાં કિરણો પસરી રહ્યાં છે. પક્ષિઓ મનહર ગાયન કરી મનુષ્યનું મન આનંદિત કરી રહ્યાં છે. આકાશ નિર્મળ છે, અને વાયુ પણ પોતાની મંદગતીમાંજ છે. દેવાલયો પણ ઘંટનાદથી ગાજી રહ્યાં છે. વસ્ત્રાલંકાર ધારણ કરી નગરનાં સ્ત્રી પુરૂષો પણ માર્ગમાં આગથી તેમ જતાં દ્રષ્ટિએ પડે છે. આ વેળા ચંદ્રકળા પોતાની બારીએ બેઠી બેઠી માર્ગની શોભા જોયા કરે છે; તેવામાં તેણે પોતાના બારણા આગળ ગાડીમાંથી ઉતરતાં એક સ્ત્રીને દીઠી. જેવી આ સ્ત્રીને ચંદ્રકળાએ ઓળખી કે તરતજ હર્ષમાં ને હર્ષમાં ઉઠી અને નીચે ઉતરી. પોતાની પ્રિય તારાગવરીના આગમનથી તેને અત્યાનંદ પ્રાપ્ત થયો, અને મળી ભેટીને તેને પોતાના ઘરમાં તેડી ગઇ. ઘરનાં સર્વ ઘણાંજ આનંદ પામયાં.

હવે બપોરનાં પોતાના પુસ્તકાલયમાં ચંદ્રકળા તથા તારાગવરી જમ્યા પછી બેઠાંછે. તારાગવરીને સઘળી હકીકત અથથી તે ઈતી સૂધી ચંદ્રકળાએ માંડીનેકહી, પછી તારાગવરીએઆસર્વવૃતાન્ત તેની માતાને કહ્યો. કિસનગઢમાં પણજે બીના બની હતી તેથી પણ તેને વાકેફ કીધી. આથી મધુવતી ઘણી પ્રસન્ન થઈ. પોતાના પતિ

એ કન્યાશાળામાં આવેલા જે પુરૂષ વિષેનો વૃતાન્ત કહયો હતો તેજ પુરૂષ ચંદ્રવદન છે એમ જાણી તે અતિ હર્ષીત થઈ. તેણે પોતાના પતિને આ બીના જાહેર કરી, અને તારાગવરીએ પણ સુખલાલ પ્રત્યે કેટલોક ખુલાસો કર્યો. આથી સુખલાલ પોતાને ઘણોજ ભાગ્યશાળી માનવા લાગ્યો. માનવાનું કારણ યથાર્થ હતું. જે પુરૂષને તેણે કન્યાશાળામાં ભાષણ આપતાં જોયો અને જેના જ્ઞાનથી તે પ્રસન્ન થઈ રહયો હતો તેજ પુરૂષ પોતાની પુત્રીનો પતિ થાય એ કંઈ તેને મન ઓછા હર્ષની વાત નહીં હતી. તાત્કાળ ચંદ્રવદનને સુખલાલે તેડાવ્યો અને પછી તેના માતપિતા વિષે કેટલીક હકીકત પુછતાં ચંદ્રવદને પોતાનો સર્વ વૃતાન્ત કહી સંભળાવ્યો. સુખલાલનું મન આથી ઘણું પ્રસન્ન થયું. જુનું ઓળખાણ પણ નીકળ્યું, અને પોતાનીજ ન્યાતનો પણ ઘણે દુરનો—કેટલી પ્હેડીનો સંબંધ પણ માલમ પડયો. તેણે હવે શુભ મુહુર્ત જોઇ પોતાની પ્રિય પુત્રીને પરણાવવાનો નિશ્ચય કર્યો. અને પ્રતાપગઢ પત્ર લખી, પોતાનાં સગાં સંબંધીઓને તેડાવ્યાં. ચંદ્રકળાનો મામો મોતીલાલ પણ આવી પૂગ્યો. આ ચંદ્રવદનનું લગ્ન પોતાની ભાણેજ સાથે થતું જોઇને તેને કેટલો હર્ષ થયો હશે તે વિષે કહેવા કરતાં માત્ર આ કથાનું પાછલું ૯ મું પ્રકરણ જોયાથીજ ધ્યાનપર આવશે.

લગ્ન ક્રિયાને ચારેક દહાડા બાકી રહ્યા અને કિસનગઢથી ચંદ્રવદનનાં માતપિતા અને બીજાં સગાં તેમજ તેનાં પરમપ્રિય મિત્ર મદનલાલ અને છોટાલાલ તથા તેની સ્ત્રીઓ પ્રેમગવરી અને ચન્દનગવરી પણ અત્રે આવી પૂગ્યાં. આ હકીકતથી સર્વ કોઈ પ્રસન્ન થઈ રહ્યું.

આજે લગ્નનો દિવસ છે. ચંદ્રકળાએ જે બગીચામાં ચંદ્રવદન સાથે નિશ્ચય કર્યો હતો, તેજ બગીચો આજે લગ્ન મંડપનું સ્થળ થઈ રહયો છે. સુખલાલે લગ્નની સર્વ તૈયારી ત્યાંજ કરી છે. આ બગીચામાં એક ઉત્કૃષ્ટ મંડપ બાંધ્યો છે, અને તેની કારીગીરીમાં કશી પણ બાકી રહી નથી. સર્વ સ્થળ આનંદ આનંદ વર્તિ રહયોછે. સેંકડો વિદ્વાન સ્ત્રી પુરૂષોની વચમાં આ વિદ્વાન ચંદ્રકળા અને ચંદ્રવદનનું લગ્ન થાયછે તે જોઇ નગ્રવાસીજનો પણ હર્ષીત થયાં રહ્યા છે. આ પ્રમાણે વીધિપૂર્વક લગ્નક્રિયા શાન્તિમાં પૂર્ણ થઈ.

પ્રકરણ ૨૧મું.

સમાપ્તિ.

આનંદમાં લગ્નના આનંદની સમાપ્તિ થયા પછી શુભ દિવસ જોઈને ચંદ્રકળાને સાસરે વળાવવા માટે સુખલાલ તથા મધુવતીએ નિશ્ચય કર્યો, અને તે પ્રમાણે પોતાની વ્હાલી પુત્રીને સાસરે વળાવી.

ચંદ્રકળાને સાસરે વળાવતી વખતે તેનાં માતપિતા આદીનું હૈયું ભરાઇ આવ્યું. આટલા વખતમાં જેણે શેહેરનાં દરવાજા બહાર પણ પગ મૂકેલો નથી એવી પોતાની પ્રિય ચંદ્રકળાને પોતાની પાસેથી—અરે શેહેરમાંથી ખસેડતાં મધુવતીનું મન ઝાલ્યું રહ્યું નહીં. આંખમાંથી દડદડ આંસુ નિકળવા માડયાં. પુત્રી વિયોગનું દુ:ખ કઠણ થઈ પડયું. આંખમાંથી વ્હેતે આંસુએ તે છેલ્લે બોલી કે "વ્હાલી દીકરી, જેમ તું સુખી થાય છે, તેથી મને હર્ષ થાય છે તેમજ તને વદાય કરતાં મ્હારો પ્રાણ જાય છે. દીકરી, પત્ર લખતી રહેજે અને વ્હેલી વ્હેલી પાછી વળજે." તેના પિતાની પણ મુખમુદ્રા ફીકી પડી ગઇ. ચંદ્રકળાની પ્રિય સખીઓ તો એક બાજુ ઉપર ઉભી ઉભી રોયાજ કરતી હતી. ચંદ્રકળાએ ધીરજથી તેને ઘણો દીલાસો આપેલો પણ તેના મનમાં રહી રહીને વિયોગનું દુ:ખ સાલી આવતું હતું. વાંચનાર, આ પ્રસંગનું વધારે વિવેચન કરતાં હૃદય ભરાઇ આવે છે, માટે હવે ટુંકામાંજ એ વિષેની સમાપ્તિ કરવી યોગ્ય કે છે—આનંદ અને ખેદ મિશ્રિત હૃદયે ચંદ્રકળાને સાસરે વળાવી.

ચંદ્રકળા અને ચંદ્રવદન સહીત સર્વ કિસનગઢ આવી પૂગ્યાં. હરિવદન અને હસમુખના આનંદની પણ કંઈજ સીમા ન રહી, અને આ જોડાંને જોઈને તેઓ પોતાને કૃતાર્થ થયા, એમ માનવા લાગ્યા. સર્વ સગાં સંબંધીઓ ,પણ આથી હર્ષિત થઇ ગયાં.

ચંદ્રકળાએ હવે પોતાના ઘરનું સર્વ કામકાજ ઉપાડી લીધું, અને સાસુને ઘરનાં કામથી મુક્ત કરી. પોતાના સર્વ સંબંધી સાથે ઐક્યતાથી વર્તવા લાગી. એની નમ્રતા અને મિઠાશથી ઘરનાં

સર્વ કોઈ એને વશ થઈ ગયા. નીતિ અને નિયમના શસ્ત્ર વડે તે પોતાને સર્વદા નિર્ભય માનવા લાગી. પાડપડોશીઓની મમતા પણ એ બાઈ ઉપર એટલી વધી પડી કે તેઓને એની પાસથી ખસવું પણ ભાગ્યેજ ગમતું હતું. અવકાશની વેળામાં તે ચંદ્રવદનનાં પુસ્તકાલયનોજ લાભ લેતી હતી. અને પોતાની પાસ કોઈ પણ સ્ત્રી આવીને બેસતી તો તેને નીતિનો બોધ મધુર વચને એવી રીતે આપતી કે શ્રવણ કરનારનું હૃદય ભેદાઈ જતું હતું, અને નિરંતર એનીજ સુચનાને અનુસરીને ચાલવાનું સ્વાભાવિક રીતે મન થતું હતું. ચંદ્રકળાના આવા સદ્‌ગુણોએ ઘણાં કુટુંબના કલહનો જડમૂળથી નાશ કર્યો. ટુંકામાં કહીએ તો ચંદ્રકળાના સમ પ્રેમભાવે તેને એક પૂજ્ય દેવીના રૂપમાં લાવી મૂકી.

આ યુગ્મની યુવાવસ્થા પ્રકાશિત થઇ. ન્હાના પ્રકારનાં હાસ્ય વિનોદમાં અન્યોઅન્ય વૈભવ ભોગવવા લાગ્યાં અને ચંદ્રવદને યુવાવસ્થાનો લાભ પૂર્ણ પ્રેમથી લેવા માંડયો. તેઓ આનંદ સાગરમાં ગરક થઇ ગયા કોઈ પણ પ્રકારની ચિંતા તેઓમાં રહી નથી. પ્રસંગે ચંદ્રવદનનાં મિત્રો તથા તેની સ્ત્રીઓ પણ ત્યાં આવી તેના આનંદમાં વૃદ્ધિ કરતાં. જે વેળા ત્રણે સખીઓ પોતાના મધુર આલાપથી સૂસ્વર કવીતા ગાતાં હતાં તે વેળા ત્રણે મિત્રોનાં મન પ્રસન્ન થઈ રહેતાં. જેને કાને આ મૃગાક્ષિઓના મધુર સ્વર એકવાર પડયા હશે, તેઓ એનાં મોહપાશમાંથી ભાગ્યેજ બચેલા.

આવી રીતનાં આનંદમાં બે વર્ષ વિત્યાં. દંપતી યથાર્થ સુખથી તૃપ્ત થયાં. યુવાવસ્થાના મદોનમત હાથ્થી ઉપર વિચારનું અંકૂશ મુક્યું. અને સર્વ ભોગવિલાસની હદ બાંધી. ગૃહસ્થાશ્રમનાં ધર્મ ઉપર તેઓએ પૂર્ણ લક્ષ દેવા માંડયું. ચંદ્રકળા જેમ વિદ્યામાં કુશળ હતી તેમજ પાકશાસ્ત્રનું જ્ઞાન પણ તેણે ઉત્તમ પ્રકારે મેળવ્યું હતું. તેને જે કેળવણી મળી હતી તે ઉપરથી આપણે ટુંકામાંજ કહીશું કે સ્ત્રીઓમાં જે જે ગુણોની જરૂર છે તે તે ગુણો આ ચંદ્રકળામાં વિદ્દ્યુતની પેઠે ઝળકી રહ્યા હતા.

હવે ચંદ્રવદનની પ્રખ્યાતીમાં પણ કંઈ બાકી રહી નથી. મ્હોટી વયમાં યોગ્ય જોડ શોધીને ચંદ્રવદન પરણ્યો તેથી કિસનગઢના સર્વ વિદ્વાન મંડળમાં તેને ઘણું માન મળ્યું. પોતાના દેશની સ્થિતિ સુધારવા માટે તે તન મન અને ધનથી મદદ ક-

રવામાં પાછળ પડતો નહીં. અને કીર્તિ અભિલાષાનો અંતઃકરણથી કટ્ટો શત્રુ થઈનેજ દરેક કામ કરતો હતો.

જોકે કિસનગઢમાં નાનાં પ્રકારની મંડળીઓ, શાળાઓ અને હુન્નરશાળાઓ હતી, તોપણ તેમાં પુસ્તકાલયની ઘણીજ જરૂર હતી. આ ખોટ ચંદ્રવદને પુરી પાડી. તેણે પોતાના ખર્ચથી શેહેરના મધ્યભાગમાં એક સુશોભિત મકાન બંધાવ્યું અને તેમાં ઘણાં પુસ્તકોનો સંગ્રહ કરી કિસનગઢના વતનીઓને સ્વાધિન કર્યું. શેહેરનાં લોકોએ આ પુસ્તકાલયનું નામ "ચંદ્રવદન પુસ્તકાલય" પાડયું, અને તેનો ઉપયોગ યોગ્ય રીતે થવા લાગ્યો. આવી સખાવતો પોતાના દેશના કલ્યાણાર્થે ચંદ્રવદને ઘણી કરી.

એક દિવસ ચંદ્રકળા અને ચંદ્રવદન પોતાના હિંદોળાપર બેઠા હતાં, તે વેળા પ્રસંગોપાત ચંદ્રકળાએ કહ્યું કે "પ્રિય પ્રાણનાથ, આપણા શેહેરમાં હજુ એક કન્યાશાળાની ખોટ છે. બાળકીઓનો વધારો થવાથી, એક કન્યાશાળા પૂરી પડી શકતી નથી, માટે જો એક બીજી થાય તો સારૂં." આ વાત ચંદ્રવદનના મન ઉપર ઠસી ગઈ, તેણે પ્રસન્ન મૂખે કહ્યું કે "તમારૂં કેહવું યથાર્થ છે. તમો તમારી જાતીના કલ્યાણાર્થે જે કંઇ વિચાર કરશો, તે પાર પાડવામાં અમે પાછળ પડવાના નથી. હુ એ વિષેનો વિચાર કરીને ગોઠવણ કરીશ."

આ પ્રમાણે કહ્યા પછી એક દિવસ તેણે પોતાના મિત્રમંડળમાં આ વાત કહાડી અને પછી પોતે એક મકાન તૈયાર કીધું. પ્રદેશથી એક વિદ્વાન સ્ત્રી બોલાવી તે નિશાળનું કામ તેને સ્વાધિન કર્યું. આ મકાન માટે ચંદ્રવદને ત્રણ હજાર રૂપીઆ કહાડયા હતા, તેમજ એના મિત્રોએ પણ સારી મદદ કરી અને તેના વ્યાજમાંથી એ કન્યાશાળાનો ખર્ચ સારી રીતે ચાલવા લાગ્યો. કન્યાશાળાનું નામ "ચંદ્રકળા કન્યાશાળા" પડયું. અસંખ્ય બાળકીઓ અભ્યાસ કરીને આશિર્વાદ દેતી હતી તે ચંદ્રવદનની સખાવત અને પરોપકારબુદ્ધિનેજ. કન્યાશાળાઓ ઉપર ચંદ્રકળાની દેખરેખ તથા આવજા સારી હતી. તે અંતઃકરણથી ચ્હાતી હતી કે-જેમ બને તેમ સ્ત્રી કેળવણીનો યોગ્ય રીતે વધારો કરવો, અને તેઓને સુખી કરવી. તે વારંવાર પોતાની પ્રિય સખી ચંદનગવરી તથા ગો-

મગવરીની સાથે કન્યાશાળાઓમાં જઈને બાળકીઓનો અભ્યાસ તપાસતી, તેઓને સારાં સારાં ઈનામો આપતી, અને સ્વધર્મ તથા નીતિનો ઉપદેશ પણ સારી રીતે કરતી હતી. આથી ચંદ્રકળાનું નામ પણ સ્ત્રી વર્ગને દીપાવે એવું થઈ પડ્યું. કિશનગઢમાં તેની સદ્વાર્તા ચાલવા લાગી, અને લોકો આ ધાર્મિક, પરોપકારી તથા વિદ્વાન જોડાની આબાદી ઇશ્વર પાસે માગવા લાગ્યા; કેમકે તેઓની સ્વતંત્રતા, વિદ્યા, કળાકૌશલ્યતા, ઐક્યતા અને સુખનું મૂળ જે જ્ઞાન અને સંપ તેનું પગથીયું આ પરોપકારી ચંદ્રવદનથીજ ચણાયું હતું.

પ્રથમ ભાગ પૂર્ણ.

ચન્દ્રવદન અને ચન્દ્રકળા.

"આ પુસ્તક નીચેને ઠેકાણેથી મળશે.

મુંબાઈ — શેઠ દામોદર રતનસી સોમાણી, કાલબાદેવીરોડ.
" બુકસેલર જયેષ્ટારામ મુકુંદજી, કાલબાદેવી રોડ.
" શા. પરસોતમદાસ કરસનદાસ, ભુલેશ્વર આગળ ભાગાભાઈની ચાલમાં, લાઈબ્રેરીની પછાડી.

સુરત — એમ. જે. પોસ્ટવાળા, રબરસ્ટામ્પ મેકર નાણાવટ.
" ગુલાબદાસ દયારામ મેહેતા "પદમણી" પ્રસિદ્ધ કરનાર ઠે. નાણાવટ.
" એમ. એમ. દેસાઈની કંપની, કણપીઠ બજાર.
" આર. એફ. એમ. રબરસ્ટાપ કંપની, ન્હાનપૂરા.
" નુરભાઈ જાફરજી સુજાત. ઝાંપા બજાર
" શા. ચુનીલાલ હરકીશનદાસ કોમીડોર. દેશાઈપોળ.

ભરૂચ — શા. માણેકલાલ છગનલદાશ પાડાપોળ; ખબુતરખાના આગળ, લલુભાઈના ચકલા પાસે.

વડોદરા — શા. મગનલાલ સૂર્યરામ દેસાઈ, ન્હાનાબાજવાડામાં. બાબાવૈદની સામે.

સામટી લેનારે કમીશન માટે પત્રથી પુછવુ, એટલે તે વિષેનો ખુલાસો જણાવવામાં આવશે.

માસિક અજબ ચોપાનિઉ	માસિક ખોદામદા ચોપાનિઉ.
લવાજમ વરસે રૂ ૧॥	રૂ ૦॥ ટપાલ સુદ્ધાં.

આ માસિકોમાં વાર્તાઓ નશિયત, નિબંધો ગાયણો, વિદ્યા અને વૈદક વિષયો, રમુજી ટુચકાઓ, તથા તરેહવાર જ્ઞાન સાથ ગમ્મત આપે એવા સંસકૃત શ્લોકોના ગુજરાતી અર્થ સાથે સમજાવવામા આવે છે તે ઉપરાંત ફુરસદને વખતે ગમ્મત પડે એવી ઇનામની બાજીઓ વગેરે બન્નેમાં નીજ ગાપદો મુકવામાં આવે છે.

એમ. જે. પોસ્ટવાલા, રબરસ્ટેમ્પ મેકર નાણાવટ, સુરત.